Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 31 July, 2020 Vol. 16, No. 31 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ભારતમાં ૨ દિવસમાં કોરોનાનાં ૧ લાખ કેસ

## ૪૮ કલાકમાં ૧૫૪૫ દર્દીઓએ દમ તોડ્યો, કુલ કેસનો આંકડો ૧૬ લાખને પાર

નવી દિલ્હી : ભારતમાં કોરોના વાયરસની સ્પીડ દિવસે-દિવસે વધી રહી છે. આંકડાઓ પ્રમાણે દેશમાં ૨ દિવસમાં લગભગ ૧ લાખ કોરોના કેસ સામે આવી રહ્યા છે. ગુરુવારે કોરોના વાયરસના કુલ કેસોની સંખ્યા વધીને ૧૬ લાખને પાર પહોંચી ગઈ. બીજી તરફ સંક્રમણથી મૃત્યુ પામાનાઓની સંખ્યા પણ વધીને ૩૫, ૧૩૪ થઈ ગઈ છે. ભારતમાં વાયરસના કુલ દર્દીઓની સંખ્યા ૧૬,૦૧,૦૭૦ થઈ ગઈ છે જ્યારે મૃતકોની સંખ્યા ૩૫,૧૩૪ થઈ ગઈ છે. આ ઘાતક વાયરસથી અત્યાર સુધી ૧૦,૨૯,૦૬૯ લોકો સ્વસ્થ થઈ ચૂક્યા છે. કોરોના સંક્રમણના કેસોમાં મહારાષ્ટ્ર દેશમાં ટોચના સ્થાને છે. જ્યારે બીજા સ્થાને તમિલનાડુ અને ત્રીજા સ્થાને રાજધાની દિલ્હી છે. સાયન્સ એન્ડ ટેક્નોલૉજી મંત્રી હર્ષવર્ધને ગુરુવારે કહ્યું કે, દેશમાં કોવિડ-૧૯ના આશરે રોજ ૫ લાખ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે અને આગામી બે દિવસોમાં તે બમણો થઈ જશે. કોવિડ-૧૯ સામે લડાઈ માટે ઝજૈંઈની ટેક્નોલૉજી પર એક સંગ્રહ રજૂ કરતા હર્ષવર્ધને કહ્યું કે, દેશમાં સ્વસ્થ થવાનો રેટ ૬૪ ટકાથી વધુ છે અને મૃત્યુદર ૨.૨ ટકા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ વાયરસથી નિપટવામાં મેડિકલની સાથે-સાથે વૈજ્ઞાનિક સમુદાયની પણ પ્રશંસા કરી હતી. મંત્રીએ કહ્યું કે, ૭ મહિના પહેલા દેશમાં વેન્ટિલેટર આયાત કરવા પડતા હતા પણ હવે ત્રણ લાખ વેન્ટિલેટરની ક્ષમતા તૈયાર થઈ ગઈ છે. તેમણે કહ્યું, 'હવે મોટાભાગના વેન્ટિલેટર દેશની અંદર જ બનાવવામાં આવી રહ્યા છે. ભારત આશરે ૧૫૦ દેશોને હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવાની સપ્લાઈ કરી રહ્યું છે.' કેન્દ્રીય આરોગ્ય પ્રધાને કહ્યું કે, એપ્રિલમાં અમે રોજ ૬૦૦૦ ટેસ્ટ કરી રહ્યા હતા. આજે દરરોજ પાંચ લાખથી વધુની તપાસ થઈ રહી છે. આગામી થોડા સમયમાં રોજના ૧૦ લાખ ટેસ્ટ કરવાનું અમારું પ્લાનિંગ છે અને અમે આ દિશામાં કામ કરી રહ્યા છીએ.

તેમણે કહ્યું કે, એક સમય હતો જ્યારે દેશની અંદર આવશ્યકતાઓને પૂરી કરવા માટે કોવિડ-૧૯ સંબંધિત નિકાસને રોકી દેવામાં આવી. જોકે, શુક્રવારે મંત્રી સમૂહની બેઠકમાં તેના પર પ્રેઝન્ટેશન આપવામાં આવશે કે, નિકાસ ફરી ખોલવા માટે શું પગલાં લઈ શકાય છે.

| | | |
|---|---|---|
| અમેરિકા | 45,70,125 | કેસ |
| બ્રાઝિલ | 25,55,518 | કેસ |
| ભારત | 16,01,070 | કેસ |



### સાજા થવાનો દર ૬૪%થી વધુ, હર્ડ ઇમ્યુનિટી વિકલ્પ નહીં : કેન્દ્ર

કેન્દ્ર સરાકારે કોરોના વાયરસ સંક્રમણ પર ગુરૂવારે કહ્યું કે દર્દીઓનાં સાજા થવાની સંખ્યા પણ સતત વધી રહી છે, આરોગ્ય મંત્રાલયનાં જણાવ્યા પ્રમાણે કોરોના વાયરસને લઇને યોજેલી પ્રેસ કોન્ફરન્સ કરતા કહ્યું સાજા થવાનો દર એક સકારાત્મક ટ્રેન્ડ દર્શાવે છે, એપ્રિલમાં આ દર ૭.૮૫% હતો, જે વધીને હવે ૬૪.૪% થયો છે. મંત્રાલયનાં સચિવ રાજેશ ભુષણે જણાવ્યું કે ૧૬ રાજ્યોમાં દર્દીઓનાં સાજા થવાનો દર રાષ્ટ્રિય દરથી વધુ છે, આ દર દિલ્હીમાં ૮૮% લદ્દાખમાં ૮૦% હરિયાણામાં ૭૮%, તેલંગાણાંમાં ૭૪%, તમિલનાડુમાં અને ગુજરાતમાં ૭૩% છે. તે ઉપરાંત રાજસ્થાનમાં ૭૦%, મધ્યપ્રદેશમાં ૬૯% અને ગોવામાં ૬૮% દર્દીઓ કોરોનાથી સાજા થયા છે. રાજેશ ભુષણે કહ્યું ભારત જેવા વધુ વસ્તી ધરાવતા દેશમાં હર્ડ ઇમ્યુનિટી કોઇ રણનૈતિક વિકલ્પ ન હોઇ શકે, આનાથી માત્ર રસીથી જ સાજા થઇ શકાય, આરોગ્ય મંત્રાલયનું માનવું છે કે ભવિષ્યમાં હર્ડ ઇમ્યુનિટી વિકલ્પ બની શકે છે. પરંતું હાલ તો કોરોના વાયરસ વિરૂધ્ધ અન્ય જરૂરી વિકલ્પો પર કામ કરવું પડશે.

## ચીની સરહદે ભારત વધારાના ૩૫,૦૦૦ સૈનિક તહેનાત કરશે

નવી દિલ્હી : ચીન સાથે વધી રહેલો તણાવ ઘટવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી તેથી ભારત ચીન સાથેની એલએસી પર વધારાના ૩૫,૦૦૦ જવાન તહેનાત કરશે. મીડિયા સાથે વાત નહીં કરી શકતા હોવાના નિયમનો હવાલો આપી નામ નહીં આપવાની શરતે ભારત સરકારના સિનિયર અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૩,૪૮૮ કિલોમીટર લાંબી લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ પર વધારાના ૩૫,૦૦૦ જવાનો તહેનાત કરવાથી ચીન સામે પ્રવર્તી રહેલા તણાવમાં યથાસ્થિતિ બદલાઈ જશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૧૫મી જૂનના રોજ ગાલવાન ઘાટીમાં બંને દેશના સૈનિકો વચ્ચે સર્જાયેલી હિંસક અથડામણમાં ભારતના ૨૦ જવાન શહીદ થયાં હતાં અને મોટી સંખ્યામાં ચીની સૈનિકો પણ માર્યા ગયાં હતાં. જેના પગલે બંને દેશે લદ્દાખમાં સંઘર્ષના સંભવિત સ્થળો ખાતે હજારો સૈનિકો, આર્ટિલરી ગન અને ટેન્ક ઉપરાંત એરફોર્સ તહેનાત કરી દીધાં છે. ત્યારબાદ યોજાયેલી કમાન્ડર સ્તરની બેઠકોમાં સધાયેલી સમજૂતીનું ચીન દ્વારા પાલન કરાઈ રહ્યું નથી તેથી ભારતે એલએસી પર વધારાના દળ તહેનાત કરવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

EID AL-ADHA MUBARAK
કેનેડામાં વસતા મુસ્લિમ બિરદારોને
'સ્વદેશ પરિવાર' તરફથી
ઈદ-ઉલ-અદહા પર્વની હાર્દિક શુભકામના

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કોરોનાની ગતિ મંદ: ૧૪૭ સંક્રમિત, ૬ના મોત

**ગુરુવારે આખા દિવસ દરમિયાન ક્યૂબેકમાં સૌથી વધુ ૧૨૨ દર્દી મળ્યાં, દેશમાં ૬૦૬૪ કેસ હજી પણ એક્ટિવ, કુલ મરણાંક ૮૯૨૩**




ઓન્ટેરિયો : અમેરિકા, ભારત સહિતના દેશમાં કહેર મચાવી રહેલા કોરોના વાયરસની કેનેડામાં ગતિ ધીમી પડી છે. ગરુવારે સાંજ સુધીના વીતેલા ૨૪ કલાકમાં આખા દેશમાં માત્ર ૧૪૭ કોરોના પોઝિટિવ દર્દી મળ્યા હતા. જયારે આ જ સમયગાળામાં કુલ ૬ વ્યક્તિના કોરોના વાયરસથી સંક્રમિત થવાને કારણે મોત થયા હતા.

કેનેડામાં ગુરુવારે નોંધાયેલા ૧૪૭ કેસ સાથે કુલ દર્દીઓનો આંકડો ૧,૧૫,૬૧૭ થઈ ગયો હતો. જયારે અત્યાર સુધીમાં ૧,૦૦,૬૩૦ લોકો સાજા થતાં તે તમામને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હતી. આરોગ્ય વિભાગના સુત્રોના જણાવ્યા પ્રમાણે સમગ્ર કેનેડામાં હજી પણ ૬૦૬૪ કેસ એક્ટિવ છે. જયારે વિવિધ શહેરોની હોસ્પિટલમાં કોવિડ-૧૯ની સારવાર લઈ રહેલાં ૨૨૩૭ દર્દીઓની હાલત હજી પણ અત્યંત ગંભીર છે. અત્યાર સુધીમાં આખા દેશમાં મેડિકલ તથા આરોગ્યની ટીમ દ્વારા ૩૮,૯૯,૧૯૨ નાગરિકોના સેમ્પલો લઈને તેની કોવિડ-૧૯ અંગેની ચકાસણી કરાઈ ચુકી છે. જે પૈકી ૧,૧૫,૬૧૭ સેમ્પલ કોરોના પોઝિટિવ મળ્યા છે.

ગુરુવારે સાંજે પ્રાપ્ત થયેલી વિગતો મુજબ ક્યૂબેકમાં ૧૨૨ કોરોનાના કેસ મળ્યા હતા. જયાં એક દિવસ પહેલાં એટલે કે, બુધવારે ૧૭૩ કેર કોરોના પોઝિટિવ નોંધાયા હતા. આ ઉપરાંત ઓન્ટેરિયોમાં વધુ ૮૯ અને મેનીટોબામાં વધુ બે દર્દી કોરોનાથી સંક્રમિત હોવાની પૃષ્ટિ કરવામાં આવી હતી.

### ઓન્ટેરિયોમાં કોરોના વાયરસની સ્થિતિ

| | |
|---|---|
| કુલ કેસ | : ૩૯,૦૭૫ |
| એક્ટિવ કેસ | : ૧૩૯૭ |
| રિકવર | : ૩૪,૯૦૬ |
| મરણાંક | : ૨૭૭૨ |

# રોગચાળા દરમિયાન ઓનલાઈન શોપિંગમાં ૯૯ ટકાનો વધારો



**ફેબ્રુઆરીથી મે માસ દરમિયાન કુલ રીટેલ વેચાણમાં ૧૭.૯ ટકાનો ઘટાડો નોંધાયો**

ઓન્ટેરિયો : કોવિડ -૧૯ના પ્રસારને અટકાવવાના હેતુથી લદાયેલા પ્રતિબંધોને કારણે કેનેડીયન ઉપભોકતાઓ ઓનલાઈન શોપિંગ તરફ વધુ વળ્યા હોવાનો ઉલ્લેખ સ્ટેસ્ટીકસ કેનેડાએ પોતાના અહેવાલમાં કર્યો હતો. એજન્સીના નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કુલ રીટેલ વેચાણમાં ૧૭.૯ ટકાનો ઘટાડો ફેબ્રુઆરીથી મે માસ દરમિયાન નોંધાયો હતો. કેમ કે, એ દરમિયાન બધા મોટા સ્ટોર્સ બંધ રહ્યા હતા.

જો કે, ગ્રાહકોએ પોતાની જરૂરીયાતો પુરી કરવા ઓનલાઈન શોપિંગનો સહારો લીધો હતો. જેને કારણે એ સમયગાળામાં વેચાણમાં ૯૯.૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો. સ્ટેટેસ્ટીકસ કેનેડા કહે છે કે, ઈ કોમર્સના વેચાણે માત્ર મે માસમાં ૩.૯ બિલીયન યુએસ ડોલરનો આંક વટાવ્યો હતો. જે એપ્રિલના પ્રમાણમાં ૨.૩ ટકા વધુ હતો અને ફેબ્રુઆરીની સરખામણીમાં એ ૯૯.૩ ટકા વધુ હતો. અહેવાલમાં એમ પણ જણાવાયું હતું કે ઈ કોમર્સના વેચાણમાં દર વર્ષે બમણો વધારો થતો રહયો છે. જે મે ૨૦૧૯ની સરખામણીમાં ૧૧૦.૮ ટકા વધુ છે. વેન્કુંવરના કેપીએમજીના કન્ઝયુમર એન્ડ રીટેલ પ્રેકટીસના વડા અને અગ્રણી ઉદ્યોગકાર કોસ્ટયા પોલયાકોવ કહે છે કે, ઈ કોમર્સથી ખરીદી કરવી અને સ્ટોરમાં જઈને ખરીદી કરવી એ બંને વચ્ચેનો તફાવત ભુલાઈ ગયો છે. છતાં એ અહેવાલમાં જણાવ્યા મુજબ કાયમી રહેશે એવું માની ન શકાય. તેમણે એમ પણ કહ્યું કે, તે હંમેશા દેશના રીટેલર્સના સંપર્કમાં રહે છે અને એવું માને છે કે, સ્થિતિ સામાન્ય થતાં જ લોકો ફરીથી સ્ટોરમાં જઈને ખરીદી કરતા થઈ જશે. સ્ટેટેસ્ટીકસ કેનેડાના અહેવાલમાં રીટેલના બધા ૧૧ વિભાગોના આંકડાઓને ઈ- કોમર્સ સાથે સરખાવ્યા બાદ જ વેચાણ વધ્યાના આંકડા આપવામાં આવ્યા છે.






# લોકડાઉન બાદ કોન્ડો હાઉસિંગનું ચલણ ઘટ્યું: સ્ટેટેસ્ટીકસનું તારણ

- વર્ક ફ્રોમ હોમનું ચલણ વધતા કોન્ડો ભાડે લેનારા ઘટી ગયા, મકાન ખરીદનારાઓનો ઝુકાવ શહેરથી દૂરના સ્થળે



ટોરન્ટો : શું હાઈ રાઈઝ કોન્ડોનો સુવર્ણયુગ પાછળ છૂટી રહયો છે ? સ્ટેસ્ટીકસ કેનેડા આ બાબતે તો એવું જ માને છે. એજન્સીના આ અઠવાડિયે આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, કોવિડ -૧૯ બાદના સમયમાં વર્ક ફોર્મ હોમનું ચલણ વધતું હોવાથી ટૂંકાગાળા માટે કોન્ડો ભાડે લેનારાઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. લાંબે ગાળે એના કારણે કોન્ડોની માગમાં ઘટાડો થઈ શકે છે, એવી આગાહી પણ એજન્સીએ કરી છે.

સ્ટેટકેને આ અઠવાડિયે કહ્યું હતું કે, વર્ક ફ્રોમ હોમનું પ્રચલન વધતું હોવાથી મોટા લીવીંગ રૂમની જરૂર ઉભી થઈ છે. જે કોન્ડો એપાર્ટમેન્ટસમાં શકય નથી. પરંતુ સિંગલ ફેમિલી હોમમાં એ મળી શકે છે અને એટલે જ લોકોનો ઝુકાવ કોન્ડો તરફથી હટીને સિંગલ - ફેમિલી હોમ તરફ વધી રહયો છે.

આ વાતને ધ્યાનમાં રાખીને બિલ્ડરો પણ હવે ગ્રાહકોને તેમની ડીઝાઈનમાં વધારાની ઓફિસ માટેની જગ્યા આપવાની ઓફર કરી શકે છે. આ અઠવાડિયે બહાર પડેલા અંદાજ મુજબ ટોરન્ટો, મોન્ટ્રીયલ અને વેન્કુંવર જેવા દેશના મોટા હાઉસિંગ માર્કેટમાં કોન્ડોની સ્થિતિ વધુ નાજુક બની શકે છે. કોરોના મહામારી શરૂ થઈ એ પહેલા ટોરન્ટોમાંથી મધ્યમવર્ગના પરીવારો આસપાસના શહેરોમાં હિજરત કરતા હતા. આ બાબત ઈમિગ્રન્ટસની વસતીને કારણે ઢંકાઈ જતી હતી. પરંતુ હવે જયારે ઈમિગ્રન્ટસની સંખ્યા ઘટી રહી છે ત્યારે કોન્ડોના ભાવોમાં પણ મોટો ઘટાડો લાંબા ગાળે જોવા મળી શકે છે, એમ પણ એજન્સીએ જણાવ્યું હતું. એ રીતે જ ટોરન્ટો અને વેન્કુંવરમાં ટૂંકાગાળાના ભાડુઆતોનું પ્રમાણ વધે તો ત્યાં પણ કોન્ડોના ભાવો ઘટી શકે છે.

કોવિડ -૧૯ને કારણે ટુરીઝમ જે રીતે ઘટી ગયું છે એ જોતા ટૂંકા ગાળા માટે ભાડે આપવાને બદલે લાંબાગાળાના ભાડુઆતો શોધવાનું ચલણ વધી રહયું છે એમ ઝુકાસા પોર્ટલ પરના બ્લોગમાં જેની રેનેએ જણાવ્યું હતું. આ સમયગાળા દરમિયાન મોટાભાગના મકાન ખરીદનારાઓનો ઝુકાવ પણ શહેરી વિસ્તારોને બદલે શહેરથી દૂર મકાન લેવા તરફ જઈ રહયો છે.

# ટોરન્ટોમાં એપાર્ટમેન્ટના ૧૪મા માળેથી પટકાયેલા બાળકનું મૃત્યું



- ઘટના શંકાસ્પદ લાગતા પોલીસ દ્વારા સ્થાનિકોની પુછપરછ કરાઈ
- બાળક બારીમાંથી પડી ગયો કે બાલ્કનીમાંથી એ હજુ સ્પષ્ટ થયું નહી

ટોરન્ટો : ટોરન્ટો નજીકના જેન એન્ડ ફીન્ચમાં આવેલા એક બહુમાળી મકાનના ૧૪મા માળની બાલ્કનીમાંથી પડી જનારા બે વર્ષના બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હોવાનું ટોરન્ટો પોલીસે જણાવ્યું હતું. પોલીસે આ અકસ્માત અંગેની ઘટના વિશે માહીતી આપતા જણાવ્યું હતું કે, ડ્રીફટવુડ એવેન્યુ અને યોર્કવુડસ ગેટમાંથી સાંજે ૫.૨૪ કલાકે તેમને કોલ મળ્યો હતો કે, એક બાળક બાલ્કનીમાંથી પડી ગયું છે. તેમણે સ્થળ પર જઈને બાળકને ગંભીર ઈજાઓ સાથે જોયું હતું અને તરત જ એને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું હતું. ટોરન્ટો પોલીસ ઈન્સપેકટર ડેરેન અલ્ડ્રીટે પત્રકારોને જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્ત બાળકને હોસ્પીટલમાં લઈ જવાયું ત્યારે ત્યાંના તબીબોએ એને મૃત જાહેર કર્યું હતું. એ સમયે બાળકની માતા પણ હાજર હતી.

આ ઘટનાની તપાસ માટે પોલીસે બિલ્ડીંગમાં રહેનારાઓની પુછપરછ કરી હતી. કેમ કે, તેમને આ ઘટના શંકાસ્પદ લાગી હતી. જો કે બધાએ કહ્યું હતું કે એ બાળકને બધા જાણતા હતા અને એ બધા સાથે રમતો હતો. એ બાળક બારીમાંથી પડી ગયો કે બાલ્કનીમાંથી એ હજુ સ્પષ્ટ થયું નથી. જો કે બારીઓમાં સેફટી લેચ હોવાથી એ બાલ્કનીમાંથી જ પડી ગયો હશે એમ માનવામાં આવી રહયું છે.










# ભારતીય શિક્ષણ પદ્ધતિમાં વર્ષો પછી પરિવર્તનની પહેલ

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં બે-ત્રણ દાયકાથી શિક્ષિતો અને બુદ્ધિજીવીઓ શિક્ષણનીતિને લઈને સવાલો ઉઠાવતા હતા. આ લોકોનો તર્ક દેશની શિક્ષણનીતિ વર્ષો જૂની હોવા સાથે સમયને સુસંગત ન હોવાનો હતો. દરમિયાન કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે બુધવારે નવી શિક્ષણનીતિને મંજૂરી આપી હતી.

નવી શિક્ષણનીતિમાં આમ તો દળી દળીને ઢાંકણીમાં જેવો જ ઘાટ છે અને ઊડીને આંખે વળગે એવું કશું નથી. વિદેશી રોકાણ આવે એટલા માટે વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ સ્થાપવા જાહેરાત આ નીતિમાં છે. એ જ રીતે ટ્રાન્સલેશન, ઈન્ટરપ્રીટેશન વગેરે માટે ઈન્સ્ટિટ્યૂટ બનાવવા જેવાં નિર્ણયો પણ છે, પણ એવા નિર્ણયોની સંખ્યા ઓછી છે. આમ છતાં નવી શિક્ષણનીતિથી દેશની આવનારી પેઢીને ફાયદો થશે તેવી આશા વાલીઓને બંધાઈ છે.કેબિનેટે માનવ સંશાધન વિકાસ મંત્રાલયનું નામ બદલીને શિક્ષણ મંત્રાલય કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે. શરૂઆતમાં આ મંત્રાલયનું નામ શિક્ષણ મંત્રાલય જ હતું પણ ૧૯૮૫માં તેનું નામ બદલીને માનવ સંશાધન વિકાસ મંત્રાલય કરાયું હતું. નવી શિક્ષણ નીતિમાં હાલનું વર્તમાન ૧૦+૨નું માળખું બદલીને ૫+૩+૩+૪ કરાશે. જો કે, ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ચાલુ રાખવામાં આવશે. પણ બોર્ડની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરાશે. પ્રથમ પાંચ વર્ષમાં કેજીથી ધો.૨, બીજા ત્રણ વર્ષમાં ધો. ૩ થી ૫, ત્યારબાદના ત્રણ વર્ષમાં ધો. ૬ થી ૮ અને છેલ્લા ચાર વર્ષમાં ધો. ૯ થી ૧૨નો સમાવેશ કરાયો છે.

ધો. ૩, ૫ અને ૮ની પરીક્ષા યોગ્ય ઓથોરિટી દ્વારા લેવાશે. આ સાથે શાળામાં દરેક તબક્કે અને ઉચ્ચ શિક્ષણમાં સંસ્કૃત વિષય ઓફર કરાશે. ત્રણ ભાષાની ફોર્મ્યુલા હેઠળ એક વિદેશી ભાષા પણ શીખી શકાશે. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સ્વતંત્ર સ્ટેટ સ્કૂલ સ્ટાન્ડર્ડ ઓથોરિટીની રચના કરવાની રહેશે. કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલી નવી નેશનલ એજ્યુકેશન પોલિસી(એનઈપી) હેઠળ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે એક જ રેગ્યુલેટર રહેશે. ડિગ્રી કોર્સમાં મલ્ટીપલ એન્ટ્રી અને એક્ઝિટનો વિકલ્પ ઉપલબ્ધ બનશે. જયારે એમફીલ કોર્સ બંધ કરવામાં આવશે. યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ લેવાશે. માનવ સંશાધન વિકાસ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ સચિવ અમિત ખરેના જણાવ્યા મુજબ નવી શિક્ષણ નીતિ હેઠળ વોકેશનલ એજ્યુકેશન સહિત ઉચ્ચ શિક્ષણમાં ગ્રોસ એન્રોલમેન્ટ રેશિયો ૨૦૩૫ સુધીમાં ૫૦ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે. ૨૦૧૮માં આ રેશિયો ૨૬.૩ ટકા હતો. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ૩.૫ કરોડ નવી બેઠકો ઉમેરવામાં આવશે. કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિમાં કરાયેલા મુખ્ય સુધારાઓમાં કાયદા અને મેડિકલની કોલેજો સિવાયની તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે એક જ રેગ્યુલેટર રહેશે તે છે.

આ સાથે જ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ લેવામાં આવશે અને આ એન્ટ્રેન્સ ટેસ્ટ નેશનલ ટેસ્ટિંગ એજન્સી(એનટીએ) લેશે. ખાનગી અને સરકારી શૈક્ષણિક સંસ્થાઓ માટે સમાન માપદંડ રહેશે. મંત્રાલયને આશા છે કે, આ પ્રકારની નીતિથી હવે બોર્ડની પરીક્ષા ગોખણપટ્ટીને બદલે જ્ઞાન આધારિત રહેશે. પાંચમા ધોરણ સુધી સ્થાનિક

અનુસંધાન પેજ નં. ૧૯

# રાજસ્થાન કોંગ્રેસની ભવાઈમાં પાયલટના લાભાર્થે ભાજપનું મૌન

છેલ્લાં પખવાડિયાથી રાજસ્થાન કોંગ્રેસમાં ચાલી રહેલી ભવાઈમાં અશોક ગહલોત અને સચિન પાઈલટ એકબીજાને પછાડવા ઉધામા કરી રહ્યા છે. રાજ્યપાલ કલરાજ મિશ્રા અને અશોક ગહલોત વચ્ચે પણ સત્ર બોલાવવા મુદ્દે મડાગાંઠ સર્જાતી રહી હતી. અગાઉ ૩ વખત ગહલોતે વિધાનસભાનું સત્ર બોલાવવાની માગણી કરી હતી. પણ રાજ્યપાલ કલરાજ મિશ્રાએ ઈન્કાર કરી દીધો હતો. જેની સામે અશોક ગેહલોતે રાજભવન સામે ધરણાં સહિતના નાટક કર્યા હતા. જો કે, રાજ્યપાલ કલરાજ મિશ્રા પીઢ રાજકારણી છે. તેથી તેમના પર કંઈ અસર ન થઈ. એટલે છેવટે ગહલોત નાના છોકરાની જેમ મોદીને ફરિયાદ કરી.

મોદીએ ગહલોતને શું કહ્યું એ રામ જાણે, પણ એ પછી મિશ્રા થોડા નરમ પડ્યા છે. ગેહલોતો ચોથીવાર મોકલેલા પ્રસ્તાવને તેમણે મંજૂરી આપતા હવે વિધાનસભાનું સત્ર ૧૪મી ઓગષ્ટે યોજાઈ તેવી શકયતા છે. રાજ્યપાલ અને ગહલોતની આ કુશ્તીમાં રાજસ્થાનમાં ભાજપ ચૂપચાપ તમાશો જોતો રહ્યો છે. સચિન પાઈલટને મહત્તમ સમય મળે તો એ પક્ષાંતર ધારો લાગુ ના પડે એ રીતે કોંગ્રેસમાં ભંગાણ સર્જી શકે, એ ફોર્મ્યુલા પર ભાજપ આગળ વધી રહ્યો હોય એવું લાગે છે. પાઈલટ પાસે અત્યારે ૧૯ ધારાસભ્યો છે અને પક્ષાંતર ધારો લાગુ ના પડે એ માટે તેમણે કોંગ્રેસના ત્રીજા ભાગના ધારાસભ્યોને ખેરવવા પડે. અત્યારે ભાજપ જે રીતે વર્તી રહ્યો છે તેના પરથી સ્પષ્ટ છે કે, ભાજપ સચિન પાઈલટ લાભાર્થે સમય ખેંચી રહ્યો છે. રાજસ્થાનના રાજ્યપાલ કલરાજ મિશ્રા ભાજપના જૂના જોગી છે. તેથી એ પણ આ રમતમાં સામેલ છે જ એ કહેવાની જરૂર નથી. ભાજપ જે કંઈ કરી રહ્યો છે એ ઘણાંને ગંદી રમત લાગશે, પણ ભાજપ એ જ કરી રહ્યો છે કે જે કોંગ્રેસ પહેલા કરી ચૂકી છે. રાજસ્થાનમાં ભાજપ સચિન પાઈલટ પાસે જે ખેલ કરાવવા માગે છે એ ખેલ કોંગ્રેસે શંકરસિંહ વાઘેલા પાસે અઢી દાયકા પહેલાં કરાવ્યો હતો. ૧૯૯૫માં ગુજરાતમાં પહેલી વાર ભાજપની સરકાર રચાઈ પછી કેશુભાઈ પટેલને મુખ્યમંત્રી બનાવાયા હતા. એ વખતે ભાજપના દિગ્ગજ નેતા મનાતા શંકરસિંહ વાઘેલાને પણ ગુજરાતના મુખ્યમંત્રી બનવાના ઓરતા હતા. તેથી તેમણે બહુમતીથી ચૂંટાયેલી કેશુભાઈની સરકારને ઘરભેગી કરવાનું પાપ કરેલું. આ પાપમાં કોંગ્રેસ બરાબરની ભાગીદાર હતી. કોંગ્રેસે જ શંકરસિંહને સમર્થન આપ્યું હતુ.

શંકરસિંહે પહેલી વાર બળવો કરીને ખજૂરાહોકાંડ કર્યો એ વખતે મધ્ય પ્રદેશના કોંગ્રેસી મુખ્યમંત્રી દિગ્વિજયસિંહે તન,મન, ધનથી તેમને મદદ કરી હતી. શંકરસિંહના પક્ષપલટુ ધારાસભ્યોને ખજૂરાહોમાં રાખવાનો બંદોબસ્ત પણ કોંગ્રેસે જ કરેલો. એ વખતે અટલ બિહારી વાજપેયીએ દરમિયાનગીરી કરીને સમાધાન કરાવ્યું પરંતુ આ સમાધાન લાંબું ના ટક્યું. ૧૯૯૬ની લોકસભા ચૂંટણીમાં ભાજપે પોતાના જ ઉમેદવાર શંકરસિંહને ગોધરામાં હરાવ્યા અને શંકરસિંહે બળવો કરી નાખ્યો હતો. બીજી વાર શંકરસિંહે બળવો કર્યો એ વખતે વિધાનસભામાં રીતસરની ગુંડાગીરી થઈ

અનુસંધાન પેજ નં. ૧૯



manoj1968@yahoo.ca









# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

---

દેશ-વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Promotional Price

$500

Per Person / Per Month



Knights Inn & Suites

Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# વસાહતી તરીકે અરજી કરનારના વર્ચ્યુઅલ મેરેજ અમાન્ય

- **ઈમિગ્રેશન રેફ્યુજી પ્રોટેક્શન રજિસ્ટ્રેશનના નિયમોમાં કેટલીક સ્પષ્ટતા કરાઈ**

ટોરન્ટો : પારિવારિક વર્ગની સ્પોન્સરશીપ માટે કેનેડાનો વસાહતી વિભાગ વર્ચ્યુઅલ મેરેજને માન્યતા નહીં આપશે. આમ છતાં વિદેશી યુગલો સરહદ પાર કરી શકશે. ઈમિગ્રેશન, રેફ્યુજી એન્ડ સિટીઝનશીપ કેનેડાએ માત્ર કેનેડાની સેનાના સભ્યોએ દૂરથી લગ્ન કર્યા હોય અથવા વર્ચ્યુઅલ મેરેજ કરવાની ફરજ પડી હોય એવા લોકો માટે ૨૦૧૫માં આ કાયદો બનાવ્યો હતો. હવે, આ કાયદો સરહદ પારથી આવનાર યુગલો માટે માથાનો દૂ:ખાવો બની ગયો છે. અને આ રીતે જેને લગ્ન કરવા પડ્યાં હોય, તેમને વસાહતી તરીકેની માન્યતા મેળવવામાં સમસ્યાનો સામનો કરવો પડે છે.

પ્રોક્સી મેરેજ સુવિધાનો દુરુપયોગ થવા લાગ્યો છે. કારણ કે, આવી લગ્નવિધી વખતે બેમાંથી એક ગેરહાજર રહે છે. તેથી કોઈ એકની લગ્ન કરાર પર સહી નથી હોતી. પરંતુ કોર્ટના કાયદા મુજબ જે યુગલ વિડીયો કોન્ફરન્સથી લગ્ન કરનારને ઈમિગ્રેશન ડીપાર્ટમેન્ટના સવાલ કરે છે કે આ પ્રોક્ષી મેરેજ ફેસીલીટીનો દુરુપયોગ થાય છે. આથી



તેને કાનૂની માન્યતા આપવી કે કેમ ?

પ્રોક્સી મેરેજ અને વર્ચ્યુઅલ મેરેજ વચ્ચે તફાવત એ છે કે, પ્રોક્સી તરીકે કોઈ પણ વ્યક્તિ પ્રતિનિધિત્વ કરી શકે છે. જ્યારે વર્ચ્યુઅલ મેરેજમાં યુગલે વિડિયો મેસેંજર સમક્ષ હાજર રહેવું પડે છે અને લગ્નની વિધિ સમયે પણ વિડિયો કોન્ફરન્સિંગમાં હાજર રહેવું પડે છે અથવા ફોન કે ફેક્સ દ્વારા વર્ચ્યુઅલ મેરીજ કરવામાં આવે છે.

ઈમિગ્રેશન રેફ્યુજી પ્રોટેક્શન રજિસ્ટ્રેશનના નિયમોમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, લગ્ન વિધિ સમયે બંન્નેએ સદેહે હાજર રહેવાનું હોય છે અને આવા લગ્નોને જ સ્પોઝલ સ્પોનસર્શીપ માટે માન્ય ગણવામાં આવે છે. લગ્ન વિધિ સમય બન્ને પક્ષો લગ્ન સમારંભમાં સદેહે હાજર રહે છે એમ, આઈ આર સી સી અને કેનેડિયન બોર્ડર સર્વિસીસ એજન્સીએ મીડિયાને જણાવ્યું હતું. કોરોનાના રોગચાળા દરમિયાન વ્યક્તિગત રીતે બોલાવવાનો આગ્રહ વધી રહ્યો હતો. માર્ચ મહિના દરમિયાન વર્ચ્યુઅલ મેરેજીઝની માગણીમાં ભારે વધારો થયો હતો. ત્યારથી હજુ આ માંગણી સ્થિરતા પૂર્વક વધી રહી છે. વેબસાઈટના માર્કેટિંગ મેનેજર કેવિન સ્મિથ કહે છે કે, ઓનલાઈન મેરેજ સર્વિસીસનાં કામમાં લોકડાઉન દરમિયાન ૪૦૦ ટકાનો વધારો થયો છે.

ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટે રોગચાળા દરમિયાન લોકો પરિવાર સાથે રહી શકે એ માટે સંખ્યાબદ્ધ પગલા લીધા હતા. હાલમાં જ નજીકના પરિવાર માટે કેટલીક રાહતો જાહેર કરી છે. જેમાં કેનેડા આવવા ઈચ્છતા દંપતી અથવા પરિવારના નજીકના સભ્યો ૧૫ દિવસથી વધુ સમય સુધી સાથે રહ્યા હોવા જોઈએ.

# રેવન્યુ એજન્સીએ ટેક્ષ ભરવાની મુદત ૩૦મી સપ્ટેમ્બર સુધી લંબાવી દીધી

- **ફેડરલ સરકારના અંદાજ મુજબ આ વિલંબને કારણે ૫૫ બિલીયન યુએસ ડોલરની ખાધ સર્જાશે**
- **ટેક્ષ ભરવામાં નહીં આવે તો પેનલ્ટી અને વ્યાજ વસુલવાની જોગવાઈ**

ઓટાવા : જેમના કેનેડાની ફેડરલ સરકારના જેટલા વેરાઓ બાકી હોય તેમને ટેક્ષ ભરવા માટેની મુદતને ત્રીસમી સ્પ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી હોવાનું કેનેડા રેવન્યુ એજન્સીએ જણાવ્યું હતું. જો આ મુદત સુધીમાં ટેક્ષ ભરવામાં નહીં આવે તો પેનલ્ટી અને વ્યાજ વર્ષ ૨૦૧૯ના વર્ષ માટેના રીટર્નસ પર લાગશે. લિબરલ સરકારે ટેક્ષ ભરવાની મુદત જે એપ્રિલ સુધીની હતી તેને કોવિડ -૧૯ને કારણે સર્જાયેલી સ્થિતિને કારણે લંબાવી હતી.

ફેડરલ સરકારના અંદાજ મુજબ આ વિલંબને કારણે ૫૫ બિલીયન યુએસ ડોલરની ખાધ સર્જાશે. પરંતુ આ નવી ડેડલાઈન સુધીમાં એ ખાધ સરભર થઈ જશે એવી ધારણાં પણ જાહેર કરી હતી. જે કોઈ પોતાનો ઈન્કમટેક્ષ સમયસર નહીં ભરી શકે એણે એમની આવકના આધારે મળતા કરમુકિતનો લાભ ગુમાવવો પડશે. જો એ રકમ મોટી હશે તો ઓકટોબર પછી નવા રીટર્નમાં એનો લાભ મળી શકશે. જે વરીષ્ઠ નાગરીકોને ઓછી આવકને કારણે મળતા લાભો લેવા હોય તેમણે પણ પહેલી ઓકટોબર સુધીમાં રીટર્ન ભરવા તાકીદ કરવામાં આવી છે.






# અમેરિકન વિદ્યાર્થીઓને ઉત્તરી સરહદે અભ્યાસ શરૂ કરવા કેનેડા દ્વારા છૂટછાટ



અમેરિકન વિદ્યાર્થીઓને હવે ૧૮મી માર્ચ કે એ પહેલા જારી કરાયેલી સ્ટડી પરમિટની જરૂર નહીં પડે

વોશિંગ્ટન : કેનેડા અમેરિકા સરહદ વિસ્તારના અમેરીકન વિદ્યાર્થીઓ માટેના પ્રતિબંધોને ફેડરલ સરકારે હળવા કર્યા હોવાથી હવે એવા વિદ્યાર્થીઓ કેનેડામાં અભ્યાસ કરી શકશે. શુક્રવારે સરકારે જાહેર કરેલી આંતર રાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટેની માર્ગદર્શિકા મુજબ અમેરિકાથી આવનારા વિદ્યાર્થીઓ માટે હવે ૧૮મી માર્ચ કે એ પહેલા જારી કરાયેલી સ્ટડી પરમિટની જરૂર નહીં પડે.

ન્યૂયોર્કના રહીશ એના માટીની પુત્રી મોન્ટ્રીયલની મેકગિલ યુનિવર્સિટીમાં એડમિશન લેવા માંગતી હતી એ અમેરિકા ખાતેના વાલીઓના સંગઠનની સભ્ય છે. જેમણે તેમના સેનેટર્સ દ્વારા કેનેડામાં લોબિંગ કરાવ્યું હતુ. જેને કારણે જ કેનેડા સરકારે આ જાહેરાત કરી હોવાનું માનવામાં આવે છે.

કોવિડ -૧૯ને કારણે કેનેડાની સરહદ સીલ કરી હોવાથી અમેરીકન વિદ્યાર્થીઓ આવી શકે તેમ નહોતા. પરંતુ કેનેડા ખાતેના અમેરીકન રાજદૂત રિચાર્ડ મિલ્સે રજૂઆત કરી પ્રતિબંધો હળવા કરવા વિનંતી કરી હતી.

જો કે, અમેરિકાના વાલીઓ પોતાના સંતાનોને પોતાનાથી દૂર મોકલતા ખંચકાઈ રહ્યા છે. કેમ કે, અમેરિકામાં કોરોનાના કેસોની સંખ્યા વધીને સોમવારે ૪.૪ મિલીયન સુધી પહોંચી છે અને મરણાંક પણ ૧૫૦૦૦૦ સુધી પહોંચ્યો છે. એ રીતે જ કેનેડામાં પણ કેસોની સંખ્યા ૧૧૪૦૦૦ અને મરણાંક ૮૯૦૦ સુધી પહોંચી ગઈ છે. જો કે, તે અમેરિકાની સરખામણીમાં ઓછી છે.

# સંગ્રહખોરીને કારણે બેંક ઓફ કેનેડામાં ૫૦ ડોલરની નોટની તંગી

એપ્રિલ અને મે માસ દરમિયાન ૨૦ અને ૫૦ ડોલરની નોટોનો ઉપાડ થયો હતો




ટોરન્ટો : કેનેડામાં કોવિડ -૧૯ની મહામારીને કારણે લોકો પચાસ ડોલરની ચલણી નોટોનો સંગ્રહ કરતા હોવાથી બેંક ઓફ કેનેડાને ૫૦ ડોલરની ચલણી નોટોની તંગી નડી રહી હોવાનું બેંકના સ્ટેટમેન્ટમાં જણાવવામાં આવ્યું હતું. બેંક સુત્રો દ્વારા એમ પણ જણાવવામાં આવ્યું છે કે, જો કે એને કારણે ગ્રાહકોને નાણાં ઉપાડવામાં કોઈ મુશ્કેલી નહીં નડે. ૫૦ ડોલરની નોટો સ્ટોકમાં છે છતાં ભવિષ્યમાં એની તંગી નહીં પડે એટલા માટે લોકોને અન્ય નોટોનો ઉપયોગ કરવા જણાવ્યું છે.

એક અહેવાલ મુજબ એપ્રિલ અને મે માસ દરમિયાન વીસ અને પચાસ ડોલરની નોટોનો ઉપાડ થયો હતો. જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ છે. આ અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, નોટોની તંગીના કારણોમાં મહામારી દરમિયાન પપોતાની રોકડ વધારવા બેંકોએ નોટોનો વધુ ઉપાડ કર્યો હોય, બેંકોએ રીટેલ વ્યાપારીઓની જરૂરીયાત પુરી પાડવા આમ કર્યું હતુ. અથવા તો લોકોમાં એ બેંક નોટની જરૂર વધી હોઈ શકે. બેંકે એમ પણ જણાવ્યું હતું કે, ચલણી નોટોનો ઉપયોગ કરતા પહેલા એને પણ સેનેટાઈઝ કરવી જરૂરી છે.

Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
Web: www.siis.ca
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)

AMI MEHTA
(SINP Authorized Rep)
CANADA OFFICE
94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE
2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજ્યમાં કોરોના વકર્યો : ૧૧૦૦ કેસ, ૨૨ના મોત

## સુરતમાં ૨૪ કલાકમાં ૧૦ના મોત : રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૨૪૧૮ : કોરોનાના કુલ કેસનો આંકડો ૬૦૦૦૦ને આંબી ગયો

ગાંધીનગર : રાજ્યમાં સતત ત્રીજા દિવસે અને જુલાઈમાં ચોથીવાર કોરોના પોઝિટિવનો આંકડો ૧૧૦૦ને પાર થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૫૦૬૯ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૧૧૫૯ પોઝિટિવ કેસ નોંધાવ્યા હતા. આ સાથે રાજ્યમાં કોરોના કુલ સંક્રમિતનો આંકડો ૬૦ હજારને પાર થઈ ૬૦૨૮૫ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૨ મૃત્યુ નોંધાતા કુલ મૃત્યુઆંક ૨૪૧૮ થયો છે. આજે ૮૭૯ દર્દીઓ ને ડિસ્ચાર્જ કર્યા હતા. આ સાથે ડિસ્ચાર્જ થવાનો આંકડો ૪૪ હજારને પાર થઈ ૪૪૦૭૪ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિએ કુલ એક્ટિવ કેસ ૧૩૭૯૩ થયો છે. જેમાં ૮૪ વેન્ટીલેટર પર અને ૧૩૭૦૯ સ્ટેબલ છે.જુલાઈ માસના અંતિમ દિવસોમાં કોરોના પોઝિટિવના આંકડા સતત વધતા જાય છે.છેલ્લા ચાર દિવસમાં કોરોના પોઝિટિવના ચાર હજારથી વધુ કેસો નોંધાયા છે.રાજ્યના ૮ કોર્પોરેશન અને ૩૧ જીલ્લામાં કોરોનાના કેસો



નોંધાયા છે.આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ રાજ્યમાં આજે કોવિડ-૧૯ના કારણે ૨૨ મોત નોંધાયા છે.જેમાં સુરત કોર્પોરેશનમાં ૬ અને જિલ્લામાં ૪, અમદાવાદ શહેર ૫, પાટણ-૨,વડોદરા શહેરમાં ૨ ગાંધીનગર શહેર અને જીલ્લામાં ૧-૧ અને કચ્છમાં ૧ મોત કોરોનાને લીધે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૩ અને ગ્રામ્યમાં ૧૪ સાથે ૧૫૭ કોરોના પોઝિટિવના કેસ આજે નોંધાયા હતા. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૬૩૪૧ થયો છે. આજે વધુ ૫ મોત સાથે શહેરમાં કુલ ૧૫૮૯ મોત થયા છે. સુરત શહેરમાં ૨૧૭ અને ગ્રામ્યમાં ૫૪ સાથે ૨૭૧ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૧૨૭૮૫ થયો છે. આજે વધુ ૧૦ મોત સાથે કુલ મૃત્યુઆંક ૩૮૯ થયો છે. વડોદરા શહેરમાં ૭૮ અને ગ્રામ્યમાં ૧૮ સાથે ૯૬ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૪૫૫૮ થયો છે. આજે વધુ ૨ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૦૦ થયો છે. ગાંધીનગર શહેરમાં ૨૫ અને ગ્રામ્યમાં ૧૨ સાથે આજે કોરોના પોઝિટિવનો આંકડો એક દિવસમાં ૩૭ પર પહોંચ્યો છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૪૪૩ થયો છે.

# ખાનગી હોસ્પિટલો દ્વારા લૂંટફાટ બાદ આખરે સારવારના ભાવ નક્કી કરાયા

અમદાવાદ : પ્રાઈવેટ હોસ્પિટલો સ્વખર્ચે સારવાર લેતા કોવિડ-૧૯ના દર્દીઓ પાસેથી આડેધટ ચાર્જિસ દેખાડીને મોટી રકમ વસૂલી રહી હોવાની ફરિયાદો મળતા એપિડેમિક ડિસિઝ એક્ટ ૧૮૯૭ને આધિન મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકારે રાજ્યની તમામ પ્રાઈવેટ હોસ્પિટલો માટે એક સમાન સારવાર દરો નક્કી કર્યા છે. આરોગ્ય વિભાગના ઉપસચિવ એ. એ.બાદીની સહીથી મંગળવારે સાંજે ઠરાવ પ્રસિધ્ધ થતાની સાથે જ કોરોનાના દર્દીઓ માટે પ્રાઈવેટ હોસ્પિટલોમાં મહત્તમ સારવાર દરની મર્યાદા નક્કી થઈ ચૂકી છે. આરોગ્ય વિભાગે કોરોનાના દર્દીઓને ICUની સુવિધા વગર સારવાર માટે વોર્ડમાં પ્રતિદિન રૂ.૫૭૦૦ અને હાઈ ડિપેન્ડન્સી યુનિટ- HDUમાં પ્રતિદિન રૂ.૮,૦૭૫નો સિલિંટ રેટ નક્કી કર્યો છે. જ્યારે ICUની સુવિધા સાથેની હોસ્પિટલોમાં વોર્ડમાં રૂ.૬૦૦૦, HDUમાં રૂ.૮,૫૦૦ અને આઈસોલેશનની સાથે ICU હોય તો રૂ.૧૪,૫૦૦ જ્યારે આ બેઉ સુવિધા ઉપરાંત વેન્ટિલેટરની જરૂર હોય તેવા દર્દીઓ માટે રૂ.૧૯૦૦૦ના દૈનિક દર નક્કી કર્યા છે. નાના શહેરોની ખાનગી હોસ્પિટલો પીપીઈ કિટ્સના નામે પણ અલગથી રેટ વસૂલતી હતી. આ સંદર્ભમાં આરોગ્ય વિભાગે વધુમાં એ પણ સ્પષ્ટ કર્યુ છે કે, ઉપરોક્ત સિલિંગ રેટમાં બે ટાઈમનું ભોજન, સવાર- સાંજનો ચા-નાસ્તો, પીપીઈ કિટ્સ, એન-૯૫ માસ્ક, તમામ રૂટિન દવાઓ, રૂમ ચાર્જિસ અને નિંસગ ચાર્જિંગનો પણ સમાવેશ થાય છે એટલે પીપીઈ કિટના જે અલગથી ચાર્જ વસૂલાતા હતા તે હવે કરી શકાશે નહીં.

"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance

Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com
We represent many insurance companies, we can shop around for best rates.

ઇદ-ઉલ-અદહા મુબારક
અલ્લાહ આપને ઇદ-ઉલ-અદહાના મુકદ્દસ
અવસર પર તમામ ખુશીઓ
આપે અને આપની કુર્બાની કબુલ કરે

Salma Zahid
MP for Scarborough Centre
5-2155 Lawrence Avenue East
Scarborough, ON
(416) 752-2358
salma.zahid@parl.gc.ca
salmazahid.libparl.ca
SalmaZahid15
@SalmaZahid15


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## ભારતના અડધો ડઝન રાજ્યો ૨૦ દિવસથી પાણીમાં ગરકાવ, ક્યાંક વરસાદ તો ક્યાંક વાવાઝોડાનો કહેર

# ૬ દાયકાના પૂરમાં રૂા. ૪.૭ લાખ કરોડ તબાહ

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

ભારતમાં છેલ્લાં પાંચેક વર્ષથી ઋતુચક્ર બદલાયું છે. આમ તો વૈજ્ઞાનિકો વર્ષોથી દાવો કરતા હતા કે, પશ્ચિમી દેશોની જેમ ભારતમાં પણ ૩ ઋતુનો અનુભવ એકસાથે કરી શકાશે. પરંતુ આ વાત હવે પુરવાર થવા માંડી છે.

આજથી દોઢ-બે દાયકા પહેલા એવો સમય હતો, જ્યારે કોઈ વિસ્તારમાં પાંચ-સાત ઈંચ વરસાદ પડે તો એની ચારેકોર ચર્ચા થતી હતી. પણ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. છેલ્લા પાંચ-દસ વર્ષથી ગુજરાતમાં જ ઘણા એવા સ્થળો છે, જ્યાં દસથી લઈને વીસ ઈંચ સુધી વરસાદ ખાબકવા લાગ્યો છે. અરે ગત વર્ષે તો દિવાળીના દિવસે પણ ગુજરાતમાં અનેક સ્થળે ધોધમાર વરસાદ વરસ્યો હતો. અસમાન વરસાદને કારણે બીજી મુશ્કેલી પૂરની સર્જાય છે. આડેધડ બાંધકામોને કારણે વરસાદી પાણીના નિકાલના રસ્તાઓ બંધ થઈ રહ્યા છે. અત્યારે ભારતના અડધો ડઝન રાજ્યો પૂરનો સામનો કરી રહ્યા છે. બિહાર, ઉત્તર પ્રદેશ, આસામ, અરૂણાચલ પ્રદેશ, કર્ણાટક, ઉત્તરાખંડ વગેરે રાજ્યોમાં ૨૦ દિવસથી પુર સંકટ છે. ક્લાઈમેટ ચેન્જનો નોંધપાત્ર અનુભવ લોકો પણ કરી રહ્યા છે. ચોમાસાનો આરંભ થઈ ચૂક્યો હોવા છતાં દેશના અનેક ભાગોમાં મે મહિના જેવી ગરમી પણ પડી રહી છે. એશિયન ડેવલપમેન્ટ બેન્કના અહેવાલ 'ઈમ્પેક્ટ ઓફ નેચરલ ડિઝાસ્ટર ઓન હાઉસહોલ્ડ એન્ડ સ્મોલ બિઝનેસ ઈન ઈન્ડિયા' પ્રમાણે પૂરથી ભારતને ૬ દાયકામાં ૪.૭ લાખ કરોડનું આર્થિક નુકસાન થયું છે.

આ રિપોર્ટમાં ૧૯૫૨થી શરૂ કરીને ૨૦૧૮ સુધીના ૬૫ વર્ષનું સરવૈયું રજૂ કરાયું છે. એ પ્રમાણે પૂરથી તૂટી જતાં મકાન, રસ્તા, અન્ય માલ-મિલકત, કામ-ધંધાને અસર, ધોવાયેલા ખેતર-કૃષિ પાક વગેરેનો સરવાળો કરાયો છે. ૬ દાયકામાં ઓછામાં ઓછા પોણા પાંચ લાખ કરોડનું નુકસાન દેશ ભોગવી ચૂક્યો છે.૬૫ વર્ષમાં એકલા પૂરથી ભારતમાં ૧,૦૯,૪૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૨૫.૮ કરોડ હેક્ટર પાક ધોવાયો છે. ૮,૧૧,૮૭,૧૮૭ જેટલા મકાનો તણાયા-તૂટયા છે. એ તો ગણી શકાય એવું નુકસાન છે. પરંતુ દરેક વખતે દેખાતુ હોય એટલું જ નુકસાન થયું હોય એવુ જરૂરી નથી. ૨૦૧૯માં કેન્દ્રિય મંત્રીએ રાજ્યસભામાં માહિતી આપી હતી કે, ૨૦૧૮માં પૂરથી ભારતને ૯૬ હજાર કરોડનું નુકસાન થયું હતું. ૨૦૧૭માં થયેલા નુકસાન કરતાં એ અઢીગણુ વધારે નુકસાન હતું. આસામ, બિહાર, જેવા રાજ્યોની સ્થિતિ દર વર્ષે કથળી રહી છે. અત્યારે આસામનો ૯૦ ટકા વિસ્તાર ભારે વરસાદના પાણીથી તરબોળ છે. લાખો લોકો અસરગ્રસ્ત છે અને હજારોને શેલ્ટર હોમમાં ખસેડાયા છે.

બિહારને આસામ જેટલી અસર નથી થતી, તો પણ દર વર્ષે રાજ્યનો ૪૦ ટકા ભાગ પુરથી અસરગ્રસ્ત બને છે.પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સાયન્સ જર્નલ નેચરમાં પ્રગટ થયેલા અહેવાલ પ્રમાણે ભારતમાં નદી સમુદ્રને મળે ત્યાં અચાનક આવતા પૂરનો ખતરો વધી રહ્યો છે. કોસ્ટલ ફ્લડ કહેવાતી આ ઘટના સમુદ્ર સપાટીમાં અચાનક આવતી ભરતીને કારણે જોવા મળે છે. અચાનક ભરતી આવવાનું પ્રમાણ ચોમાસામાં વધારે હોય છે.કોસ્ટલ ફ્લડના ઓઠા હેઠળ બીજા ૩.૬ કરોડ લોકો રહે છે. કોસ્ટલ ફ્લડ ન હોય તો પણ ગમે તે નદીકાંઠે રહેતા લોકો પર ખતરો વધી જ રહ્યો છે. એમાંય પ્રવાસન માટે ઉત્તરાખંડ જેવા પહાડીવાળા રાજ્યોમાં તો નદી કાંઠે જ બાંધકામોની ભરમાર છે, જે ચોમાસામાં ઘાતક સાબિત થાય છે. સેન્ટ્રલ વોટર કમિશન (સીડબલ્યુસી)એ નોંધ્યા પ્રમાણે ૨૦૧૯માં એકલા ઓગસ્ટમાં નદીઓમાં પૂરની અસાધારણ ઘટનાઓ નોંધાઈ હતી. દેશની વિવિધ મોટી નદીઓના ઓછામાં ઓછા ૨૫ પોઈન્ટ એવા હતા, જ્યાં જળસ્તર પૂરના લેવલથી વધારે વહ્યું હતું. ૨૦૧૯નું વર્ષ પૂરની દૃષ્ટિએ ભારે ખાનાખરાબી સર્જનારું રહ્યું હતું.

એ વખતે છેલ્લા ૨૫ વર્ષનું સૌથી ઘાતક ચોમાસું નોંધાયુ હતું. એ વર્ષે ચોમાસું સરેરાશ કરતાં દસ ટકા વધારે વરસ્યું હતું અને દોઢેક ડઝન રાજ્યોમાં પૂર આવ્યાં હતાં. ગુજરાતમાં જ રાજકોટ, બનાસકાંઠા, વડોદરા વગેરે વિસ્તારોમાં ભારે પૂરે તબાહી મચાવી હતી.પૂરથી કેટલા મનુષ્યો મૃત્યુ પામ્યા, કેટલા મકાન તૂટયાં, કેટલો પાક ધોવાયો.. તેની સાથે સજીવોની ગણતરી પણ કરવી પડે તેમ છે. કેમ કે ખેડૂતો માટે મોટી સંપત્તિ તેમના ઢોર-ઢાંખર છે. પૂર સાથે હજારો ગાયો-ભેંસો પણ દર વર્ષે મૃત્યુ પામે છે. છેવટે દેશના જીડીપીમાં નાનું-મોટું ગાબડું પડે છે.

અત્યારે પૂરથી સૌથી બદતર સ્થિતિ આસામની છે. એ પહાડી રાજ્ય અનેક પ્રકારની આર્થિક-સામાજીક મુશ્કેલીઓનો સામનો કરી જ રહ્યું છે. દર વર્ષે ત્યાં આવતું પૂર લાખો લોકોને વિસ્થાપિત કરી મુકે છે. આસામનો કાઝિરંગા નેશનલ પાર્ક તેના ગેંડા માટે જગવિખ્યાત છે. એક સમયે અહીં ગેંડાનો મોટેપાયે શિકાર થતો. પાર્ક એ માટે કુખ્યાત થયો હતો. હવે શિકાર ઓછો થયો છે, તો દર વર્ષે વરસાદથી ગેંડા મૃત્યુ પામે છે!

હવામાન સબંધિત આફતો વધી રહી છે અને આક્રમક સ્વરૂપ પણ ધારણ કરી રહી છે. ડાઉન ટુ અર્થના વાર્ષિક રિપોર્ટ પ્રમાણે ભારતમાં ૨૦૧૯ દરમિયાન ઘાતક કહી શકાય એવી ૧૯ હવામાન સબંધિત આફતો નોંધાઈ હતી અને તેમાં ૧૩૫૭ લોકોના મૃત્યુ થયા હતા. એમાંથી ૬૩ ટકા મોત તો પૂરને કારણે થયા હતા. એશિયન ડેવલપમેન્ટ બેન્કનો અહેવાલ કહે છે કે ભારતમાં વરસાદ દર વર્ષે સૌથી વધુ નુકસાન કરે છે. પર્યાવરણ સબંધિત કુલ આફતમાંથી ૫૦ ટકાથી વધારે આફત તો વરસાદ સાથે સંકળાયેલી હોય છે. બીજી તરફ એ પણ હકીકત છે કે વરસાદ વગર ચાલવાનું નથી. એટલે ઓછો પડે કે વધુ વરસાદને આવકારવો તો પડે જ. પરંતુ સરકારે ઉભા કરેલા ફ્લડ મેનેજમેન્ડ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, વેધર ફોરકાસ્ટિંગ, ક્લાઈમેટ ચેન્જ વગેરે વિભાગોએ વધારે ચોકસાઈ સાથે કામ કરવાની જરૂર જણાય છે.લૉકડાઉનની સ્થિતિનો લાભ ઉઠાવીને કેન્દ્ર સરકારે વિવિધ ૪૧ કોલસાની ખાણોને મંજૂરી આપી દીધી. આ પૈકીની ઘણી ખાણો જંગલ વિસ્તારમાં છે. ત્યાં ખાણકામ કરવા જતાં જંગલો કપાશે અને ત્યાં રહેતા સજીવો વિસ્થાપિત થશે.

કેન્દ્ર સરકારને એની ચિંતા નથી અથવા તો એટલી સમજણ નથી. પરંતુ કેટલાક રાજ્યની સરકારો સમજદાર નીકળી. એટલે તેમણે કેન્દ્રની કોલસા-ખાણોની ફાળવણી સામે સુપ્રીમમાં કેસ કર્યા છે. કોલસાની ખાણ શરૂ થાય તો રાજ્યને આર્થિક લાભ થાય, પરંતુ પર્યાવરણને મોટુ નુકસાન થાય એ કદાચ કેન્દ્ર સરકારને દેખાતું નથી. પર્યાવરણ જતનની વાતો કરનારી સરકાર હકીકતે નિર્ણય લેવાનો આવે ત્યારે પર્યાવરણ સંરક્ષણને સાઈડમાં ધકેલી દે છે. તેનું આ એક તાજેતરનું ઉદાહરણ છે. લાંબો હિસાબ કરીએ તો સ્પષ્ટ દેખાય છે કે વિકાસને નામે થયેલા બાંધકામો સ્પષ્ટ રીતે પર્યાવરણનું નખ્ખોદ કાઢી રહ્યા છે.



**૬૫ વર્ષમાં એકલા પૂરથી ભારતમાં ૧.૦૯ લાખ લોકોએ જીવ ગુમાવ્યા, ૨૫.૮ કરોડ હેક્ટર પાક ધોવાયો, ૮.૧૧ કરોડ મકાનો તણાયા-તૂટયા. ભારતમાં નદી સમુદ્રને મળે ત્યાં અચાનક આવતા પૂરનો ખતરો વધતા ૩.૬૦ કરોડ લોકોને માથે જોખમ**

# બિહાર પોલીસની એન્ટ્રી બાદ રિયા ચક્રવર્તી ભૂગર્ભમાં





## સુશાંતસિંહના પિતાએ રિયા ચક્રવર્તી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

પટણા : બોલિવુડ અભિનેતા સુશાંત સિંહ રાજપુતનાં પિતા કે કે સિંહે પટણાનાં રાજીવનગર પોલીસ સ્ટેશનમાં પોતાના પુત્રની આત્મહત્યા કેસમાં જાણીતી અભિનેત્રી રિયા ચક્રવર્તી વિરૂધ્ધ એફઆઈઆર નોંધાવી છે, તેમણે અભિનેત્રી પર પોતાના પુત્ર સુશાંતને આત્મહત્યા માટે પ્રેરિત કરવાનો આરોપ લગાવ્યો છે. સુશાંતનાં પિતાએ રિયા પર સુશાંતને પ્રેમજાળમાં ફસાવીને તેની પાસેથી પૈસા કઢાવવાનો આરોપ લગાવ્યો છે, એટલું જ નહીં, રિયા પર પોતાના પુત્રને આત્મહત્યા માટે પ્રેરિત કરવાનો અને પરિવારને દુર કરવાનો આરોપ લગાવ્યો છે. સુશાંતનાં પિતાએ રાજીવનગર પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૩૪૧, ૩૪૨, ૨૮૦, ૪૨૦, ૪૦૬, ૪૨૦ અને ૩૦૬ હેઠળ કેસ દાખલ કરાવ્યો છે.

## કેસ પટણાને બદલે મુંબઇમાં ટ્રાન્સફર કરવા રિયાની સુપ્રીમમાં અરજી

મુંબઇ: બોલિવૂડના પ્રતિભાવાન અભિનેતા સુશાંત સિંઘ રાજપૂતના અકાળ અવસાનનો કેસ દિવસે દિવસે વધુ ને વધુ ગૂંચવાતો જાય છે. લેટેસ્ટ સમાચાર મુજબ આ કેસની તપાસમાં બિહાર પોલીસની એન્ટ્રી થતાં વેંત અભિનેત્રી રિયા ચક્રવર્તી ભૂગર્ભમાં ઊતરી ગઇ હતી. આ પહેલાં રિયાએ બુધવારે સુપ્રીમ કોર્ટમાં એવી અરજી દાખલ કરી હતી કે આ કેસ પટણાને બદલે મુંબઇમાં ટ્રાન્સફર કરવામાં આવે. એની આ અરજીના સંદર્ભમાં બસપા પ્રમુખ માયાવતીએ એવી ટ્વીટ કરી હતી કે આ અરજી એવું સૂચવે છે કે મુંબઇ પોલીસમાં કોઇ રિયાને મદદ કરે છે અને છાવરે છે. સુશાંતના પિતા કે કે સિંઘે પટણા પોલીસમાં ફરિયાદ લખાવતાંજ બિહાર પોલીસ મુંબઇ પહોંચી હતી. કે કે સિંઘે રિયા પર ગંભીર આક્ષેપો કર્યા હતા. પટણા પોલીસ રિયાના ઘરે પહોંચી ત્યારે રિયા ત્યાં નહોતી. પોલીસને એવી જાણ કરવામાં આવી હતી કે હવે રિયા અહીં રહેતી નથી. હવે પોલીસ એને શોધી રહી હતી.



### રિયાએ સુશાંતની લાઈફને તહસનહસ કરી હતી: અંકિતા

સુશાંત સિંહ રાજપૂત કેસમાં વધુ એક નવો ખુલાસો થયો છે. રિયા ચક્રવર્તીને લઈને આ ખુલાસો સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ ગર્લફ્રેન્ડ અંકિતા લોખંડેએ કર્યો છે. બિહાર પોલીસને સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ ગર્લફ્રેન્ડ અંકિતા લોખંડેએ જણાવ્યું છે કે ફિલ્મ 'મણિકર્ણિકા'ના પ્રમોશન દરમિયાન સુશાંત સિંહે તેને વિશ કરવા માટે મેસેજ કર્યો હતો. ત્યારે બંને વચ્ચે ચેટ દ્વારા લાંબી વાતચીત થઈ હતી. ત્યારે ભાવુક થઈને સુશાંત સિંહે અંકિતાને જણાવ્યું હતું કે "તે આ રિલેશનશીપથી ખુબ પરેશાન થઈ ગયો છે, તે તેને ખતમ કરવા માંગે છે કારણ કે રિયા ચક્રવર્તી તેને ખુબ પરેશાન કરી રહી છે." કહેવાય છે કે અંકિતાએ પોતાની આ ચેટને બિહાર પોલીસ સાથે શેર પણ કરી છે.



### રિયા પર કંગનાએ ગંભીર આરોપ મૂક્યા

મુંબઈ: સુશાંત સિંહ રાજપુતની આત્મહત્યાના મામલામાં રિયા ચક્રવર્તી વિરૂદ્ધ એફઆઇઆર નોંધાયા પછી કંગના રનોટે કેટલાક નવા સવાલો ઉભા કર્યા છે. કંગનાએ પૂછ્યુ છે કે, શું સુસાઇડ ગેંગે રિયા ચક્રવર્તીને બલિનો બકરો બનાવી રહી છે? 'આમ તો રિયા એક ગોલ્ડ ડિગર છે, પરંતુ સુશાંત જ તેની આવકનો એક માત્ર સ્રોત હતો. તેની હત્યા બાદ તે (રિયા) અફેરને મળવાની ખુબ જ જલ્દીમાં હતી, શામાટે? શું સુશાંતને મારવા માટે તેની પાસે ઉચિત કારણ હતા? કે પછી માફીયાએ તેનો ઉપયોગ કર્યો? શું સુસાઇડ ગેંગ હવે તેને બલિનો બકરો બનાવી રહી છે.'

## સુશાંત આત્મહત્યા કેસઃ સુપ્રીમે CBI તપાસની માંગ ફગાવી, કહ્યું, પોલીસને તેનું કામ કરવા દો

બોલીવુડ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતનાં આત્મહત્યાનાં અનેક રહસ્યો અકબંધ છે જેને બહાર લાવવા માટે મુંબઈ પોલીસ તપાસ કરી રહી છે. જો કે મુંબઈ પોલીસની તપાસ પર સુશાંતનાં ફેન્સ સહિત તેના નજીકનાં લોકોને પણ શક છે અને આ કારણે વારંવાર સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી રહી હતી. સુશાંત સિંહ રાજપુતનાં મોતની સીબીઆઈ તપાસ કરવાની માંગ કરનારી જનહિત અરજીને સુપ્રીમ કૉર્ટે ફગાવી દીધી છે. સુપ્રીમ કૉર્ટે કહ્યું છે કે પોલીસને તેમનું કામ કરવા દો. સુપ્રીમ કૉર્ટે કહ્યું કે અરજી કરનાર અલખ પ્રિયાને આ કેસથી કોઈ લેવાદેવા નથી. કોર્ટે અરજીકર્તાને કહ્યું છે કે તેઓ મુંબઈ હાઈકોર્ટ જાય. ઉલ્લેખનીય છે કે સુશાંત સિંહ રાજપૂત આત્મહત્યા કેસમાં પોલીસની કામગીરી શકનાં ઘેરામાં છે. ફેન્સ સતત સીબીઆઈ તપાસની માંગ કરી રહી છે. આ દરમિયાન સુશાંત સિંહ રાજપૂતનાં પિતાએ બિહારમાં સુશાંત સિંહ રાજપૂતની ગર્લફ્રેન્ડ રિયા ચક્રવર્તીની વિરુદ્ધ એફઆઈઆર નોંધાવતા કેસમાં નવો વળાંક આવ્યો છે.

# ઐશ્વર્યા અને આરાધ્યાએ કોરોનાને હરાવ્યો, હોસ્પિટલમાંથી રજા મળી

મુંબઈ : કોરોના વાયરસથી સંક્રમિત થયેલી બોલિવુડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન અને તેમની પુત્રી આરાધ્યા બચ્ચનને નાણાવટી હોસ્પિટલથી રજા આપવામાં આવી છે, સદીનાં મહાનાયક અમિતાભ બચ્ચન અને તેમના પુત્ર અભિષેક બચ્ચનને કોવિડ-૧૯થી સંક્રમિત મળી આવ્યા બાદ પુત્રવધુ ઐશ્વર્યા અને પૌત્રી આરાધ્યા પણ સંક્રમિત જણાઈ હતી. અત્રે ઉલ્લેખનિય છે કે અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન કોરોના પોઝિટિવ મળી આવ્યા હતાં. ત્યાર બાદ ૧૨ જુલાઈનાં દિવસે ઐશ્વર્યા અને આરાધ્યા પણ કોરોના પોઝિટિવ આવ્યા હતા, બંનેમાં પહેલા આ બિમારીનાં લક્ષણ ન હતાં, એટલા માટે તેમને હોમ ક્વોરન્ટાઈન કરાયા હતા, ત્યાં જ તબિયત બગડતા જ એ બંનેને પણ મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.



### ઐશ્વર્યાએ ચાહકોનો માન્યો આભાર

મુંબઇ : ઐશ્વર્યાએ પોતાના ચાહકોનો આભાર માન્યો છે. ઐશ્વર્યાએ સોશિયલ મીડિયા પર હાથ જોડેલી એક તસવીર પોસ્ટ કરી છે. સાથે કેપ્શન લખ્યું છે કે મારી ડાર્લિંગ એન્જલ આરાધ્યા, પા, અભિષેક અને મારા માટે કરેલી દુવાઓ અને પ્રાર્થના માટે તમારો ખૂબ ખૂબ આભાર, અમે તમારા સદાય ઋણી રહેશું. ભગવાન તમારું બધાનું ભલું કરે.

# બાહુબલીના ડાયરેક્ટરને થયો કોરોના, પરિવાર સાથે થયા હોમક્વોરોન્ટાઈન



ચેન્નઈ : દેશ સહિત વિશ્વભરમાં જ્યારે કોરોનાએ કહેર વર્તાવ્યો છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી ફિલ્મના અભિનેતા અને અભિનેત્રીઓ પણ ઝપેટમાં આવી રહ્યા છે. ત્યારે વધુ એક મોટા દિગ્દર્શકને કોરોના થવાના સમાચાર મળ્યા છે. જી હાં બ્લોકબસ્ટર ફિલ્મ બાહુબલીના ડાયરેક્ટર એસ.એસ.રાજામૌલીને કોરોના પોઝિટિવ આવતા હોમક્વોરોન્ટાઈન થયા છે. પ્રભાસ સ્ટારર ફિલ્મ બાહુબલી અને બાહુબલી-૨ના નિર્દેશક એસ.એસ.રાજામૌલી પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. તેને અને તેના પરિવારને થોડો તાવ હતો જેના પછી તેણે કોરોના રિપોર્ટ કરાવવાનો નિર્ણય લીધો. રાજામૌલીએ પોતાના ટ્વિટર હેંડલ ઉપર ટ્વિટ કરીને આ વાતની જાણકારી આપી છે. તેના આ ટ્વિટ પર લોકો દ્વારા રિપ્લે કરી અને જલદીથી સારા થવાની પ્રાર્થના કરી છે. રાજામૌલીએ પોતાના ટ્વિટમાં લખ્યુ છે કે મને અને મારા પરિવારને છેલ્લા થોડા દિવસોથી તાવ છે. તે ધીરે ધીરે સારો થઈ ગયો. પરંતુ અમે તો પણ કોરોના ટેસ્ટ કરાવ્યો.



# કોરોનાથી મૃત્યુદર અરવલ્લીમાં સૌથી વધુ ૮%, અમદાવાદમાં ૬%

## મહીસાગરમાં સૌથી ઓછો ૦.૭૧% મૃત્યુદર : ડાંગ-નર્મદામાં જ હજુ સુધી કોરોનાથી એકપણ મૃત્યુ થયું નથી

અમદાવાદ- ગુજરાતમાં છેલ્લા ૮ દિવસથી કોરોના સંક્રમણના ૧ હજારથી વધુ દૈનિક કેસ નોંધાઈ રહ્યા છે અને મરણાંક પણ ૨૩૫૦ને પાર થયો છે. ગુજરાતમાં કોરોનાથી સૌથી વધુ ૧૫૭૯ મૃત્યુ અમદાવાદમાં નોંધાયા છે. જોકે, રાજ્યના જિલ્લાઓમાં મૃત્યુદરની રીતે જોવામાં આવે તો અમદાવાદ ૬.૧૦% સાથે ત્રીજા સ્થાને છે. અરવલ્લી જિલ્લામાં ૮% સાથે સૌથી વધુ જ્યારે મહીસાગરમાં ૦.૭૧% સાથે સૌથી ઓછો મૃત્યુદર છે.

ગુજરાતમાં ૨૭ જુલાઈની સ્થિતિએ કોરોનાથી મૃત્યુદર ૪.૧૨% છે. આમ, ગુજરાતમાં કોરોનાના પ્રત્યેક ૧૦૦ કેસમાંથી સરેરાશ ૪ થી વધુ દર્દી પોતાનો જીવ ગુમાવે છે. ગુજરાતના ૩૩માંથી ૩૧ જિલ્લામાં કોરોનાથી ઓછામાં ઓછું એક મૃત્યુ નોંધાયું છે. રાજ્યમાં માત્ર ડાંગ અને નર્મદા એવા જિલ્લાઓ છે જ્યાં કોરોનાથી એકપણ વ્યક્તિનું મૃત્યુ થયું નથી. ગુજરાતના જે જિલ્લાઓમાં સૌથી વધુ મૃત્યુદર હોય તેમાં દેવભૂમિ દ્વારકા ૬.૬૭% સાથે બીજા, પાટણ ૪.૭૫% સાથે ચોથા ક્રમે છે. સુરતમાં કોરોનાથી ૩૬૭ વ્યક્તિના મૃત્યુ થયા છે અને મૃત્યુદર ૩.૧૦% છે. ગુજરાતમાં કોરોનાથી સૌથી વધુ મૃત્યુ થયા હોય તેવા જિલ્લાઓમાં વડોદરા ૭૨ સાથે ત્રીજા સ્થાને છે અને ત્યાં મૃત્યુદર ૧.૬૦% છે.



રાજ્યના જે જિલ્લાઓમાં સૌથી ઓછો મૃત્યુદર છે તેમાં તાપી ૦.૭૫% સાથે બીજો ક્રમ ધરાવે છે. તાપીમાં ૧૩૩ કેસ સામે ૧ વ્યક્તિનું મૃત્યુ થયું છે. વલસાડમાં ૫૫૯ કેસ સામે પાંચ વ્યક્તિના મૃત્યુ થયા છે અને ત્યાં મૃત્યુદર ૦.૮૯% છે. ગુજરાતના અન્ય જિલ્લાઓમાંથી ગાંધીનગરમાં ૩%, રાજકોટમાં ૧.૬૦%, ભાવનગરમાં ૧.૮૦%, ભરૂચમાં ૧.૪૦%, જુનાગઢમાં ૧.૩૦%, મહેસાણામાં ૨.૪૦%, સુરેન્દ્રનગરમાં ૧.૬૦%, બનાસકાંઠામાં ૨.૭૦%, જામનગરમાં ૧.૭૦%, ખેડામાં ૨.૮૦%, કચ્છમાં ૩.૪૦%, આણંદમાં ૩% છે.

કોરોનાથી સાજા થવાનો દર ગુજરાતમાં હવે ૭૨% છે. મહાનગરો પ્રમાણે જોવામાં આવે તો સાજા થવાનો દર અમદાવાદમાં ૮૧%, વડોદરામાં ૭૯.૧૦%, ગાંધીનગરમાં ૭૨.૬૦%, સુરતમાં ૬૭.૫૦%,રાજકોટમાં ૪૮%, ભાવનગરમાં ૬૬.૪૦% છે. ગુજરાતમાં હાલ કોરોનાના ૬.૬૭ લાખ ટેસ્ટ થયા છે અને તેની સામે પોઝિટિવ કેસનું પ્રમાણ ૮.૫૦% છે.

### અમદાવાદમાં પહેલીવાર એક્ટિવ કેસોની સંખ્યા ઘટી

અમદાવાદ: મે મહિનામાં જ્યારથી અમદાવાદમાં કોરોનાના કેસો વધવાનું શરૂ થયું ત્યારથી એક્ટિવ કેસોની સંખ્યા ૪૦૦૦ની આસપાસ રહેતી હતી. જો કે, ૧ જુલાઈથી અમદાવાદમાં કોરોનાના કેસની સંખ્યા ૩૨૦૦ની આસપાસ સ્થિર થઈ છે. હવે પહેલીવાર છેલ્લા બે દિવસોમાં એક્ટિવ કેસોનો આંકડો ૩૦૦૦થી નીચે ગયો છે. બુધવારે સવારે અમદાવાદમાં ૨,૮૪૨ એક્ટિવ કેસ હતા. બુધવારે સાંજે નવા ૧૪૬ કેસ નોંધાયા અને ૧૦૨ દર્દીઓને રજા અપાઈ. પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તાએ કહ્યું, કે સઘન સર્વેલન્સ અને કેન્દ્રિત ટેસ્ટિંગના કારણે આ શક્ય બન્યું છે.

### MBBS વિદ્યાર્થીઓને ફરજિયાત કોવિડ ડ્યુટી સામે રિટ

અમદાવાદ- એમ.બી.બી.એસ.ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં ૧૪૬ વિદ્યાર્થીઓ તેમને અપાયેલી ફરજીયાત 'કોવિડ સહાયક'ની ડ્યુટી સામે હાઇકોર્ટમાં રિટ કરી છે. તેમની રજૂઆત છે કે તેમની ફાઇનલ પરીક્ષા થોડાં સમયમાં લેવાય તેવી શક્યતા છે અને તેના માટે સતત અને ખંતથી વાંચનની જરૂરિયાત છે. આ રિટ એ.એમ.સી. સંચાલિત એન.એચ.એલ. મેડિકલ કોલેજ અને એમ.એમ.સી. મેટ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ કરી છે, જેથી એ.એમ.સી.એ હાઇકોર્ટમાં કેવિયેટ ફાઇલ કરી છે. અરજદાર વિદ્યાર્થીઓની રજૂઆત છે કે ૧૩-૩-૨૦૨૦થી રાજ્ય સરકાર દ્વારા એપિડેમિક ડિસીઝ એક્ટ હેઠળની જોગવાઇઓ રાજ્યમાં લાગુ કરવામાં આવી છે.

### વડોદરા સેન્ટ્રલ જેલમાં એકસાથે ૪૩ કેદી પોઝિટિવ

વડોદરાની સેન્ટ્રલ જેલમાં કોરોના બ્લાસ્ટ થયો છે. મંગળવારે ૧૮ કેદીઓ પોઝિટિવ આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. તેવામાં આજે મધ્યસ્થ જેલનાં વધુ ૪૩ દર્દીઓ કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. હાલ આ તમામ દર્દીને સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે. મહત્વનું છે કે, સોમવારે ઓએસડી ડો. વિનોદ રાવે સેન્ટ્રલ જેલની મુલાકાત લીધી હતી. અને જેલમાં ૮૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરવાની જાહેરાત કરી હતી. ગઈકાલે વડોદરા મધ્યસ્થ જેલમાં ૧૮ જેટલા કેદીઓનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તેઓને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડાયા છે. આમ માત્ર ૨ જ દિવસમાં સમગ્ર જેલમાં કોરોના વાઈરસનું સંક્રમણ ફેલાઈ ગયું છે.

### રાજકોટમાં સાતના મોત : એક દિવસમાં વધુ ૪૭ કેસ

રાજકોટ: શહેરમાં કોરોના વિસ્ફોટ થયો હોય શનિવારની સાંજથી બુધવારે બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ૪૭નો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. રાજકોટમાં કુલ કેસની સંખ્યા ૯૨૮ થઇ છે.જ્યારે વધુ સાત દર્દીના કોરોનાથી મોત નીપજ્યાં હતાં. ચાર દર્દીના સિવિલ હોસ્પિટલમાં અને ત્રણ દર્દીના ખાનગી હોસ્પિટલમાં મોત નીપજ્યાં છે. શનિવારની સાંજ સુધીમાં છ દર્દીના મોત નીપજ્યા હતા. જ્યારે અમરેલીમાં કોરોના વિસ્ફોટ થતા ૩૮ કેસ અને દીવમાં સાત કેસ નોંધાયા અને ગોંડલના ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. સૌરાષ્ટ્રમાં રાજકોટ અને અમરેલી જિલ્લાઓ ઉપરાંત સૌથી વધુ ગંભીર સ્થિતિ ભાવનગરમાં જોવા મળી રહી છે.

## સુરતને ૪૫૦ ટોસિલીઝુમેબ, ૧૩૫ ઈંટોલીઝુમેબ ઈન્જેકશન ફાળવાશે

દર્દીઓના સબંધીઓનો રઝળપાટ, રોજનો હોબાળો, કાળાબજારીયા પાસે લૂંટાયા બાદ હવે રાહત મળવાની આશા

સુરત- સુરતમાં રોજના ૨૦૦થી વધુ કોરોનાનાં કેસ નોધાઈ રહ્યા છે. કોરોના ગંભીર હાલતના દર્દીઓ માટે અતિ ઉપયોગી ટોસિલીઝુમેબ ઈન્જેંકશ અગાઉ નહી મળતા ભારે વિવાદ સર્જાયો હતો.બાદમાં સરકારે આગામી દિવસમાં સુરતને ટોસિલી ઝુમેબ ઈન્જેકશન ૪૫૦ અને ઈંટોલી ઝુમેબ ઈન્જેકશન ૧૩૫ની ફાળવાનું નક્કી કર્યુ હોવાનું જાણવા મળે છે.

કોરોના ગંભીર હાલતના દર્દી માટે અતિ ઉપયોગી એવા ટોસિલીઝુબેલ ઈન્જેંકશન બજારમાં ઉપલબ્ધ નથી. જેથી પ્રાઈવેટ હોસ્પિટલમાંથી દર્દીના સંબંધી ઈંજેક્શન માટે આમ તેમ ભટકી રહ્યા છે.જેથી ટોસિલીઝુમેબ ઈન્જેંકશનની ડીમાન્ડ વધતા નવી સિવિલ ખાતે અગાઉ ભારે ધસારો અને હોબાળો પણ થયો હતો. ત્યારે આજરોજ ગાંધી નગર ખાતે રાજ્યના મુખ્ય મંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષ સાથે મળેલી એક બેકઠકમાં સુરતને ટોસિલિઝુમેબ સ્વિસ હેલ્થ કેર રોચ ૪૫૦ અને ઈંટોલી ઝુમેબ બાયોકેમ ૧૩૫ ની ફાળવણી કરવાનું નક્કી કર્યુ હતુ. જેમા સિવિલ હોસ્પિટલમાં ટોસિલીઝુમેબ ઈન્જેકશન ૧૦૦ નંગ, સ્મીમેર હોસ્પિટલ માટે૫૦, અન્ય ખાનગી હોસ્પિટલોને૨૦૦, જાહેર મેડિકલ સ્ટોર્સ માટે ૧૦૦ આગામી દિવસમાં ફાળવવામાં આવશે.

### પાલનપુર, પાટણ, સિધ્ધપુર બપોર બાદ સ્વયંભુ બંધ

પાલનપુર : પાટણ-બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતુ જઇ રહ્યું છે. જેને લઇ જિલ્લામાં હવે વેપારીઓ દ્વારા જુદા જુદા શહેરમાં બપોર બાદ બજાર સ્વયંભુ બંધ રાખવામાં આવી રહ્યા છે. જેમાં પાલનપુર, પાટણ બાદ હવે સિધ્ધપુરમાં પણ સોમવારથી બપોરના બે વાગ્યા બાદ તમામ વેપારીઓ દ્વારા પાન-ગલ્લા, બુટ-ચંપલ, કપડાં સહિતની તમામ દુકાનો બંધ કરી પાલિકાની અપીલને માન્ય રાખી હતી. અને કોરોનાનું સંક્રમણ અટકાવવા વધુ એક આવકારદાયક નિર્ણય લીધો હતો. પાટણ શહેરમાં કોરોનાનું વધતુ જતું સંક્રમણને લઇ અત્યાર સુધી શહેરમાં ૩૦૮ પોઝિટીવ કેસ નોંધાયા છે.

## સુરતમાં સાત જ દિવસમાં કોરોના વાઈરસથી ૧૦૧એ જીવ ગુમાવ્યા

સુરતમાં ૧૯ માર્ચના રોજ વિદેશથી આવેલી યુવતીને કોરોના આવ્યા બાદ ૨૬ જુલાઈ સુધીમાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૧૨,૨૬૮ ઉપર પહોંચી ગયો છે. દરરોજ ૨૫૦ થી વધુ નવા કેસ અને ૧૦થી વધુ મોતનો વધારો થઈ રહ્યો છે. આખા ગુજરાતમાં કોરોના કેસની સંખ્યા ૨૬ જુલાઈ સુધીમાં ૫૫,૮૨૨ થઈ છે, જેમાંથી સુરતના ૧૨,૨૬૮ કેસ એટલે ૨૧.૯૭ ટકા દર્દી માત્ર સુરતમાં જ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨,૩૨૬ મોત નોંધાયા છે. સુરતમાં અત્યાર સુધીમાં ૫૪૪ લોકોની જિંદગી કોરોનામાં હોમાઈ ગઈ છે. જે ગુજરાતના અત્યાર સુધીના મૃત્યુઆંકમાં ૨૩.૩૮ ટકા છે. સાત દિવસમાં સમગ્ર ગુજરાતમાં ૭૩૮૧ કોરોના પોઝિટિવ દર્દી નોંધાયા હતા જેમાં માત્ર સુરતમાં જ ૨૬.૭૯ ટકા એટલે ૧૯૭૮ દર્દી નોંધાયા હતા. સુરતમાં કોરોનાનું સંક્રમણ જેટ ગતિએ વધી રહ્યું છે. કેસ વધવા કરતાં આખા ગુજરાતમાં સૌથી વધુ મોત સુરતમાં થતાં હોવાથી ચિંતામાં વધારો થયો છે. સુરતમાં કોરોનાના મોતનું તાંડવ થઈ રહ્યું છે, સુરતમાં ૨૦ જુલાઈથી ૨૬ જુલાઈ વચ્ચે રોજના ૧૩ લોકોના સરેરાશ મોત થયા હતા, જેમાં ૨૧ જુલાઈએ સૌથી વધુ ૨૧ મોત અને ૨૦ અને ૨૫ જુલાઈએ સૌથી ઓછા ૧૧ મોત થયા છે. છેલ્લા સાત દિવસમાં આખા ગુજરાતમાં ૧૭૯ મોત નોંધાયા છે, જેમાંથી માત્ર સુરતમાં જ ૧૦૧ મોત એટલે કુલ મોતના ૫૬.૪૨ ટકા મોત નોંધાતા હાહાકાર મચી ગયો છે.

## હવે ગુજરાતના ગામડામાં કોરોના સંક્રમણ વધ્યું : શહેરોમાં કેસ ઘટ્યા

અમદાવાદ: કોરોના વાઈરસનું સંક્રમણ સૌથી પહેલા શહેરી વિસ્તારોમાંથી શરૂ થયું હતું તેમ જ શરૂઆતના તબક્કામાં મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં નહીંવત કેસ જ નોંધાયાં હતા, પરંતુ હવે કોરોના વાઈરસ ધીમે ધીમે શહેરોમાંથી ગામડાં તરફ ફેલાઈ રહ્યો છે.

એક મહિના પહેલા માત્ર આઠ શહેરોમાં જ કોરોનાના કુલ કેસના ૮૫ ટકા કેસ આવતા હતા અને ૧૫ ટકા કેસ અન્ય વિસ્તારોમાંથી આવતા હતા. જ્યારે હવે આ શહેરોમાંથી ૬૩ ટકા જ કેસ આવી રહ્યા છે જ્યારે બાકીના ૩૭ ટકા કેસ અન્ય જિલ્લામાંથી નોંધાઇ રહ્યા છે. રાજ્યમાં ૨૮મી જુલાઈએ વધુ ૨૪ દર્દીઓનાં મોત થતાં ગુજરાતમાં કોરોનાનો મૃત્યુઆંક ચાલુ મહિનામાં જ ૫૪૦ વટાવી ગયો છે તેમજ નવા ૧૧૦૮ કેસ નોંધાતા સતત નવમા દિવસે દૈનિક કેસોનો આંક ૧૦૦૦ ઉપર રહ્યો છે. આ નવ દિવસમાં કોરોનાના કુલ ૯,૫૩૫ કેસ નોંધાયા છે. કોરોનાના પ્રથમ ૫૧ દિવસોમાં જેટલા કેસો હતા, તેના કરતા ૯ દિવસની સંખ્યા વધુ છે. રાજ્યમાં ૮ મેના રોજ ૭,૪૨૩ કેસ હતા, જે વધીને હવે ૫૭,૯૮૨ થયા છે. જ્યારે મૃત્યુઆંક ૨૩૭૨ થયો હતો. બીજી બાજુ એક મહિનાથી કોરોના ગ્રામીણ વિસ્તારોમાં ફેલાવા લાગતા રાજ્યના આઠ શહેરોનો કોરોનાના કેસોના હિસ્સામાં ઘટાડો નોંધાયો છે.

## સીએમ ફંડમાંથી ગુજરાતમાં કોરોના પાછળ રૂપિયા ૨૪૪ કરોડ ખર્ચાયા

ગાંધીનગર : મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અત્યાર સુધી મુખ્યમંત્રી રાહત નિધિમાંથી કુલ રૂ. ૨૪૪ કરોડ કોરોના સામે લડવા માટે ફાળવ્યા છે. કોરોના સંક્રમણ નિયંત્રણ-તબીબી સુવિધા-સારવાર માટે આ રકમ ફાળવાઈ છે. આ રૂ. ૨૪૪ કરોડ પૈકી રૂ. ૧૦૦ કરોડ ૭ મહાનગરપાલિકાઓને, રૂ. ૧૦૦ કરોડ આરોગ્ય વિભાગને ફાળવાયા છે, જ્યારે ઈન્જેક્શનોની ખરીદી પાછળ રૂ. ૧૫.૫૨ કરોડ, સ્ક્રીનિંગ તથા ડાયગ્નોસ્ટિક સેવાઓ પાછળ રૂ. ૧૯.૭૯ કરોડ તથા અન્ય પાછળ રૂ. ૧.૮૯ કરોડ ખર્ચાયા હોવાનું રાજ્ય સરકારે જાહેર કર્યું છે. રાજ્ય સરકારે જાહેર કર્યું છે કે, જે રૂ. ૧૦૦ કરોડ ૭ મહાનગરપાલિકાઓને અપાયા તે પૈકી રૂ. ૫૦ કરોડ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂ. ૧૫ કરોડ, વડોદરા અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનોને રૂ. ૧૦-૧૦ કરોડ તેમજ ગાંધીનગર-ભાવનગર-જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનોને રૂ. પાંચ-પાંચ કરોડ અપાયા છે. આરોગ્ય વિભાગને રૂ. ૧૦૦ કરોડ ફાળવાયા છે, જે પૈકી આરોગ્ય રક્ષક દવાઓની ખરીદી પાછળ રૂ. ૧૧.૮૦ કરોડ તેમજ ૨૦,૯૮,૪૮૫ એન-માસ્ક ઉપરાંત પીપીઈ કિટ, હેન્ડ ગ્લોવ્ઝ તથા સેનિટાઈઝરની ખરીદી પાછળ રૂ. ૧૫.૪૨ કરોડ વપરાયા છે. મહાનગરોમાં ડેડિકેટેડ કોવિડ હોસ્પિટલ સેન્ટર, સ્ક્રીનિંગ-ટેસ્ટિંગ, ધન્વંતરિ રથ, કન્ટેનમેન્ટ ઝોન વગેરે પાછળ થયેલો ખર્ચ પણ કુલ રકમમાં સામેલ છે.

# કચ્છના પેટાળમાં ઊર્જા વધી : ફોલ્ટ લાઈન પર ૧૦૦૦ વર્ષથી મોટો ભૂકંપ આવ્યો નથી

ભુજ : ભૂકંપના અતિ સક્રિય એવા ઝોન-૫માં આવતા કચ્છમાં સમયાંતરે નાના-મોટા અને અતિ વિનાશકારી આંચકાએ પેટાળને હલબલાવી નાખ્યું છે. ત્યારે કચ્છ મેઈન લેન્ડ ફોલ્ટ લાઈન ફરી સક્રિય બનતાં આગામી વર્ષોમાં કચ્છમાં મોટી તીવ્રતા સુધીનો મોટો ભૂકંપ આવવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. ભૂસ્તરશાસ્ત્રીઓએ કચ્છ મેઈન ફોલ્ટ લાઈન પર કરેલા અભ્યાસ બાદ આ તારણ બહાર આવ્યું છે. આ ફોલ્ટ લાઈન પર છેલ્લા એક હજાર વર્ષથી કોઈ મોટો ભૂકંપ આવ્યો ન હોવાથી જમીની ઊર્જા વધી રહી છે. જે ગમે ત્યારે રિલીઝ થતાં મોટો ભૂકંપ આવી શકે છે. જેમાં કચ્છના અંજાર અને ગાંધીધામની સાથે અમદાવાદમાં પણ ભયંકર નુકસાન થવાનો અંદાજો છે. ફોલ્ટ લાઈન જમીનના પેટાળમાં લખપતથી લઈને ભચાઉ સુધી ૧૮૦ કિમી જેટલી લાંબી ફોલ્ટ લાઈન આવેલી છે. કચ્છ યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વિભાગ અને ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજી રિસર્ચ સેન્ટરના તજજ્ઞોની ટીમે કરેલા અભ્યાસના આધારે અરેબિયન જર્નલ ઓફ જિઓ સાયન્સમાં પ્રકાશિત થયેલા સંશોધન પેપરના આધારે આ મહત્ત્વનું તારણ બહાર આવ્યું છે. આ સંશોધનમાં ૨૦૧૯માં રજૂ કરાયા બાદ હાલના જર્નલમાં પ્રસિદ્ધ કરાયું છે. ૫૦૦૦ વર્ષ પૂર્વેના ભૂકંપના અવશેષોરૂપી ખડકો મેળવી તેનો વિસ્તારપૂર્વક અભ્યાસ કરાયો હતો. સેટેલાઈટ ઈમેજ ઉપરાંત રેડિયો કાર્બન' ટેકનોલોજીનો અભ્યાસ કરી કચ્છ મેઈન લેન્ડ ફોલ્ટ લાઈનમાં ૫૦૦૦ વર્ષ પૂર્વે, ૪૦૦૦થી ૪૬૦૦ વર્ષ પૂર્વે, ૨૦૦૦થી ૨૯૦૦ અને ૧૦૦૦થી ૧૨૦૦ વર્ષ પૂર્વે અનુભવાયેલા મોટા ભૂકંપની માહિતી મેળવાઈ હતી. કચ્છ યુનિવર્સિટીના સંશોધકો અને ગાંધીનગરમાં આવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા કચ્છ મેઈન લેન્ડ ફોલ્ટ લાઈન પર સંશોધન કરવામાં આવ્યું હતું.

# કચ્છમાં ખેતી માટે ધિરાણને નામે રૂપિયા 30 કરોડનું લોન કૌભાંડ

ભુજઃ લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકાના ખેડૂતોના નામે બોગસ દસ્તાવેજો પર પાક ધિરાણના નામે રત્નાકર બેન્ક લિમિટેડમાંથી બારોબાર ૩૦ કરોડ રૂપિયાની લોન લેવાના ચકચારી કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમે સૂત્રધાર જયંતી જેઠાલાલ ઠક્કર અને ભદ્રેશ ટ્રેડિંગ કોર્પોરેશનના ત્રણ ડાયરેક્ટરો મળી ૧૦ લોકો સામે ભુજમાં સીઆઈડી બોર્ડર રેન્જ પોલીસ મથકે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. અન્ય આરોપીઓમાં કેડીસીસી બેન્કની નલિયા શાખાના તત્કાલિન બ્રાન્ચ મેનેજર સંજય ત્રિપાઠી અને આરબીએલના અધિકારી પ્રતીક શાહ, ભદ્રેશ વસંતરાય મહેતા,પાર્થ ભદ્રેશ મહેતા,હિના ભદ્રેશ મહેતા,જયંતી જેઠાલાલ ઠક્કર (અર્પિત ઈન્ટરનેશનલના પાર્ટનર), જયંતી જેઠાલાલ ઠક્કર (અબડાસા બચત મંડળીનો પ્રમુખ), ગિરિરાજસિંહ કનુભા જાડેજા,ચેતન વી. ભીંડે, કુંભાર મામદ સુમાર, સંજય ત્રિપાઠી (નલિયા કેડીસીસી મેનેજર), પ્રતીક શાહ (રત્નાકર બેન્કનો અધિકારી) સામે ફરિયાદ નોંધાવતા કચ્છના બેન્કિંગ આલમમાં ચકચાર પ્રસરી છે. ગત વર્ષ ૨૦૧૩માં કુલ ૧૧૯ ખેડૂતોના નામે આંબાના પાક માટે આરબીએલ બેન્કમાંથી ૨૯ કરોડ ૯૪ લાખ ૩૩ હજાર ૫૬૦ રૂપિયાની લોન લેવાઈ હતી.

# ધીરૂભાઈ અંબાણીના મોટાભાઈ રમણીકભાઈનું ૯૫ વર્ષની ઉંમરે નિધન

અમદાવાદ : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક સ્વર્ગસ્થ ધીરુભાઈ અંબાણીના મોટાભાઈ રમણીકભાઈ અંબાણીનું સોમવારે બપોરે અમદાવાદમાં અવસાન થયું છે. તેઓ ૯૫ વર્ષના હતા. આ અંગેની પુષ્ટી તેમના પરિવારે કરી છે. રમણિકભાઈ તેમના ભાઈ ધીરૂભાઈ અંબાણીના જીવનમાં દરેક પડાવના સાક્ષી રહ્યા છે. રિલાયન્સની શરૂઆતમાં પણ તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. પરિવારના એક નિવેદનમાં જણાવ્યા પ્રમાણે, રમણીકભાઈએ ૯૫ વર્ષનું સંપૂર્ણ અને ઉમદા જીવન જીવ્યું હતું. રમણિકભાઈ ૯૦ વર્ષના હતા ત્યાં સુધી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર મંડળમાં હતા. ૧૯૨૪માં હીરાચંદ અને જમુનાબેન અંબાણીના ત્રણ પુત્રોમાં તેઓ સૌથી મોટા હતા. તેઓ મૂળ જૂનાગઢના હતા. અન્ય બે ભાઈ ધીરૂભાઈ અંબાણી અને નટૂભાઈ અંબાણી અને બે બહેનો હતી.

# થાનગઢમાં પોલીસ ફાયરિંગમાં ઉના મોત મુદ્દે SIT અધિકારીઓની તપાસ

- ૨૦૧૨માં દલિત સમાજના ૩ બાળકોના મોત થયા હતા

ચોટીલા : ૨૦૧૨માં તરણેતરનાં મેળા સમયે દલિત સમાજ અને પોલીસ વચ્ચે ઘર્ષણમાં પોલીસ ફાયરીંગમાં ત્રણ દલિત બાળકોનાં મોત થયેલ જેની આઠ વર્ષથી ચાલતી તપાસમાં આજે સીટનાં અધિકારીઓએ થાનગઢ ખાતે અંતિમ તબક્કાની તપાસ કરવા આવ્યા હતા.

મંગળવારે થાનગઢ હત્યાકાંડ અંગે સીટના તપાસ અધિકારીઓ દ્વારા ઘટના સ્થળના અંતિમ પુરાવાઓ બાબતે ફરી હાઈસ્કૂલથી ફાટક નજીકનાં વિસ્તારમાં સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા રચાયેલી સીટમાં આઈપીએસ તરુણ દુગ્ગલ, પરિક્ષિતા રાઠોડ, અનુપમસિંહ ગેહલોત દ્વારા ભોગ બનનાર પરિવારોને ન્યાય મળે તે હેતુથી સ્થળ તપાસ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પોલિસ ફાયરીંગના બનાવે સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવેલ અને વિભાગનાં જ અધિકારીઓ સામે ગુનો દાખલ થયેલ છે. આઠ વર્ષ થયા છતા હજુ કોઈ નક્કર નિર્ણય આવેલ નથી. જે તે સમયે બનાવમાં મેહુલ વાલજીભાઈ રાઠોડ, પંકજ અમરશીભાઈ સુમરા,પ્રકાશ બાબુભાઈ પરમાર ત્રણ દલિત બાળકો ગોળીબારનો ભોગ બન્યા હતા.

# કચ્છમાં મોટાયક્ષનો મેળો રદ કરાયો, નખત્રાણાનો રામદેવ પીરનો મેળો યોજાશે નહીં

નખત્રાણા : કોરોનાની મહામારીના કારણે છેલ્લા ચાર મહિનાથી તમામ પ્રકારના ધાર્મિક તહેવારોની ઉજવણી રદ થઈ રહી છે. ત્યારે કચ્છમાં શ્રાવણ માસમાં યોજાતો મીની તરણેતર સમાન મોટાયક્ષનો ભાતીગળ મેળો તેમજ નખત્રાણામાં યોજાતો રામદેવપીરનો મેળો પણ આ વખતે રદ કરવામાં આવ્યો છે. બીજી તરફ ઈદની નમાઝ પણ ઈદગાહ ખાતે યોજાશે નહીં. નખત્રાણામાં ડીવાયએસપીની આગેવાની હેઠળ હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ, વેપારીઓ, સામાજિક આગેવાનોની હાજરીમાં શાંતિ સમિતીની બેઠક મળી હતી. જેમાં આગામી ધાર્મિક તહેવારોની ઉજવણીમાં લોકો એકત્ર ન થાય તેનું ધ્યાન રાખવા અપિલ કરવામાં આવી હતી. સરકારની માર્ગદર્શિકાને ધ્યાને લેતા અત્યાર સુધીના ઈતિહાસમાં પ્રાથમ વખત જ કકડપીઠના મોટા યક્ષનો ચાર દિવસનો ભાતીગળ મેળો રદ કરવામાં આવ્યો છે.

# ભારતમાં રૂ.૧૦૦ કરોડથી વધુનું વેચાણ ધરાવતા ડ્રેગન ફ્રુટનું કચ્છમાં વાવેતર વધ્યું



ભુજ : બિમારીઓમાં ડ્રેગન ફ્રુટ ઈમ્યુનિટી રોગ પ્રતિકારક શકિત વાધારવા રામબાણ ઈલાજ મનાય છે. ભારતમાં અંદાજે રૂ.૧૦૦ કરોડાથી વાધારે વેચાણ ધરાવતું ડ્રેગન ફ્રુટ કચ્છમાં અંદાજે ૩૫૦ એકર જમીનમાં ખેડૂતો પકવી રહ્યા છે. જિલ્લાના અબડાસા, ગાંધીધામ, માંડવી, અંજાર અને ભચાઉ તાલુકાના ખેડૂતોએ આત્મનિર્ભર બની વિયેતનામાથી ભારતમાં સૌથી વાધુ આયાત થતા આ ફળને ઘરઆંગણે ઉછેરી મબલખ પાક અને આવક મેળવી રહયા છે. કચ્છ જિલ્લામાં સફેદ અને લાલ/ગુલાબી પલ્પવાળા ડ્રેગન ફ્રુટ ઉગાડવામાં આવે છે જે સિઝનમાં રૂ.૩૦૦ થી ૧૫૦ રૂપિયા પ્રતિકિલો વેચાણ થાય છે. જિલ્લામાં સૌ પ્રાથમ નવી થાંભલા વાયર પદ્ધતિનો પ્રાયોગિક ધોરણે ઉપયોગ કરી અબડાસા તાલુકાના સંમેડા ગામના ખેડૂતે લાલ પલ્પવાળા ડ્રેગન ફ્રુટની ખેતીમાં સફળતા મેળવી છે.મનમાં સંકલ્પ અને આયોજનબદ્ધ રીતે ૧૫ એકરમાં થાંભલા વાયરની નવી ખેતી પદ્ધતિ બે વર્ષ પહેલા અંદાજે રૂ.૬ થી ૭ લાખના ખર્ચે પ્રારંભ કરેલી હાલ તેઓ થાંભલા-વાયર રોપા અને અનુકુળ જમીનાથી થોર જાતિના આ ડ્રેગન ફ્રુટ હાલ કોરોના કોવીડ-૧૯ ના પગલે રૂ.૧૫૦ થી ૨૦૦ પ્રતિ કિલો વેચાણ રહ્યા છે.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS




## સમગ્ર દુનિયામાં આજકાલ કોરોના વાઈરસથી આવેલ બજારોની મંદીમાંથી બહાર ક્યારે આવશે તેની માહિતી

**૧-૮-૨૦૨૦ થી તા. ૩૦-૪-૨૨ સુધીની માહિતી**

સમગ્ર દુનિયામાં વેપાર, ધંધા, ઉદ્યોગો, નોકરી, શેરબજાર, સોના-ચાંદી, ડાયમંડ, ઓઈલ, પેટ્રોલ, ડીઝલ, બાંધકામ, ખેતીવાડી, રસાયણ, જમીન, બાંધકામ, અભ્યાસ વિગેરે ધંધા-વેપારને કોરોના વાઈરસની મહામારીને લોકોને ખુબ મોટી આર્થિક અસર થયેલી છે. જેનાથી સામાન્ય પ્રજા મુશ્કેલીમાં મુકાઈ છે.

બજારો અને વેપાર ઉદ્યોગોને ખાસ કરીને જેતે ગ્રહ ઉદભવતા ગોચરના ગ્રહોની ખુબ અસર થાય છે. જેના સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, મોટા પ્રમાણમાં અસર કરતા હોય છે.

(૧) સુર્ય :- કોલસો ગેસ, પેટ્રોલ, એસીડ, વીજળીથી ચાલતા ઉત્પાદનો ઉપર અસર થાય છે. ૨૦૨૦થી ૨૦૨૧ના સમયમાં અસર વધુ જોવા મળશે અનેકો વખત તેજી-મંદી આવશે જાન્યુઆરી ૨૦૨૧માં તેજી ફેબ્રુઆરીમાં મંદી અન્ય માસમાં મિશ્રફળ આપશે. જેની ટકાવારી જોતા ૬૦ મંદી અને ૪૦ ટકા તેજી રહેશે.

(૨) ચંદ્ર : પ્રવાહી, પીણા, આયાત-નિકાસ, દરીયામાંથી ઊત્પન્ન થતી ચીજવસ્તુઓ, સીમેન્ટ, રેતી, પ્લાસ્ટિક દુધ અને તેની બનાવટો ઉપર તારીખ ૧-૮-૨૦૨૦થી ૩૧-૧૨-૨૦૨૧ સુધીના મહીના ઓગસ્ટ-મંદી, સપ્ટેમ્બર મંદી ઓક્ટોબરથી ડીસેમ્બર ૨૦૨૧ સુધી તેજી આવશે ટકાવારી જોતા ૬૦ ટકા તેજી ૨૦ ટકા મંદી અને ૨૦ ટકા મિશ્ર રહેશે.

(૩) મંગળ :- લોકંડ મશીનરી બાંધકામ, સોના-ચાંદી એલ્યુમીનીયમ "પિતળ-તાંબુ- શસ્ત્ર ઉત્પાદન, માઈન્સ નિકાસ વિગેરેમાં ઓક્ટોબર-૨૦૨૦ પછી તેજી તે ૨૦૨૧ના જુલાઈ સુધી જોવા મળશે. ઓગસ્ટ ૨૦૨૧થી સપ્ટેમ્બર મંદી રહે ઓક્ટોબરથી ૩૧ ડીસેમ્બર ૨૦૨૧ સુધી તેજી આવશે. જેની ટકાવારી જોતા ૭૦ ટકા તેજી ૩૦ મંદી રહેશે.

(૪) બુધ :- એ બજારો ઉપર પ્રભાવ પાડનાર મુખ્ય ગ્રહ છે. હાલમાં બુધની રાશિ મિથુનમાં રાહુ ચાલતો હોવાથી અને તારીખ ૨૪-૯-૨૦૨૦ પછી પછી વૃષભ રાશિમાં આવવાથી લેખકો. હિસાબનીશ, ઓડિટર, શિક્ષક- પ્રોફેસર, જ્ઞાન મેળવતા લોકો ઉપર મોટી નેગેટીવ અસર પડેલી છે. જેની અસર જાન્યુઆરી ૨૦૨૧ સુધી રહેશે.

ડોક્ટરી- દવાખાના, હેલ્થ માટે વપરાતી દવા-ગોળી સર્જીકલ ઉપકરણો /વગેરેમાં ૨૦૨૧ના ડીસેમ્બર મહીના સુધી તેજી રહેશે. શેરબજારમાં તારીખ ૧-૮-૨૦૨૦ થી તા. ૩૦-૧૨-૨૦૨૦ સુધી તેજી ૨૦૨૧ના જાન્યુઆરીથી મે ૨૦૨૧ સુધી મંદી, જુન ૨૦૨૧થી ડીસેમ્બર સુધી તેજી મંદી દરેક માસની તારીખ ૧ થી ૩ તેજી. ૪ થી ૧૨ મંદી ૧૩ થી ૧૮ તેજી ૧૯ થી ૨૩ મંદી ૨૪ થી ૩૧ તેજી રહેશે. જેમાં ખાસ કરીને સોમ-બુધ-ગુરૂ મંદી રહેશે. મંગળ- શુક્ર તેજી રહેશે. જેની ટકાવારી જોતા ૭૦ ટકા તેજી ૩૦ ટકા મંદી વર્તાશે.

(૫) ગુરૂ : તમામ પ્રકારના બજારો અને ખરીદ-વેચાણ ઉપર આગ્રહ અસર કરતા હોય છે. ખાસ કરીને અનેક પ્રકારની ચીજવસ્તુઓ અનાજ, હળદર, ધાણા, કરીયાણાના હોલસેલ વેપારી, શિક્ષક, પ્રોફેસર, લેખનકાર્ય, છાપકામ, વકીલાત, કર્મકાંડ, પુજા-પાઠ, સોનાનો વેપાર કરનાર કે દાગીનાની લે-વેચ કરનાર, પેક્ટરીઓમાં ઉત્પાદન કરનાર કારખાના વિગેરે ઉપર, તારીખ ૩-૪-૨૦૨૧ સુધીનો સમય ઘણો કઠીન પુરવાર થશે સોના ચાંદીમાં એક સરખી તેજી જોવા મળશે ૨૦૨૦ના નવેમ્બર ડીસેમ્બર સુધી સોનાના ભાવ ૧ તોલાના ૭૫૦૦૦ થી ૮૫૦૦૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. જાન્યુઆરી ૨૦૨૧ પછી સોનાના ભાવમાં થોડી મંદી આવશે અને ૨૦૨૧ માર્ચથી ડીસેમ્બર ૨૦૨૧ સુધી સોનું ૧ લાખ રૂપિયે તોલો જોવા મળશે, જ્યારે આજ સમય ગાળામાં ચાંદી રૂા. ૧,૫૦,૦૦૦ કીલોનો ભાવ થઈ શકે છે. જેની ટકાવારી જોતા ૮૦ ટકા તેજી ૨૦ ટકા મંદી રહેશે અન્ય વેપાર ઉદ્યોગોમાં ૨૦ ટકા તેજી ૮૦ ટકા મંદી રહેશે.

(૬) શુક્ર : વૈભવી મોટર ગાડીઓ. સૌદર્ય પ્રસાધનો, રેશમ બ્યુટી પાર્લર- સંગીત,- સીનેમા, સીરીયલો, મનોરંજનના સાધનો, ડાઈમન્ડ અને ઝવેરાત, સુગંધિત, અત્તર, સ્પ્રે પફ્યુમ, અગરબત્તી, ઈન્ટીરીયલ ડેકોરેશન, હોટલ-રેસ્ટોન્ટ ફોટોગ્રાફી- વિડીયો, મોઘા ચિત્રો, હસ્તકળા, શિલ્પકળા છાપકામ, લગ્નપ્રસંગો, કેટરસનો વ્યવસાય, કેમીકલ ફેક્ટરીઓ, વૈભવી બાંધકામ- ઈમારતો વિગેરે સાથે જોડાએલા લોકો માટે ઓગસ્ટ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ સુધી મંદી રહેશે. એપ્રિલ ૨૦૨૧થી જુન ૨૦૨૧ સુધી તેજી જુલાઈ ૨૦૨૧થી ઓક્ટોબર ૨૦૨૧ સુધી મંદી અને નવેમ્બર જાન્યુઆરી ૨૦૨૨ સુધી તેજી આ વ્યવસાયમાં આવશે જેની ટકાવારી જોતા ૭૫ ટકા મંદી ૨૫ ટકા તેજી રહેશે.

(૭) શનિ : જમીન લે-વેચ, દલાલી, શ્રોફની પેઢી, ખનીજ દ્રવ્યો અને પદાર્થો માસાહારી ખોરાક અને વ્યવસાય, ફુડ, ઓીલ, ડોક્ટરો- નર્સો- પરિચારિકાઓ, મજુરો, કારીગરો ફેરીયાઓ, ડ્રાઈવરો કારખાનામાં વ્યવસાય કરતા લોકો લોખંડ અને તેની બનાવટો દૈનિક મહેનત કરીને કમાતા અને તે વ્યવસાય સાથે જોડાએલા લોકો સીરામિક ઉદ્યોગો માટે ઓગષ્ટ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ સુધીનો સમય ગાળો ખુબ મુશ્કેલીવાળો પસાર થશે એપ્રિલ ૨૦૨૧થી જુલાઈ તેજી રહેશે, ઓગષ્ટ ૨૦૨૧થી માર્ચ ૨૦૨૨ સુધી મધ્યમ અને એપ્રિલ ૨૦૨૨ પછી તેજી રહેશે. જેની ટકાવારી જોતા ૫૫ ટકા મંદી, ૧૦ ટકા મધ્યમ, ૩૫ ટકા તેજી રહેશે.

(૮) રાહુ : કેમીકલ્સ, દારૂ, ઝેરી દવાઓ, મત્સ્યઉદ્યોગ, ડ્રગ્સ, બે નંબરના ધંધાઓ, કાળા બજારી, દાણચોરી, રાત્રિ વ્યવસાયો વિગેરે લોકો માટે હાલનો સમય ખુબ સારો છે. તા. ૨૪-૯-૨૦૨૦ સુધી તેજી (ઊત્તમ) તા. ૨૫-૯-૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ થી ડીસેમ્બર ૨૦૨૧ સુધી તેજી રહેશે.

(૯) કેતુ : ટેકનીકલ લાઈન આઈ.ટી.ના કર્મચારીઓ, કર્મકાંડની ક્રિયા કરાવતા લોકો માટે અને કથાવાર્તા, પુજાપાઠ મંદિરો, ધર્મસ્થાનો વિગેરે માટે હાલનો સમય કઠીન પુરવાર થશે કેતુ મંગળની રાશિમાં તા. ૨૫-૯-૨૦૨૦ થી તારીખ ૩૦-૧૨-૨૦૨૦ સુધી મધ્યમ ફળ આપશે. ત્યારબાદ ૧-૧-૨૦૨૧થી આ વ્યવસાયમાં તેજી આવશે, જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૧ મંદી રહેશે. સપ્ટેમ્બર ૨૦૨૧ પછી ખુબ તેજી આવશે.

(૧૦) હર્ષલ : કેતીવાડી, બાગ બગીચા, મેળાવડા, સમારંભો સભાઓ, કથા-વા૪તા, વિગેરે ઉપર અસરકારક હોવાથી ૧-૮-૨૦૨૦થી ૩૦-૧૧-૨૦૨૦ સુધી મંદી ૧-૧૨-૨૦૨૦થી ૩૦-૫-૨૦૨૧ સુધી તેજી ૧-૬-૨૦૨૧ થી ૩૦-૯-૨૦૨૧ સુધી મધ્યમ ૧-૧૦-૨૦૨૧ થી ૩૦-૪-૨૦૨૨ સુધી તેજી આ વ્યવસાયમાં કામકાજ કરતા લોકો માટે રહેશે.

(૧૧) નેપ્ચ્યુન : પ્રવાસો- વિદેશની સફર હવાઈ સેવાઓ, રેલસેવા આયાત- નિકાસ માટે ૧-૮-૨૦૨૦ થી ૩૦-૧૨-૨૦૨૦ સુધી મંદી ૧-૧-૨૦૨૧ પછી રાહત થશે.

(૧૨) પ્લુટો : મરણ પાછળ વપરાતી દરેક વસ્તુ ક્રિયા-કર્મ માટે ૧-૮-૨૦૨૦ થી ૩૦-૧૨-૨૦૨૧ સુધી તેજદી મંદી મિશ્ર રહેશે.

એકંદરે એવું કહી શકાય કે ૬૫ ટકા મંદી, ૨૫ ટકા તેજી, ૧૦ ટકા મિશ્રફળ આપનાર ૨૦૨૦ અને ૨૦૨૧ના મે-મહીનાના બાદ જ સમગ્ર દુનિયાના તમામ વેપાર-ધંધા, રોજગાર માટે શુભ અને સારૂ પરિણામ લાવશે અને બજારોમાં ફુલ ગુલાબી તેજી આવશે.




-------------- : સંપર્ક સાધવા માટે : --------------

**બીપીન એસ્ટ્રોલોજર**

૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા

Whatsapp No. 98790 87511

Time : 10.00 am to 6.00 pm


# અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં હવે ભારતીય કિસાન યુનિયન ત્રીજો હરિફ

**• ભાજપ-કોંગ્રેસ ઉપરાંત ત્રીજા પક્ષની ઝંપલાવવાની તૈયારી**

આણંદ: વિશ્વ વિખ્યાત આણંદની અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણી આગામી ઓગષ્ટ માસના અંતમાં યોજાવાની શક્યતા જોવાઈ રહી છે ત્યારે સૌથી મોટી સહકારી સંસ્થા ઉપર હકુમત જમાવવા માટે ભાજપ તથા કોંગ્રેસ દ્વારા અત્યારથી જ કમર કસી દેવામાં આવી છે. બીજી તરફ ભારતીય કિસાન યુનિયન દ્વારા પણ આ ચૂંટણીમાં ઝંપલાવવાના સંકેત આપવામાં આવ્યા છે ત્યારે અમૂલની ચૂંટણીને લઈ અત્યારથી જ રાજકારણ ગરમાયું છે.

અમૂલના નિયામક મંડળની મુદત પૂર્ણ થઈ હોઈ નિયામક મંડળની ચૂંટણી યોજવાની કવાયત હાથ ધરવામાં આવી છે. થોડા દિવસ પૂર્વે આ અંગે પ્રાંત અધિકારી દ્વારા કામચલાઉ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિધ્ધિ કરાઈ હતી અને મતદાર યાદી અંગેના વાંધા-સૂચનો મંગાવવામાં આવ્યા છે. ઓગષ્ટ માસના પ્રથમ સપ્તાહમાં ફાઈનલ મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ બ્લોકવાઈઝ ચૂંટણી યોજાનાર હોઈ આણંદ સહિત ખેડા જિલ્લાની વિવિધ બેઠકો ઉપર ચૂંટણી યોજાશે. અમૂલ નિયામક મંડળની ચૂંટણીના પડઘમ શરૂ થતાંની સાથે જ ભાજપ તથા કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા તેજ કરી દેવામાં આવી છે. સાથે સાથે ભારતીય કિસાન યુનિયન દ્વારા પણ પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## વડોદરામાં દુર્ઘટના ટળી, કર્ણાવતી એક્સપ્રેસનાં ડબ્બા છૂટા પડ્યા

વડોદરા :અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ તરફ જતા કર્ણાવતી એક્સપ્રેસના પેસેન્જર ડબ્બા વડોદરાથી વિશ્વામિત્રી રેલવે સ્ટેશન વચ્ચે બુધવારે વહેલી સવારે છૂટ્ટા પડી ગયા હતા. એક મુસાફરે આ ઘટનાનો વીડિયો બનાવી પોતાના ટ્વિટર ઉપર વાઈરલ કરતા રેલવેની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. ટ્રેનની સ્પીડ ઓછી હોવાના કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. વેસ્ટર્ન રેલવેના PRO ખેમરાજ મીનાએ જણાવ્યું હતું કે, સવારે વડોદરાથી મુંબઈ તરફ જવા માટે નીકળેલ કર્ણાવતી એક્સપ્રેસ (૦૨૯૩૪)ના પેસેન્જર ડબ્બા વડોદરા અને વિશ્વામિત્રી રેલવે સ્ટેશન વચ્ચે છૂટા પડ્યા હતા.

## ગોધરામાં ૪.૭૬ કરોડની રદ થયેલી ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટ કબજે

ગોધરા : ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં મેડ સર્કલ ગરનાળા પાસે આવેલી ટાયરની દુકાન નજીક ઈન્ડીકા ગાડીમાં ઈંદ્રિશ સુલેમાન હયાત અને તેનો પુત્ર ઝુબેર ઈંદ્રિશ હયાત તથા ફારૂક ઈશાક છોટા (તમામ રહે.ગોધરા) મોટા જથ્થામાં ભારતીય બનાવટની ચલણી નોટોનો ગેરકાયદેસર વહીવટ કરી રહ્યા હોવાની એસઓજી પીઆઈને બાતમી મળી હતી. જે આધારે પોલીસે બાતમીના સ્થળે તપાસ કરતાં ફરૂક છોટા હાજર મળી આવ્યો હતો.

તેની પાસેથી એક હજાર દરની જૂની ચલણી નોટોના પાંચ બન્ડલ મળી આવ્યા હતા. તેની વધુ પૂછપરછ દરમિયાન ઈંદ્રિશ સુલેમાન હયાત અને તેનો પુત્ર ઝુબેર હયાતની તપાસ કરતાં ઈંદ્રિશ હયાત ભાગી છૂટયો હતો. તેનો પુત્ર ઝુબેર ઈન્ડીકામાંથી ઝડપાયો હતો. તેમના ઘરની તપાસ દરમિયાન બંધ મકાનમાંથી એક હજાર દરની ૯૩૧૨ અને પાચસોના દરની ૭૬,૭૩૯ નોટો મળી કુલ રૂ. ૪,૭૬,૮૧,૫૦૦ મળી આવ્યા છે.

પોલીસે તમામ ચલણી નોટો કબ્જે લઈ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે લાવી ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બેંકના કર્મચારીઓની ઉપસ્થિતિમાં ગણતરી કરવામાં આવી હતી. અધધ માત્રામાં મળી આવેલી ચલણી નોટો ગણત્રી કરવા માટે પોલીસને શહેરની બેંકોમાંથી કાઉન્ટીગ મશીનો લાવવાની ફરજ પડી હતી.

# મેઘરજમાં હત્યા બદલ બે ભાઈ જેલમાં, અને યુવાન પાંચ મહિને જીવતો મળ્યો

મેઘરજ : મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ મથકની હદમાં આવેલા મોટીમોરી ગામે એક ખેતરના પાળ ઉપરથી ચાદરમાં દોરીથી વીંટાળેલી હાલતમાં એક યુવાનની લાશ ગત ૬-૨-૨૦ના રોજ મળી આવી હતી. હાથ ઉપર લખેલ ઈશા નામના લખાણના આધારે તપાસ કરતાં પોલીસને આ યુવાન મેઘરજના વાઘપુર ગામ નજીક આવેલ રાજસ્થાનના સીમલવાડા તાલુકાના ખરપડા ગામનો હોવાની માહિતી મળેલી. જેના આધારે પોલીસ ખરપડા ગામે ગઈ હતી પરંતુ યુવાનના ઘરવાળાઓએ લાશને ઓળખતા નથી તેવુ જણાવ્યુ હતુ પરંતુ આ લાશ ઈશ્વર ખાતુભાઈ મનાતની છે તેવુ તેના સસરાએ જણાવતાં પોલીસે ઈશ્વરના બે ભાઈઓ પ્રકાશ ખાતુભાઈ મનાત અને પારસ ખાતુભાઈ મનાત ની ગત ૨૨-૦૬-૨૦ના રોજ ધરપકડ કરી જેલના હવાલે કરી દીધા હતા. પણ બે દિવસ અગાઉ જે યુવાનની હત્યા થયેલી બતાવેલી તે ઈશ્વર ખાતુભાઈ મનાત પોતાના ઘેર આવતાં સૌ ચોંકી ઊઠયા હતા. ઈશ્વરને પૂછતાં તે જુનાગઢ હતો અને લોકડાઉનમાં ફસાઈ ગયો હતો તેવુ જણાવ્યું હતું.

**ઈશ્વરની હત્યા કરી નહોતી છતાં ભાઈઓએ ગુનો કેમ કબૂલ્યો**

ઈશ્વર મનાત જીવતો પાછો ફર્યો હોવાથી પોલીસની ક્રૂરતા અને ગુનો કબૂલાવવાની પદ્ધતિ સામે ય સવાલો ઉઠયા છે. ઈશ્વરની હત્યા થઈ અને તેના જ બે સગા ભાઈઓએ કરી તેવી બંને પાસે કબૂલાત કરાવી. પણ બન્ને ભાઈઓએ જે હત્યા જ નથી કરી તે હવે ખુલ્યું તો આ બંને ભાઈઓ પર પોલીસે કેવો અત્યાચાર કર્યો હશે કે ગુનો કબૂલવા તેઓ મજબૂર બન્યા, એ સવાલ પણ હવે સામે આવ્યો છે.

## દૂધ સાગર ડેરીમાં વહીવટદાર મૂકવા મામલે રજિસ્ટ્રારે નોટિસ ફટકારી

મહેસાણાઃ રાજયના સહકારી રજિસ્ટ્રારે ઘીમાં ભેળસેળના વિવાદ ઉપરાંત અન્ય ૧૨ વિવાદાસ્પદ મુદ્દા આવરી લઈ દૂધ સાગર ડેરીમાં વહીવટદાર મુકવા માટે કલમ ૮૧ હેઠળ નોટિસ ફટકારી છે અને આગામી ૪, ઓગસ્ટના રોજ ગાંધીનગર ખાતે ખુલાસો કરવા હુકમ કર્યો છે. મહેસાણા જિલ્લા કલેકટરે ચૂંટણીની કાર્યવાહી સ્થગિત કર્યા બાદ બુધવારે રાજ્ય રજિસ્ટ્રારની નોટિસ આપી છે. ઘીમાં ભેળસેળ પકડાતાં દૂધ સાગર ડેરીને રૂ.૪૦ કરોડના નુકસાન માટે એમડીને જવાબદાર ઠરાવાયા હતા અને રાજય રજિસ્ટ્રારના આદેશના પગલે તેમને દૂર કરી અન્ય અધિકારીને ચાર્જ સોંપાયો હતો.

## ૧૦ કરોડની GST ચોરીમાં હાલોલના વેપારીની ધરપકડ

**• ૫૫ કરોડના ૯૩૪ બિલો મળ્યા : કોવિડ ટેસ્ટ બાદ કોર્ટ સમક્ષ હાજર કરાશે**

વડોદરાઃ બનાવટી યુનિટો ઉભા કરી બોગસ બિલો અને ઈ-વે બિલો બનાવીને હાલોલથી માલ બહારગામ સપ્ય કરીને જીએસટી ચોરી કરવાના પ્રકરણમાં સેન્ટ્રલ જીએસટી અને કસ્ટમ્સ-વડોદરા-૨ ના અધિકારીઓએ માસ્ટર માઈન્ડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન-હાલોલના માલિક નીરજ તિવારીની ધરપકડ કરી છે. ૯૩૪ ઈ-વેલ બિલોની તપાસ કરતા રૂા.૫૫ કરોડના બિલો મળી આવ્યા છે, અને ૧૦ કરોડની જીએસટી ચોરી કરી હોવાનું બહાર આવ્યું છે. બનાવટી બિલ અને ઈ-વે બિલ બનાવીને હાલોલથી માલ કાનપુર મે.મહાલક્ષ્મી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, ધુનિયા- હાલોલ દ્વારા પહોંચાડવામાં આવતો હતો. આ સંદર્ભે અધિકારીઓ દ્વારા સર્ચ હાથ ધરવામાં આવતા ટ્રક અને પ્લાસ્ટિક પેકિંગમાં ૨૨ મેટ્રિકટન માલ ભરેલો મળી આવ્યો હતો. જેની કિમત આશરે રૂા.૨૦ લાખ થાય છે. આ માલના કોઈ પૂરતા દસ્તાવેજો પણ ન હતા. જેથી ટ્રક અને માલ જીએસટી એક્ટ હેઠળ જપ્ત કરાયા હતા. આ ટ્રક નંબરના આધારે ઈ-વેબિલ બનાવાયું હતું અને તે ઈશ્વર કંપની-હાલોલ દ્વારા બનાવાયું હતું.

# ખગોળીય સિદ્ધિઃ સુરતની વિદ્યાર્થિનીઓએ પૃથ્વીથી નજીકનો એસ્ટ્રોઇડ શોધી કાઢયો

સુરત : સુરતની અનેક બાળપ્રતિભાઓએ વિવિધ ક્ષેત્રમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેરી સિદ્ધિઓ મેળવીને સુરત શહેરનું નામ રોશન કર્યુ છે. જેમાં હવે સુરતની બે વિદ્યાર્થિનીઓએ પૃથ્વીથી નજીક આવેલો અને ભવિષ્યમાં પૃથ્વી માટે જોખમી નીવડી શકે એવો એસ્ટ્રોઇડ શોધીને ઐતિહાસિક ખગોળિય સિદ્ધિ મેળવી છે. અબ્રામાં સ્થિત પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલમાં સીબીએસઇ વિભાગમાં ધોરણ-૧૦મા ભણતી વૈદેહી વેકરિયા અને રાધિકા લખાણીએ એચએલવી-૨૫૧૪ નામનો શુદ્રગ્રહ




એટલે કે એસ્ટ્રોઇડ શોધીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના હાંસલ કરી દીધી છે. માત્ર ૧૪ વર્ષની વય ધરાવતી વૈદેહી વેકરિયા અને રાધિકા લખાણીએ સ્પેસ એઆઇએએસસી (ઓલ ઈન્ડિયા એસ્ટ્રોઈલ સર્ચ કેમ્પેઇન)માં ભાગ કરીને કોરોનાકાળ દરમિયાન ઘરે બેસીને એક નવા એસ્ટ્રોઇડ એચએલવી-૨૫૧૪ની શોધ કરી છે. આ એસ્ટ્રોઇડ હાલમાં ચંદ્રની આસપાસ ફરી રહ્યો છે અને પૃથ્વીની નજીક છે. તેને એનઇઓ (નીઅર અર્થ ઓબ્જેક્ટ) તરીકે ઓળખવામાં આવી રહ્યો છે. નાસાના વૈજ્ઞાનિકોએ પણ આ વાતની પૃષ્ટિ કરી છે. ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ સર્ચ કોલેબ્રેશનના ડિરેક્ટર પેટ્રિક મિલેરે પણ આ વાતને અનુમોદન આપ્યું છે. આચાર્ય ત્રિશલા શાહે જણાવ્યું હતું કે, વૈદેહી અને રાધિકાની આ સિદ્ધિ સુરત માટે ગૌરવપૂર્ણ છે. બંને વિદ્યાર્થિનીએ ગત વર્ષે પણ સ્પેસ અભિયાનમાં ભાગ લીધો હતો.

# GLDCના ૮ કૌભાંડી અધિકારીઓની ૧૯ કરોડની બેનામી મિલકત પકડાઇ

અમદાવાદ : ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમના આઠ અધિકારીઓ અને કર્મચારીઓની એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે ૧૯.૬૪ કરોડની અપ્રમાણસરની મિલકત શોધી કાઢી છે. એસીબીએ નિવૃત મદદનીશ નિયામક કૃષ્ણકુમાર ઉપાધ્યાયની ચાર કરોડની અપ્રમાણસરની મિલકત શોધી કાઢી હતી. તમામ અધિકારીઓએ સરકારની ખેત, સીમ અને પાણીના ટાંકા યોજનાનામાં કૌભાંડ આચર્યાના આક્ષેપ થયા હતા જેની તપાસમાં અપ્રમાણસરની મિલકતો ખુલી છે.

આ અધિકારીઓમાં જમીન વિકાસ નિગમના તાપી, વ્યારાના નિવૃત મદદનીશ નિયામક કૃષ્ણકાંત ગોરેલાલ ઉપાધ્યાય (ઉ.૫૯)ની વિરૂદ્ધ સરકારની ખેત તલાવડી અને પાણીના ટાંકા યોજનામાં ગેરરીતિ કરવા અંગે વર્ષ ૨૦૧૮માં ૧૪ જેટલા ગુના દાખલ કરાયા હતા. એસીબીની તપાસમાં કૃષ્ણકુમાર અને પરિવારની કાયદેસરની આવક રૂ.૪,૮૮,૫૦,૧૮૩ હતી જેની સામે ખર્ચ કરેલા અને રોકાણ કરેલા રૂ.૯,૫૦,૩૬,૦૩૦ મળી આવ્યા હતા. આમ આરોપીએ કૌભાંડ અને ગેરરીતિ કરીને આ પ્રમાણસરની મિલકતો વસાવી હોવાનું સામે આવ્યું હતુ.

અત્યાર સુધીમાં ૮ અધિકારી પાસેથી ૧૯ કરોડની મિલકત પકડી પડાય છે.

# અમદાવાદમાં નકલી નોટો છાપવાનું કૌભાંડ ઝડપાયુંઃ બે પિતરાઈ ભાઈની ધરપકડ

અમદાવાદઃ શહેરના થલતેજ વિસ્તારમાં આવેલા સંજયનગરમાંથી ક્રાઈમ બ્રાન્ચે નકલી નોટો બનાવવાનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે બે પિતરાઈ ભાઈઓની ધરપકડ કરી અને ૨૦૦ તેમ જ ૫૦૦ રૂપિયાની ૪૩૬ નકલી નોટો, પ્રિન્ટર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઘરમાં જ નકલી નોટો છાપી બજારમાં ફેરવતાં હતા.

ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, શીલજ રોડ તરફ બાઇક પર બે શખસ નકલી નોટો લઈ પસાર થવાના છે જે બાતમીના આધારે વોચ ગોઠવી ઉદય રમેશભાઈ પ્રજાપતિ અને મીત મહેશભાઈ પ્રજાપતિ (બંને રહે. સંજયનગર, ભાઈકાકાનગર, થલતેજ)ની ધરપકડ કરી હતી. તેમની પાસેથી રૂ. ૨૦૦ અને ૫૦૦ની કેટલીક નકલી નોટો મળી આવી હતી. પોલીસે બંનેની પૂછપરછ કરતા ઘરે જ નકલી નોટ બનાવતા હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઘરમા તપાસ કરતા ૪૩૬ જેટલી ૨૦૦ અને ૫૦૦ની નકલી નોટો, પ્રિન્ટર, કાતર અને કાગળ મળી આવ્યા હતા.

# અનલોક-૨ના ૩૦ દિવસઃ ૨૭ હજાર દર્દી, ૫૦૦થી વધારે મોત

અમદાવાદ : દેશમાં અનલોક-૨ના આજે ૩૦ દિવસ પૂર્ણ થઈ ચુક્યા છે. દેશમાં અનલોક-૩ની ગાઈડલાઈન જાહેર થઈ ચુકી છે. આ વચ્ચે અનલોક-૨ની ગુજરાતની સ્થિતિ ચિંતાજનક છે. સાથોસાથ રિકવર થતા દર્દીઓનો આંકડો રાહત આપનારો છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા ૨૪ કલાકમાં નોંધાતા પોઝિટિવ કેસના આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. અનલોક-૨ના ૩૦ દિવસોમાં ગુજરાતમાં ૨૭,૬૪૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે ૨૦,૪૦૪ દર્દીઓ સ્વસ્થ થયાં છે અને ૫૭૦ દર્દીઓના કોરોનાને કારણે મોત થયાં છે.

## સરકાર પાસે સુરત પાલિકા દ્વારા ૧૨૮ કરોડની માંગણી

સુરત - કોરોના ડીસેમ્બર સુધી ચાલશે એવી ધારણા મુકી પાલિકાએ રાજય સરકાર પાસેથી રુા.૧૨૮ કરોડની માંગણી કરી છે. પાલિકાએ કોરોનાને નાથવા માટે ડીસેમ્બર સુધીમાં રુા.૧૪૦ કરોડનો ખર્ચ કરવો પડશે એવો અંદાજ મુકી રાજય સરકાર સમક્ષ ભંડોળની માંગણી કરવામા આવી છે. કોરોનાને લગતી વિવિધ કામગીરી પાછળ પાલિકાએ અત્યાર સુધીમાં રૂા. ચાલીસ કરોડનો ખર્ચ કર્યો છે. રાજય સરકારે કોરોનાની ગ્રાન્ટ પેટે રુા.૪૩ કરોડની ફાળવણીકરી છે જે પૈકી ચાલીસ કરોડ રાહત કામગીરી, દવા, હોસ્પીટલના બીલ, માસ્ક સહિતના સાધનોની ખરીદી પાછળ વપરાયા છે.

# સુરતઃ લોકડાઉનનાં કારણે કેનેડા જવા પરીક્ષા રદ્દ રહેતા યુવાન જાહેરમાં નગ્ન થયો

સુરત : શહેરના અડાજણ વિસ્તારમાં એક યુવાન અચાનક નગ્ન થઈને તમાશો કરવા લાગ્યો હતો. આ યુવાને એક કલાક સુધી તમાશો કર્યા બાદ પોલીસે તેની અટક કરી હતી. અડાજણ વિસ્તારમાં એક યુવાન અચાનક પોતાનાં કપડા કાઢીને હોબાળો શરૂ કર્યો હતો. જોત જોતામાં લોકોના ટોળા એકત્ર થવા લાગ્યા હતા. આ યુવાન અભદ્ર ભાષા સાથે ગાળો બોલવાની શરૂ કરી હતી. જો કે સ્થાનિકો દ્વારા આ મુદ્દે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેના પગલે પોલીસે યુવાનની અટક કરી હતી. તેને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. યુવાને રસ્તા પર એક કલાક સુધી તમાશો કર્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, યુવાનનું નામ વિજય ગોહિલ છે. તે લાંબા સમયથી કેનેડા જવા માટેની ઈન્જી સહિતની વિવિધ પરીક્ષાની તૈયારી કરતો હતો. જો કે લોકડાઉનનાં કારણે પરીક્ષાઓ રદ્દ થતા તે ખુબ જ હતાશ થઈ ગયો હતો. આજે તે ડિપ્રેશન થવાનાં કારણે જ રસ્તા પર હંગામો કર્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય-આધ્યાત્મિક) જ્ઞાન-ઈલ્મુલગૈબ પાલનહાર અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે હોય શકે?

ભાગ-૧

ગુપ્ત એટલે કે ગૈબી-અદ્રશ્ય-આધ્યાત્મિક જ્ઞાન વિષે લગભગ દરેક ધર્મના ધર્મશાસ્ત્રોમાં થોડી ઘણી વિગતો જરૂર જાણવા મળી શકે છે, કારણ કે ગુપ્ત જ્ઞાન (ગેબ)ને ધર્મ અને ધાર્મિક બાબતો સાથે ઘણો જ ગાઢ અને નિકટનો સંબંધ છે. મનુષ્ય જગતમાં રહીને અસંખ્ય પ્રકારના જગત જીવનને લાગતા અને વળગતા જુદા જુદા પ્રકારના જ્ઞાન પર સારો એવો કાબુ ધરાવી શકે છે. તેમ છતાં હજી સુધી આ બ્રહ્માંડ, અવકાશ, નિહારીકાઓ, ગ્રહો તથા ધરતી વગેરે વિષે ઘણા એવા એવા ગુઢ રહસ્યો છુપાયેલા છે, જેને મોટા મોટા વિજ્ઞાનિકો પણ અત્યાર સુધી નથી જાણી શક્યા અને આ ગુઢ રહસ્યો નથી ઉકેલી શક્યા. આ તો વાત થઈ જગત જીવનના જાહેર જ્ઞાન વિષે.



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

ધર્મશાસ્ત્રો અનુસાર આ પ્રકારના જાહેર જ્ઞાન ઉપરાંત ગુપ્ત એટલે કે અદ્રશ્ય- ગૈબી-આધ્યાત્મિક જ્ઞાન પણ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ મનુષ્યને તેના વિષે પુરેપુરી જાણકારી નથી આપવામાં આવેલ. કદાચ કોઈ સંતો કે ધર્મગુરૂઓએ ગુપ્ત જ્ઞાન (ગૈબ) વિષે બહુ જ થોડી જાણકારી મેળવેલ હોય કે તે જ્ઞાન પ્રાપ્ત કરવાનો દાવો કરેલ હોય, તેવી વાતો આપણને ધાર્મિક બોધકથાઓ થકી જાણવા મળે છે, પરંતુ તેમાં કેવળ કેટલી સચ્ચાઈ છે તે વિષે ચોક્કસ એટલે કે સો એ સો ટકા કોઈ નથી કહી શકતું. આ એકવીસમી સદીમાં પણ ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય-આધ્યાત્મિક) જ્ઞાન જાણવા વિષે પણ કોઈ મનુષ્ય ચોક્કસ અને સો ટકા દાવો નથી કરી શકતો. જો એવું હોય, તો જગતમાં એક મોટી ઉથલપાથલ થઈ શકે છે, અને એક મનુષ્ય બીજા મનુષ્યોના મૃત્યુનો ચોક્કસ સમય પણ જાણી શકે છે, અને કોઈના મૃત્યુ પછી તેના શરીર માંથી તેનો આત્મા ક્યાં જાય છે અને આત્મા વિષે સત્ય શું છે તેવી ગુઢ રહસ્યોવાળી બાબતો પણ જાણી શકે છે. પરંતુ સત્ય તો એ છે કે અત્યાર સુધી કોઈ પણ મનુષ્ય આવી ગુપ્ત જ્ઞાન વાળી વાતો નથી જાણી શક્યો.

ગુપ્ત (અદ્રશ્ય-ગૈબી-આધ્યાત્મિક) જ્ઞાનની વ્યાખ્યા એવી રીતે આપી શકાય કે તે વાસ્તવિકતાઓ (હકીકતો) છે, જે મનુષ્યની જ્ઞાનેન્દ્રિયોથી છુપાયેલી છે અને ક્યારે પણ પ્રત્યક્ષ રીતે સામાન્ય લોકોના જોવામાં કે અનુભવવામાં કે જાણવામાં નથી આવતી. એનું ઉદાહરણ આ આપી શકાય

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

જેમ કે પરમેશ્વરની હસ્તી અને તેના ગુણો, દેવ દુતો (ફરીશતાઓ,) જીન્નાતો, આત્મા, દૈવી (આધ્યાત્મિક) વાણી (વહી), મૃત્યુ પછીનું બીજુ નવીન જીવન, સ્વર્ગ (જન્નત), નર્ક (જહન્નમ), ન્યાય અને બદલા(કયામત)નો દિવસ વગેરે વગેરે, જે બાબતોનું ચોક્કસ ખરૂં અને સાચું જ્ઞાન કેવળ પરમેશ્વર પાસે જ છે.

તે ઉપરાંત ગુપ્ત (અદ્રશ્ય-ગૈબી-આધ્યાત્મિક) જ્ઞાનનું બીજું ઉદાહરણ, જગત જીવનને લક્ષમાં રાખીને, એ પણ આપી શકાય કે પરમેશ્વરે સર્જન કરેલ મનુષ્ય આ જગતમાં રહીને જગતની જ તથા તેમાં રહેતા બીજા મનુષ્યોની ગુપ્ત એટલે કે ખાનગી બાબતો ક્યારે પણ નથી જાણી શકતો, અને તે ઉપરાંત જગતમાં ભવિષ્યમાં શું થવાનું છે એ વાતો પણ તે નથી જાણી શકતો, જગત જીવનને લક્ષમાં રાખીને આ પણ ગુપ્ત જ્ઞાનનો એક પ્રકાર છે. બીજા શબ્દોમાં એ પણ કહી શકાય કે એક મનુષ્યના મનમાં કે હૃદયમાં શું વિચારો ચાલી રહ્યા છે, તે બીજો કોઈ પણ મનુષ્ય કદાપિ નથી જાણી શકતો. તે ઉપરાંત પરમેશ્વરનો સર્જન કરેલો મનુષ્ય જગતમાં પોતાના કે બીજા કોઈ મનુષ્યના જીવનમાં ભવિષ્યમાં બનનારી ઘટનાઓ વિષે પણ ચોક્કસ અને સો એ સો ટકા જ્ઞાન નથી ધરાવી શકતો. આ પણ ગુપ્ત જ્ઞાનનો એક પ્રકાર છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય) જ્ઞાન (ઈલ્મુલ ગૈબ) વિષે અસંખ્ય બોધવચનો આપવામાં આવ્યા છે, અને બધા બોધવાચનો નો સાર એજ છે કે આ ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય- આધ્યાત્મિક) જ્ઞાન કેવળ પાલનહાર અલ્લાહ પાસે જ છે. એક પ્રશ્ન અહિં ઉભો થાય છે કે શું પાલનહાર અલ્લાહે આ ગુપ્ત જ્ઞાન પોતાના પયગંબરોને પણ અર્પણ કરેલ છે કે કેમ ? આ પ્રશ્નનો ઉત્તર પણ આપણને કુરાન મજીદના બોધવચનો માંથી જ મળી શકે છે. પહેલા આપણે એ બોધવચનો જોઈએ જેમાં જણાવવામાં આવેલ છે કે ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય- આધ્યાત્મિક) જ્ઞાન કેવળ અલ્લાહ પાસે જ છે. આ વિષેના અમુક બોધવચનો આ પ્રમાણે છે :-

"ખચિત અલ્લાહ આકાશો અને ધરતીની દરેક ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય-આધ્યાત્મિક) વસ્તુઓથી સંપૂર્ણ માહિતગાર છે. તે તો હૃદયોમાં છુપાવેલા રહસ્યો સુદ્ધાં જાણે છે." (પ્રકરણ ૩૫, શ્લોક ૩૮)

ક્રમશઃ

# મહારાષ્ટ્રમાં વધુ ૧૧,૧૪૭ કોરોનાગ્રસ્ત, ૨૬૬ના મોત

## •મુંબઈમાં ૧,૨૦૮ દર્દી સંક્રમિત મળ્યાં પૂણે, ચિંચવાડમાં સ્થિતિ વણસી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ગુરૂવારે ૧૧,૧૪૭ નવા દર્દી સાથે કોરોનાગ્રસ્તોની સંખ્યા ૪,૧૧,૭૯૮ પર પહોંચી ગઈ હતી. મુંબઈમાં કોરોનાગ્રસ્તોનો આંક ૧,૨૦૮ના વધારા સાથે ૧,૧૩,૧૯૯ પર પહોંચ્યો છે. રાજ્યમાં ગુરુવારે સૌથી વધુ કોરોનાના દર્દી પુણે મનપામાં ૧૮૮૯ નોંધાયા હતા અને પિંપરી-ચિંચવડ મનપામાં પણ ૯૮૭ કોરોનાગ્રસ્ત મળ્યા હતા. આ ઉપરાંત રાજ્યમાં ૨૬૬ કોરોનાગ્રસ્તોનાં મોત થયાં હતાં. આ સાથે રાજ્યમાં મરણાંક ૧૪,૭૨૯ પર પહોંચ્યો છે. મૃતકોમાં મુંબઈના -૫૩, થાણેના -૬, નવી મુંબઈના -૧૦, કલ્યાણ-ડોંબિવલીના -૬, ઉલ્હાસનગરના -૪, મીરા-ભાઈંદરના -૪, વસઈ-વિરારના -૫, રાયગઢના -૬, પનવેલના -૨, નાશિકના -૯, અહમદનગરના -૭, ધુળેના-૧, જળગાંવના -૮, નંદુરબારના -૧, પુણેના -૭૩, પિંપરી-ચિંચવડના -૧૦, સોલાપુરના -૧૦, સાતારાના -૧૦, કોલ્હાપુરના -૩, સાંગલીના -૩, રત્નાગિરિના -૫ ઔરંગાબાદના -૬, પરભણીના -૧, લાતુરના -૪, ઉસ્માનાબાદના -૩, નાંદેડના -૧૧, અમરાવતીના -૧, બુલઢાણાના -૧, વાશિમના -૧, નાગપુરના-૨ કોરોના દર્દીનો સમાવેશ થાય છે.



## ઉદ્ધવ ઠાકરે કોરોનાની કટોકટીના નિરીક્ષણ માટે રાજ્યની મુલાકાત લેશે

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે ગુરુવારે પુણેની એક દિવસની યાત્રા સાથે રાજ્યમાં કોરોના વાઈરસ (કોવિડ -૧૯) ફેલાવાની પર્શ્ચિમ વાસ્તવિકતાઓનું મૂલ્યાંકન કરવાના તેમના મિશનની શરૂઆત કરશે અને આ મિશન હેઠળ તેઓ રાજ્યના છ ઝોનની મુલાકાત લેશે. મુખ્ય પ્રધાન પહેલાં પુણેની મુલાકાત લેશે, જ્યાં તેઓ રોગચાળાની પરિસ્થિતિ અને પર્શ્ચિમ મહારાષ્ટ્રના પ્રદેશમાં પુણે, કોલ્હાપુર, સોલાપુર, સાતારા અને સાંગલી જેવા પાંચ જિલ્લાઓનો સમાવેશ કરતા વાયરલ રોગને રોકવા માટેના નિવારક પગલાંની સમીક્ષા કરશે. મુખ્ય વિરોધ પક્ષ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની આકરી ટીકા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. મુખ્ય પ્રધાન તમામ છ ક્ષેત્રોને તબક્કાવાર રીતે આવરી લેશે. તેની શરૂઆત પુણેથી થશે, જે પશ્ચિમ મહારાષ્ટ્રનું મુખ્ય મથક છે. તે દિવસભરની સફર રહેશે.

## રેલ્વેની મુસાફરો માટે નવી ગાઈડલાઈનની જાહેરાત કરાઈ

રેલવે દ્વારા મુસાફરો માટે નવી ગાઈડ લાઈનની જાહેરાત કરવામાં આવી છે, જેમાં રેલ્વેની ગાઇડલાઇન્સમાં માસ્ક પહેરવું અને આરોગ્ય સેતુ એપ ફરજિયાત રહેશે. ફક્ત કન્ફર્મ ઈ-ટિકિટ દ્વારા રેલ્વે સ્ટેશન પર આવી શકાશે. થર્મલ સ્ક્રીનિંગ માટે પ્રવાસીઓએ ટ્રેન ઊપડવાની ૯૦ મિનિટ પહેલાં હાજર રહેવું પડશે. રેલ્વે સ્ટેશન પર તમામ પ્રવાસીઓનું થર્મલ સ્ક્રીનિંગ ફરજિયાત કરાશે, જે મુસાફરમાં કોરાનાનું એકપણ લક્ષણ જોવા ન મળે તેને જ ફક્ત એન્ટ્રી મળશે. ટ્રેનના પ્રવાસ દરમિયાન માસ્ક પહેરી રાખવું ફરજિયાત બનાવી દેવાયું છે. રેલ્વેની સફર દરમિયાન કામળા, ચાદર, પરદાની સુવિધા નહીં મળે. પ્રવાસીઓએ ઘેરથી ભોજન અને પાણી લાવવું પડશે.

## છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાં કોરોનાનાં ૧૦૯૩ નવા કેસ, ૨૯ લોકોનાં મોત

દિલ્હીમાં ગુરૂવારે કોરોનાવાયરસના ૧,૦૯૩ નવા કેસ નોંધાયા. આ સાથે રાષ્ટ્રીય રાજધાનીમાં કુલ કોરોનાનાં કેસ ૧.૩૪ લાખની ઉપર પહોંચી ગયા છે. દિલ્હી આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા એક બુલેટિનમાં જણાવાયું છે કે છેલ્લા ૨૪ કલાકમાં રાજધાનીમાં કોરોનાથી ૨૯ લોકોનાં મોત નીપજ્યાં. આ રીતે દિલ્હીમાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૩,૯૩૬ થઈ ગઈ છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો ગુરૂવારે દિલ્હીમાં કોરોનાનાં ૧૦,૭૪૩ દર્દીઓની સારવાર ચાલી રહી હતી. એક દિવસ અગાઉ એક્ટિવ કેસની સંખ્યા ૧૦,૭૭૦ હતી. બુધવારે દિલ્હીમાં કોરોનાનાં ફક્ત ૬૧૩ નવા કેસ નોંધાયા હતા.

## અનલોક-૩: ૫ ઓગસ્ટથી જીમ ખોલવાની છુટ

કેન્દ્ર સરકાર દ્વારા અનલોક જાહેર કરવામાં આવ્યું છે અને લોકડાઉનને હવે ધીરે ધીરે ખોલવાની પ્રક્રિયા આગળ ધપાવવામા આવી રહી છે. હવે બુધવારે અનલોક-૩ માટે નવી ગાઇડલાઇન જારી કરી છે. જેમાં શાળા-કોલેજો, થીયેટર-બાર, મેટ્રો રેલ સર્વિસ ૩૧મી ઓગસ્ટ સુધી બંધ રહેશે.

## રામ જન્મભૂમિના પુજારી પ્રદીપજી કોરોના પોઝિટિવ

અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના ભૂમિ પૂજનના કાર્યક્રમ પર કોરોના સંકટ ભમવા લાગ્યું છે. રામ જન્મભૂમિના પૂજારી પ્રદીપ દાસ કોરોના પોઝિટિવ આવ્યા છે. તેઓ મુખ્ય પુજારી આચાર્ય સત્યેંદ્ર દાસના શિષ્ય છે. રામ જન્મભૂમિની સુરક્ષામાં તૈનાત ૧૬ પોલીસ પણ કોરોના પોઝિટિવ છે.

## પશ્ચિમ બંગાળ અને બિહારમાં લોકડાઉન લબાવવામાં આવ્યું

પશ્ચિમ બંગાળમાં સતત વધી રહેલા કોરોના વાયરસનાં કેસને જોતા મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ રાજ્યમાં એક સપ્તાહમાં બે દિવસ લોકડાઉનને ૩૧ ઓગસ્ટ સુધી વધાર્યું છે, બંગાળમાં એક અઠવાડિયામાં બે દિવસ પુર્ણ લોકડાઉન રહે છે. જે હવે ૩૧ ઓગસ્ટ સુધી રહેશે, જુલાઇ અને ઓગસ્ટ મહિનામાં રવિવારે સંપુર્ણ લોકડાઉન લગાવવાનો નિર્ણય કર્યો છે, મમતાએ જણાવ્યું કે રવિવાર ઉપરાંત એક સપ્તાહમાં વધુ એક દિવસ લોકડાઉન લગાવવામાં આવશે. આ ઉપરાંત બિહારમાં કોરોનાના વધી રહેલા સંક્રમણને જોતા રાજ્ય સરકારે ૧૬ ઓગસ્ટ સુધી લોકડાઉન વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# રામ મંદિર ભૂમિ પૂજન સમયે આતંકી હુમલાનો ખતરો, ઉત્તર પ્રદેશ હાઈ એલર્ટ પર

નવી દિલ્હીઃ અયોધ્યામાં ૫ ઓગસ્ટે રામ મંદિર ભૂમિ પૂજન પહેલાં ઉત્તર પ્રદેશના બધા જિલ્લા માટે સુરક્ષા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુપ્તચર તંત્રને આશંકા છે. કે ૫થી ૧૫ ઓગસ્ટ વચ્ચે આતંકી કોઈ મોટી ઘટનાને અંજામ આપી શકે છે. યૂપીના બધા જિલ્લાના બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન પર સાવધાની રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ભૂમિ પૂજન પહેલાં યૂપીના સીએમ યોદી આદિત્યનાથે સુરક્ષાને લઈને મોટી બેઠક યોજી છે. સીએમે પોલીસ અધિકારીએને જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાના આદેશ આપ્યા છે. સીએમે અધિકારીઓને ભૂમિ પૂજન કાર્યક્રમને લઈને દરેક જિલ્લામાં સાવચેત રહેવાનો આદેશ આપ્યો છે. ભૂમિ પૂજન કાર્યક્રમ અને પીએમ મોદીના પ્રવાસને જોતા સુરક્ષાનો ચાંપતો બંદોબસ્ત કરવાની સૂચના આપવામાં આવી છે.

વધુમાં માહિતી મળતી મુજબ પાંચમી ઓગસ્ટે અયોધ્યામાં રામ મંદિર માટે શિલાન્યાસ થઈ રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે સરકારે મુસ્લિમ સંગઠનોને ફાળવેલી પાંચ એકર જમીનમાં પણ કામગીરી શરૂ કરાશે. સુન્ની વકફ બોર્ડે આ પાંચ એકર જમીન પર મસ્જિદની સાથે હોસ્પિટલ, રિસર્ચ સેંટર, લાયબ્રેરીનું નિર્માણ કરવાનું નક્કી કર્યું છે.

## ભૂમિપૂજનના આમંત્રિતો અંગે હજુ ગુપ્તતા

અયોધ્યામાં ૫ ઓગસ્ટે રામ મંદિરના ભૂમિપૂજન કાર્યક્રમ માટે માત્ર યુપીના સીએમ યોગી આદિત્યનાથને છોડીને બીજા કોઈ સીએમને આમંત્રણ આપવામાં આવ્યુ નથી. કાર્યક્રમનુ આયોજન કરી રહેલા રામ જન્મભૂમિ તિર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સૂત્રોના કહેવા પ્રમાણે ૨૦૦ મહેમાનોનુ લિસ્ટ તૈયાર કરાયુ છે. જેમાં યોગીનુ નામ સામેલ છે પણ બીજા કોઈ સીએમને નહીં બોલાવવાનુ નક્કી કરાયુ છે.જેથી આમંત્રિતોની સંખ્યા વધે નહી. એમ પણ શિવસેનાનો રામ મંદિર આંદોલન સાથે વર્ષો જુનો સબંધ રહ્યો છે. બીજી તરફ ૨૦૦ મહેમાનોના લિસ્ટ અંગે ગુપ્તતા વરતવામાં આવી રહી છે. સુરક્ષાના કારણે આમંત્રિતોના નામ જાહેર કરવામાં આવી રહ્યા નથી.

## પીએમ તરીકે મોદી મંદિરનો શિલાન્યાસ ન કરી શકે : ઓવૈસી

વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાંચમી ઓગસ્ટે રામ મંદિરનો શિલાન્યાસ નાખશે. જોકે તેઓ એક વડા પ્રધાન પદ પર છે અને રામ મંદિરનો શિલાન્યાસ એક ધાર્મિક પ્રક્રિયા હોવાથી વિવાદ સર્જાયો છે. આ વિવાદ એઆઇએમઆઇએમના ચીફ અસાદુદ્દીન ઓવૈસીએ સર્જ્યો છે. તેમણે કહ્યું છે કે મોદીએ પીએમ

## સંરક્ષણ સોદામાં સજા બાદ જયા જેટલીને રાહત

નવી દિલ્હી : નવી દિલ્હીની ટ્રાયલ કોર્ટે ૧૯ વર્ષ જૂના સંરક્ષણ સોદામાં ભ્રષ્ટાચારના આરોપમાં સમતા પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષ જયા જેટલી ઉપરાંત તેમનાં પૂર્વ પાર્ટી સહયોગી ગોપાલ પછેરવાલ, મેજર જનરલ એસ.પી. મુરગઈને પણ ચાર વર્ષની કેદ ફરમાવી હતી. જો કે ટ્રાયલ કોર્ટ દ્વારા જયા જેટલી અને તેમના પૂર્વ સહયોગીને ચાર વર્ષની સજા ફટકાર્યા બાદ દિલ્હી હાઈકોર્ટે તે નિર્ણયને સસ્પેન્ડ કરી દીધો હતો. જયા જેટલી અને તેમના સહયોગીઓને દિલ્હી હાઈકોર્ટે મોટી રાહત આપી છે. આ કેસ જાન્યુઆરી ૨૦૦૧માં ન્યૂઝ પોર્ટલ તહેલકા પર પ્રસારિત 'ઓપરેશન વેસ્ટએન્ડ'થી સામે આવ્યો હતો.

# મણીપુર ચંદેલમાં જવાનો પર આતંકી હુમલો : ત્રણ શહીદ, ૬ ઈજાગ્રસ્ત

## •ચંદેલમાં આતંકવાદીઓ ત્રાટક્યા : પહાડી વિસ્તારમાં પીઠ પાછળથી હુમલો કર્યો

ઈમ્ફાલ : મણીપુરના ચંદેલ જિલ્લામાં પહાડી વિસ્તારમાં ફરજ બજાવી રહેલા ભારતીય લશ્કરના જવાનો પર પીઠ પાછળથી ત્રાટકીને આતંકવાદીઓએ ત્રણ જવાનોને ઠાર કર્યા હતા અને બીજા કેટલાકને ઈજા થઈ હતી. આ આખોય પહાડી વિસ્તાર છે. ભારત-મ્યાંમાર સરહદે આતંકવાદી જૂથો સામેના ભારતીય લશ્કરના પગલા દરમિયાન આતંકવાદીઓ પીઠ પાછળથી ત્રાટક્યા હતા. આસામ રાયફલ્સના ત્રણ જવાનો શહીદ થયા હતા અને બીજા છ સાત જણને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને ઈમ્ફાલ વેસ્ટ જિલ્લાની લશ્કરી હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા.

સમર્થનવિહોણા અહેવાલ મુજબ સ્થાનિક આતંકવાદી જૂથ પિપલ્સ લિબરેશન આર્મી દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. જો કે પિપલ્સ લિબરેશન આર્મી દ્વારા આવી વાતને સમર્થન અપાયું નહોતું. આ ઘટના બનવા સાથે ભારત-મ્યાંમાર સરહદ પર લશ્કરી કુમક વધારી દેવામાં આવી હતી. ગયા વરસના નવેંબરમાં પણ ચંદેલ જિલ્લામાંજ આતંકવાદીઓએ આસામ રાયફલ્સના જવાનો પર બોમ્બ ફેંક્યા હતા. ત્યારબાદ સામસામા ગોળીબાર થયા હતા.

## ભોપાલના ભાજપ સાંસદ પ્રજ્ઞા સિંઘને મળ્યા ધમકીભર્યા ફોન

ભોપાલ : ભોપાલના ભાજપ સાંસદ પ્રજ્ઞા સિંઘ ઠાકુરના દાવાનુસાર એમને મળતી ધમકીઓ અને નિંદાત્મક ફોનના પગલે પોલીસે અજાણી વ્યક્તિઓ સામે પ્રથમદર્શી ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે. પ્રજ્ઞા સિંઘે કરેલી ફરિયાદના આધારે આરોપી સામે પ્રથમદર્શી ગુન્હો નોંધાયો છે. મંગળવારે સાંજે અજાણ્યા નંબર પરથી પ્રજ્ઞા સિંઘને કરાયેલા ફોન પર એમની સાથે અભદ્ર ભાષામાં વાત કરાઇ હતી તેમજ એમને ધમકી અપાઈ હતી, એમ અહીંના કમલાનગર પોલીસ મથકના ઈન્ચાર્જ વિજય સિસોદિયાએ કહ્યું. શહેર પોલીસનો સાયબર સેલ વિભાગ ફોન ક્યાંથી કરવામાં આવે છે એ શોધી કાઢવા માટે પ્રયત્નશીલ છે. ત્યાંથી મળેલી માહિતીના આધારે આરોપી સામે પગલાં લેવાશે, એમ સિસોદિયાએ ઉમેર્યું. પ્રજ્ઞા સિંઘે બુધવરે પત્રકારોને જણાવ્યું કે મને મળેલા ધમકીભર્યા ફોન ખાનગી અને આંતરરાષ્ટ્રીય નંબર પરથી થયા હોવાનું જણાયું હતું.

## પશ્ચિમ બંગાળમાં કોંગી અધ્યક્ષ સોમેન મિત્રાનું ૭૮ વર્ષે નિધન

કલકત્તા : પશ્ચિમ બંગાળ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ સોમેન મિત્રાનુ નિધન થયું છે. છેલ્લા કેટલાક દિવસોથી તેમની તબિયત ખરાબ હતી. સોમેન મિત્રા કેટલીક બીમારીઓથી ગ્રસ્ત હતા અને તેમની કલકત્તાના એક પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર પણ ચાલી રહી હતી. જોકે હોસ્પિટલમાં સોમેન મિત્રાનુ ૭૮ વર્ષની ઉંમરમાં નિધન થઈ ગયુ. હોસ્પિટલના સૂત્રો અનુસાર મિત્રાએ કેટલાક દિવસ પહેલા જ કિડનીની બીમારીના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે કાર્ડિયક અરેસ્ટના કારણે તેમનુ નિધન થઈ ગયુ. તેમણે ગુરૂવારે મોડી રાતે ૧:૩૦ વાગે અંતિમ શ્વાસ લીધા. તેમનો કોરોના ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. તેમનો તપાસ રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો. પશ્ચિમ બંગાળ કોંગ્રેસે સોમેન મિત્રાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. પશ્ચિમ બંગાળ કોંગ્રેસના ટ્વીટર એકાઉન્ટ પરથી ટ્વીટ કરીને કહ્યું કે, અધ્યક્ષ સોમેન મિત્રાએ થોડા સમય પહેલા અંતિમ શ્વાસ લીધા છે.

# બિહાર, આસામમાં પૂર: ૯૪ લાખ લોકો અસરગ્રસ્ત

પટના : આસામ અને બિહારવાસીઓને હજુ સુધી વિનાશક પૂરથી કોઈ રાહત મળી નથી. આસામમાં પૂરનાં પાણીમાં ડૂબવાને કારણે વધુ ૧ વ્યક્તિનું મોત થતા કુલ મૃતાંક ૧૩૩ પહોંચ્યો છે તથા ૩૦ જિલ્લાના ૫૬ લાખ કરતા પણ વધારે લોકો પ્રભાવિત થયા છે. ગુરુવારે મુખ્યપ્રધાન સર્બાનંદ સોનોવાલે લખીમપુરમાં પૂરપ્રભાવિત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના એક અધિકારીએ જણાવ્યું કે રાજ્યમાં પૂરની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. ASDMA દ્વારા બહાર પાડવામાં આવેલા ફ્લડ બુલેટિન અનુસાર ૧,૭૦૦ ગામડાઓ હજુ પણ પૂરનાં પાણીમાં ડૂબેલાં છે.

### બિહારમાં લોકો ઝાડ પર આશ્રય લેવા મજબૂર

બિહારમાં પૂર કેર વર્તાવી રહ્યું છે. ઉત્તર બિહારમાં પૂરથી સ્થિતિ વિકટ બની છે. રાજ્યના ૧૨ જિલ્લાના ૧૦૧ પ્રખંડની ૮૩૭ પંચાયતો પૂરની ચપેટમાં છે અને ૩૮ લાખ કરતાં પણ વધારે લોકો પ્રભાવિત થયા છે. સમસ્તીપુરમાં બૂઢીગંડક નદી ખતરાનાં નિશાનની લગભગ ૨.૫ મીટર ઉપર વહી રહી છે. સારણ અને છપરામાં પણ પૂરથી લોકો બેહાલ બન્યા છે. સ્થાનિક પ્રશાસનની કોઈ સહાય ન મળતાં લોકો ઝાડ પર રહેવા મજબૂર બન્યા છે.



### સમસ્તીપુરમાં ૬ લોકો વીજળીના તારને ચોંટ્યા

બિહારના નામાપુર ખાતે એક ભારે મોટી દુર્ઘટના સર્જાઇ છે. અહીંની બાગમતી નદીમાં ૮ લોકો વીજળીના તારની ઝપેટમાં આવી ગયા હતા. તેઓ બાંધ પર સુવા માટે જઈ રહ્યા હતા તે સમયે વચ્ચે વીજળીના તારની ઝપેટમાં આવ્યા હતા. આ દુર્ઘટનામાં કરંટ લાગવાના કારણે છ લોકો બહુ ખરાબ રીતે દાઝ્યા છે. તે સિવાય ગામના બે લોકો લાપતા હોવાના સમાચાર સામે આવ્યા છે. તમામ ઘાયલોને તાત્કાલિક કલ્યાણપુર પીએચસીમાં દાખલ કરવામાં આવ્યા છે.

## વિકાસ દુબેને જામીન મળતાં યુપીને આ ભોગવવું પડયું : સુપ્રીમ કોર્ટ

- વિકાસ દુબેને ટાંકી અન્ય આરોપીના જામીન ફગાવાયા

નવી દિલ્હી : કુખ્યાત ગેંગસ્ટર વિકાસ દુબેને વારંવાર જામીન આપવાનું પરિણામ આખા ઉત્તર પ્રદેશે ભોગવવું પડયું છે. તું એક ખતરનાક માણસ છે. તને જામીન આપી ખુલ્લો મૂકી શકાય નહીં તેમ મુખ્ય ન્યાયાધીશ એસ. એ. બોબડેએ મંગળવારે એક આરોપીના જામીન નકારતાં જણાવ્યું હતું. આ સાથે સુપ્રીમ કોર્ટે ગુનેગારોને જામીન આપવામાં કડક વલણ અપનાવવાનું શરૂ કર્યું છે. સુપ્રીમ કોર્ટે ૮ ગુનાઈત કેસોમાં સંડોવાયેલ એક આરોપીને મંગળવારે જામીન આપવાનો ઈનકાર કરી દીધો. કોર્ટે ઉત્તર પ્રદેશમાં તાજેતરમાં એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા ગેંગસ્ટર વિકાસ દુબેનું નામ લીધા વિના તેનો ઉલ્લેખ કર્યો. મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડેએ એક જામીન અરજી પર સુનાવણી કરતાં કહ્યું કે એક ગૂનેગારને વારંવાર જામીન આપવાનુ 'પરિણામ ઉત્તર પ્રદેશે ભોગવવું પડયું. વિકાસ દુબે સામે ૬૪ ગંભીર ગૂનાઓના કેસો હતા, જેમાં હત્યા, અપહરણ અને ખંડણીની વસૂલી જેવા ગુનાઓનો સમાવેશ થાય છે.

## કોંગ્રેસમાં જોડાયેલા બસપાનાં ૬ MLAને HCની નોટિસ, ૧૧મી સુધી જવાબ માંગ્યો

નવી દિલ્હી : બહુજન સમાજ પાર્ટીની ટિકીટ પર રાજસ્થાન વિધાનસભા ચૂંટણી જીતનાર ૬ ધારાસભ્યો કોંગ્રેસમાં સામેલ થતાં રાજસ્થાન હાઈકોર્ટે નોટિસ જાહેર કરવામાં આવી છે. બસપાના ૬ ધારાસભ્યોને રાજસ્થાનની ચૂંટણી બાદ કોંગ્રેસમાં વિલય કરી લીધું હતું. પરંતુ હવે પાર્ટી તરફથી હાઈકોર્ટનો દરવાજો ખખડાવવાનો આવ્યો છે. હાઈકોર્ટમાં આ ધારાસભ્યોને કોંગ્રેસમાં વિલયને લઈને પડકાર ફેંકવામાં આવ્યો છે. બસપા ધારાસભ્યોને કોંગ્રેસમાં વિલય વિરૂદ્ધ ભાજપ ધારસભ્ય કોંગ્રેસમાં મહાસચિવ સતીશ મિશ્રાએ અરજી દાખલ કરી હતી.

ગુરૂવારે સુનાવણી દરમિયાન સતીશ મિશ્રાએ તમામ દલીલો આપી. સતીશ મિશ્રા સાથે સુનાવણી દરમિયાન કોર્ટે પૂછ્યું કે આખરે ૬ મહિના બાદ આ અરજી કેમ દાખલ કરવામાં આવી છે. બીએસપી તરફથી ચર્ચા કરી રહેલા સતીશ મિશ્રાને જજે પૂછ્યું કે શું સ્પીકરે આ કેસમાં મેરિય પર નિર્ણય લીધો? કોર્ટે આ ધારાસભ્યોને ૧૧ ઓગસ્ટ સુધી જવાબ દાખલ કરવા માટે કહ્યું છે. કોર્ટે સુનાવણી દરમિયાન ભાજપ ધારાસભ્ય મદન દિલાવર તરફથી વકીલ હરીશ સાલ્વેએ કહ્યું કે બીએસપી ધારાસભ્યનું વિલય ખોટું છે. આ નિયમો વિરૂદ્ધ છે. આગળ હરીશ સાલ્વેએ કહ્યું કે બસપા એક રાષ્ટ્રીય પાર્ટી છે, તેની રાજ્ય સ્તર પર વિલય કેવી રીત મંજૂર થઈ શકે છે. તો બીજી તરફ કોર્ટે સાલ્વેને પૂછ્યું કે અરજી ટેક્નિકલ આધારે ૨૮ જુલાઈના રોજ નકારી કાઢવામાં આવી છે. કેસમાં હજુ કોઈ મેરિટ નથી. સમાચાર એજન્સી એએનઆઈના અનુસાર રાજસ્થન હાઈકોર્ટે ગુરૂઅવારે (૩૦ જુલાઈ)ને વિધાનસભાના અધ્યક્ષ તથા સચિવ અને બસપાના ૬ ધારાસભ્યોને કોંગ્રેસમાં વિલય સંબંધમાં નોટીસ જાહેર કરી છે.

## અંબાલા એરબેઝ ખાતે રાફેલ વિમાનનું ઉતરાણ કરાયું, વોટર સેલ્યુટથી સ્વાગત

નવી દિલ્હી : ભારતીય વાયુ સેનાની શક્તિમાં આજે ભારે મોટો વધારો થયો છે. ફ્રાંસથી ઉડાન ભર્યા બાદ પાંચેય રાફેલ ફાઈટર વિમાને આજે ભારતીય જમીન પર ઉતરાણ કર્યું છે.

પાંચેય રાફેલ વિમાને આજે બપોરે હરિયાણાના અંબાલા એરબેઝ ખાતે લેન્ડિંગ કર્યું હતું અને ત્યાં વોટર સેલ્યુટ વડે તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તે સમયે વાયુ સેનાના ચીફ આરકેએસ ભદોરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ફ્રાંસથી મળનારા રાફેલ વિમાનોનો આ પહેલો જથ્થો છે. આ વિમાનોએ મંગળવારે ફ્રાંસ ખાતેથી ઉડાન ભરી હતી અને ત્યાર બાદ તે યુએઈ રોકાયા હતા અને આજે બપોરે અંબાલા પહોંચ્યા હતા. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બપોરે રાફેલનો ટચ ડાઉન વીડિયો ટ્વિટ કર્યો હતો. તેમણે ટ્વિટરના માધ્યમથી રાફેલના લેન્ડિંગની જાણકારી આપી હતી અને સાથે જ વાયુ



સેનાને અભિનંદન પાઠવ્યા હતા. યુએઈ ખાતેથી ઉડાન ભર્યા બાદ પાંચેય રાફેલ વિમાન બપોરે ત્રણ કલાક આસપાસ અંબાલા એરબેઝ ખાતે પહોંચ્યા હતા. રાજનાથ સિંહે ટ્વિટમાં લખ્યું હતું કે રાફેલ મળ્યા તે વાયુસેનાના ઈતિહાસમાં ક્રાંતિકારી ફેરફાર બનશે અને દુશ્મનનો આપણા સામે નજર કરતા પહેલા અનેક વખત વિચારશે.

## જીવીકે અને MIAL વિરુદ્ધના મની લોન્ડરિંગનો કેસમાં ઇડીના દરોડા

- પીએમએલએ હેઠળ મુંબઇ, હૈદરાબાદના ૯ પરિસરોમાં તપાસ હાથ ધરવામાં આવી

નવી દિલ્હી : મુંબઇ એરપોર્ટના સંચાલનમાં ૭૦૫ કરોડ રૂપિયાની ગેરરીતિ આચરવાના કેસમાં જીવીકે ગ્રુપ,મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ અને અન્ય વિરુદ્ધની મની લોન્ડરિંગ તપાસના સંબધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ વિવિધ સ્થળોએ દરોડા પાડયા હતાં. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની જોગવાઈ હેઠળ મુંબઈ અને હૈદરાબાદના ૯ પરિસરોમાં દરોડા પાડવામાં આવ્યા હતાં. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર જીવીકે ગ્રુપ, એમઆઈએએલ અને જીવીકે ગ્રુપના પ્રમોટરોના પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતાં. કેન્દ્રીય તપાસ એજન્સીએ આ મહિનાની શરૂઆતમાં સીબીઆઈની એફઆઈઆરનો અભ્યાસ કર્યા પછી પીએમએલએ હેઠળ આ જ કંપનીઓ સામે પોલીસ એફઆઈઆરની સમકક્ષ એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફરમેશન રિપોર્ટ દાખલ કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કેસ જીવીકે એરપોર્ટ હોલ્ડિંગ લિમિટેડ અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડમાંથી ૭૦૫ કરોડ રૂપિયાની ઉચાપત કરવા સાથે સંકળાયેલો છે.

## મહારાષ્ટ્રમાં મરાઠાને આપવામાં આવેલા અનામત મુદ્દે ૧ સપ્ટેમ્બરે ચુકાદો

મુંબઈ : મહારાષ્ટ્રમાં મરાઠાને આપવામાં આવેલા અનામતના લાભને મુદ્દે સોમવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટ મહારાષ્ટ્ર સરકારને નવી નિમણૂક કે ભરતી પ્રક્રિયા રોકવા સૂચના આપી હતી. કોર્ટે આ કેસમાં આગામી સુનાવણી ૨૫ ઓગસ્ટ અને ૧ સપ્ટેમ્બરે મુકરર કરી છે. સુપ્રીમ કોર્ટે મરાઠા અનામત જોગવાઈની કાયદેસરતાને પડકારતાં થયેલી અરજી પર વીડિયો કોન્ફરન્સિંગની મદદથી સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે પહેલી સપ્ટેમ્બરે કેસમાં ચુકાદો આપશે તેમ મુકરર કર્યું હતું. રાજ્ય સરકારને આગામી સુનાવણી સુધી નવી ભરતી ના કરવા સૂચના આપી હતી. રાજ્ય સરકારે કોર્ટને સૂચનાનું પાલન થશે તેવો ભરોસો અપાવતાં જણાવ્યું હતું કે કોરોના મહામારીને કારણે રાજ્ય સરકારે ૧૫ સપ્ટેમ્બર સુધી કોઈ ભરતી ના કરવા નિર્ણય લીધો છે.

## રાજસ્થાન વિધાનસભાનું સત્ર ૧૪ ઓગસ્ટે યોજવા રાજ્યપાલ મિશ્રાએ મંજૂરી આપી

જયપુરઃ રાજસ્થાન વિધાનસભાનું સત્ર ૧૪ ઑગસ્ટે યોજવા માટે આખરે મંજૂરી આપી દીધી હોવાની જાહેરાત રાજ્યપાલ કલરાજ મિશ્રા તરફથી બુધવારે મોડી સાંજે કરવામાં આવી હતી. વિધાનસભાનું સત્ર યોજવા માટે મુખ્ય પ્રધાન અશોક ગહલોત પાછલા બે સપ્તાહથી પ્રયત્ન કરી રહ્યા હતા અને એમણે આ મામલે ચાર વખત રાજ્યપાલ સાથે બેઠક પણ યોજી હતી. આ અગાઉ સરકારે ત્રણ વખત મોકલાવેલા પ્રસ્તાવ રાજ્યપાલે નકાર્યા હતા. રાજ્યપાલના મતે કોવિડ-૧૯ને ધ્યાનમાં લઈને ઓછામાં ઓછી ૨૧ દિવસની નૉટિસ આપ્યા બાદ જ સત્ર બોલાવાય તો તેઓ મંજૂરી આપવા તૈયાર હતા. આ સાથે સત્ર દરમિયાન કેન્દ્ર સરકારની કોવિડ-૧૯ માટેની માર્ગદર્શિકાનું સખતાઈથી પાલન કરવાના નિર્દેશ પણ રાજ્યપાલે ગહલોતને મૌખિક રીતે આપ્યા હોવાની વાત જાણવા મળી હતી. ગહલોત જ્યારે સત્ર યોજવાનો પ્રસ્તાવ લઈને રાજ્યપાલ પાસે ગયા ત્યારે એમણે ગહલોતને સવાલ કર્યો હતો કે શું તેઓ વિશ્વાસ મત મેળવવા માગે છે અને જો એમ હોય તો ૨૧ દિવસ રાહ જોવાની જરૂર નથી. વિશ્વાસ મત માટે તો સત્ર તુરંત બોલાવવાની પરવાનગી આપવાની તૈયારી બતાવી હતી, પણ કૉંગ્રેસ અવઢવમાં હોવાથી એમણે આ વાત નકારી હતી.

## રાજસ્થાન ટેપ કાંડ: બાગી ધારાસભ્ય ભંવરલાલે HCમાં દાખલ કરાવી ત્રણ અરજીઓ

જયપુર : રાજસ્થાનની રાજકીય યુદ્ધ હાલ કોર્ટમાં લડાઈ રહ્યું છે. સચિન પાયલટ જૂથના વધુ એક ધારાસભ્યે રાજસ્થાન હાઈકોર્ટમાં ત્રણ અરજીઓ નોંધાવી છે. કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા ધારાસભ્ય ભંવરલાલ શર્માએ આજે હાઈકોર્ટમાં એસઓજી દ્વારા જે એફઆઈઆર નોંધાવવામાં આવી છે તેને રદ કરવાની માંગને લઈ અરજી કરી છે. બાગી ધારાસભ્ય ભંવરલાલ શર્મા તરફથી જે અરજી દાખલ કરવામાં આવી છે તેમાં એસઓજીમાં નોંધાયેલી બે એફઆઈઆર અને એસીબીની એફઆઈઆરને રદ કરાવવા સાથે એસઓજીમાં નોંધાયેલી એફઆઈઆર મામલે એનઆઈએ દ્વારા તપાસ કરાવવાની માંગ કરવામાં આવી છે. વકીલ એસએસ હોરાએ આ અરજીઓને દાખલ કરી છે. જાણવા મળ્યા મુજબ બાગી ધારાસભ્ય ભંવરલાલ શર્માની બે અરજીઓ પર ૪ ઓગષ્ટના રોજ સુનાવણી થશે.

# ભારત અમારી કંપનીઓ પરના પ્રતિબંધ નહીં હટાવે તો જોઇ લઇશું : ચીનની ધમકી

**• ચીની એપ પર ભારતના પ્રતિબંધથી ડ્રેગન ધૂંઆપૂંઆ**

બેઈજિંગ : ભારતે ચીનની વધુ ૪૭ મોબાઈલ એપ્લિકેશન પર પ્રતિબંધ મુકી દીધો છે. અગાઉ પણ અનેક એપ્લિકેશન પર ભારતમાં પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો. સરહદે તંગદીલી વચ્ચે કેન્દ્ર સરકારે આ પગલુ ભર્યુ છે. જોકે તેને કારણે ચીનના પેટમાં તેલ રેડાયું છે. ચીને ધમકી આપતા કહ્યું છે કે અમારી કંપનીઓના હિતોને સાચવવા માટે આગામી પગલા ભરવામાં આવશે.

સોમવારે જ ભારતે આ ૪૭ એપ્લિકેશન પર પ્રતિબંધ મુક્યો છે ને બીજા જ દિવસે ચીને તે અંગે નિવેદન જારી કર્યુ હતું. આ પહેલા ૨૯મી જુને ચીન દ્વારા ચીનની ૫૯ મોબાઈલ એપ્લિકેશન પર પ્રતિબંધ મુકી દીધો હતો.

જ્યારે ચીનથી આવતા દરેક માલ સામાનની યોગ્ય ચકાસણી કરવાના આદેશ પણ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ચીની કંપનીઓને કેટલાક સરકારી કોન્ટ્રાક્ટમાંથી પણ દુર રાખવામાં આવી છે. ભારતે આર્થિક મોરચે ચીન સામે બાથ ભીડી છે જેને પગલે હવે ચીનના પેટમાં તેલ રેડાવા લાગ્યું છે. ગુરૂવારે ચીનની ભારત સ્થિત એમ્બેસીના પ્રવક્તા જી રોંગે જણાવ્યું હતું કે ભારત સરકાર અમારી કંપનીઓના હિતોનું રક્ષણ કરવા માટે જવાબદાર છે. ભારતમાં જે પણ આંતરરાષ્ટ્રીય રોકાણકારો છે તેમનું રક્ષણ કરવાની જવાબદારી પણ ભારત સરકારની છે અને આ દેશોમાં ચીન પણ સામેલ છે. ભારતે માર્કેટના જે સિદ્ધાંતો છે તેનું પાલન કરવું પડશે તેવી ધાક ધમકી પણ ચીને આપી હતી. આ સાથે જ ચીનની એમ્બેસીના પ્રવક્તાએ એવો પણ દાવો કર્યો હતો કે અમે ભારતની સરકાર સમક્ષ આ મામલો ઉઠાવ્યો છે અને જે પગલા લેવામાં આવ્યા તે ખોટા છે તેવી રજુઆત પણ કરી છે.

## USમાં હોસ્પિટલની બહાર ભારતીય મૂળની નર્સની ચાકુના ઘા મારી હત્યા

વોશિંગ્ટન : એક ભારતીય મૂળની નર્સને હોસ્પિટલની બહાર જ ચાકુના અનેક ઘા મારીને હત્યા કરી દેવાઇ હતી. પાછળથી એક વાહન સાથે અથડાઇ હતી. દક્ષિણ ફલોરિડાની પોલીસ આ હત્યાને ઘરેલુ હિંસા ગણાવે છે. કેરળની ૨૬ વર્ષની મેરિન જોયને મંગળવારે કોરલ હોસ્પિટલની બહાર અનેક ઘા મારવામાં આવ્યા હતા જેના કારણે તેનું મોત થયું હતું. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે મૃતક યુવતી હોસ્પિટલમાંથી બહાર નીકળી ત્યારે તેને ચાકુના અનેક ઘા મારવામાં આવ્યા હતા. હત્યારાએ પહેલા તો એને પાછળથી પકડી હતી અને પછી ચાકુના ઘા કર્યા હતા. હત્યારો ચાકુના ઘા કરીને ભાગી ગયો હતો ત્યાર પછી જો એક ટ્રક સાથે અથડાઇ હતી.પોલીસ આ ઘટનાને ઘરેલુ ઝગડા સાથે મેળવીને જુએ છે. તેમનું કહેવું હતું કે ઘરેલુ ઝઘડાના કારણે જોને ઘા કરવામાં આવ્યા હશે.

## મલેશિયાના પૂર્વ પીએમ નજીબને ૧૨ વર્ષની જેલ : ૪.૯૪ કરોડ ડોલરનો દંડ

કુઆલાલપુર : મલેશિયાના પૂર્વ વડા પ્રધાન નજીબ રઝ્ઝાક સામેના કરોડો ડોલરના સરકારી પૈસાના ભ્રષ્ટાચારના કેસમાં કસુરવાર ઠેરવતા મલેશિયાની એક અદાલતે તેમને ૧૨ વર્ષની જેલ અને ૪.૪૯ કરોડ ડોલરના દંડની સજા ફટકારી હતી. આ ભ્રષ્ટાચારના કારણે બે વર્ષ પહેલાં તેમને સરકાર પડી ગઇ હતી. જો કે નજીબે દર ગુનેગારની જેમ પોતે નિર્દોષ હોવાનું રટણ કર્યુ હતું અને આ ચૂકાદાને પડકારવા કહ્યું હતું. ભ્રષ્ટાચારના આરોપસર સજા ભોગવનાર તેઓ પ્રથમ વડા પ્રધાના બન્યા છે. જજ મોહમ્મદ મઝલાન ગઝાલીએ નજીબને સત્તાના દુરૂપયોગ બદલ દસ વર્ષ, વિશ્વાસઘાત બદલ ૧૦ વર્ષ અને મની લોન્ડરિંગના આરોપસર ૧૦ વર્ષની સજા ફટકારી ૪.૪૯ કરોડ ડોલરનો દંડ પણ ફટકાર્યો હતો. પરંતુ જજે આ સજા સળંગ ભોગવાવનો ઓર્ડર કરતાં નજીબને સળંગ ૧૨ વર્ષ સુધી જેલમાં જ રહેવું પડશે. જજે કહ્યું હતું કે નજીબે વડા પ્રધાનપદનો દુરૂપયોગ કરી એટલો માટો અપરાધ કર્યો હોવાથી આ સજા તેમના માટે યોગ્ય અને પ્રમાણસરની છે.

# ભાઈ - બહેનના પ્રેમના પ્રતિકનો ઉત્સવ એટલે 'રક્ષાબંધન'

ભારતીય સંસ્કૃતિમાં તહેવારો અને વ્રતોનું મહત્વ અનેકાનેક સદીઓથી ચાલતું આવ્યું છે. આપણા વ્રતો અને તહેવારો ધાર્મિક અને આધ્યાત્મિક પરંપરા સાથે સંકળાયેલા છે. શ્રાવણી પૂર્ણિમાને સમગ્ર ભારત વર્ષ 'રક્ષાબંધન'ના પવિત્ર પર્વ તરીકે ઉજવે છે. શ્રાવણ સુદ - પૂનમને નારિયેળી પૂનમ પણ કહેવાય છે. શ્રાવણી પૂર્ણિમા એટલે ત્રણ તહેવારોનો સંગ. ભાઈ-બહેનના પ્રેમના પ્રતિકનો ઉત્સવ. જ્ઞાન નિષ્ઠ બ્રાહ્મણોને જનોઈ બદલવાનો ઉત્સવ અને વેપારીઓનો સમુદ્રપૂજન કરવાનો ઉત્સવ.



શ્રાવણી પૂર્ણિમા એટલે ત્રણ તહેવારોનો સંગ. ભાઈ-બહેનના પ્રેમના પ્રતિકનો ઉત્સવ. બ્રાહ્મણોને જનોઈ બદલવાનો ઉત્સવ અને વેપારીઓનો સમુદ્રપૂજન કરવાનો ઉત્સવ

રક્ષાબંધનનો તહેવાર એટલે આજના સમય પ્રમાણે તેને સિસ્ટર્સ ડે. રક્ષાબંધન એ ભાઈ અને બહેનના પ્રેમ અને પરાક્રમના મિલનનું પર્વ છે. પરાક્રમી ભાઈની રક્ષા માટે બહેન પોતાના ભક્તિભીના હૃદયથી વણાયેલા પ્રેમના તાંતણાથી ભાઈના હાથે રક્ષાસૂત્ર બાંધે છે. જ્યારે સતત યુદ્ધો થતાં હતાં અને તલવાર યુગ ચાલતો હતો. ત્યારે બહેનની રક્ષા ભાઈ માટે રક્ષાકવચ સાબિત થતું હતું. કાંડા ઉપર એક દોરો બાંધીને બહેન ભાઈની રક્ષા માટે પ્રભુને પ્રાર્થના કરતી અને સાચા દિલથી કરેલી પ્રાર્થના ભગવાન સાંભળતા અને આજે પણ સાંભળે છે.

ભવિષ્ય પુરાણમાં રક્ષાબંધનની પૌરાણિક કથા આ રીતે વર્ણવામાં આવી છે. એક વખત દેવ અને દાનવોનો બાર વર્ષ સુધી મહાસંગ્રામ થયો હતો. એમાં દાનવોએ ઈન્દ્ર સહિત સર્વ દેવોને જીતી લીધા, પરંતુ ઈન્દ્ર સહિત તમામ દેવો ફરીથી દાનવો સાથે યુદ્ધ કરવા તત્પર થયા. તે સમયે ઈન્દ્રાણીએ પોતાના પતિ ઈન્દ્રને રક્ષાબંધન પર્વનો મહિમા સમજાવી રક્ષા બાંધી હતી. જેના પ્રતાપથી તેઓ દાનવોને પરાજિત કરી ફરીથી શ્રેષ્ઠ દેવ બની ગયા.

શાસ્ત્રોમાં રક્ષાબંધન અંગે બીજો પ્રસંગ એવો પણ છે કે, બલિરાજાએ ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને વશ કરી લીધા હતા. ત્યારે તેમને છોડાવવા માટે લક્ષ્મીજીએ બલિરાજાને રાખડી બાંધીને પોતાનો ભાઈ બનાવ્યો અને ભગવાનને છોડાવ્યા હતા. ચાલુ વર્ષે રક્ષાબંધનનો પર્વ ત્રીજી ઓગષ્ટ સોમવારે છે.

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

Available on the App Store

GET IT ON Google Play

હવે APP STORE તથા PLAY STORE પરથી

SWADESH NEWS

ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર INSTALLED કરી ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 I SWADESH 24x7

# વિશ્વમાં કોરોનાના કેસોનો આંકડો ૧.૭૨ કરોડ થયો

## સમગ્ર વિશ્વમાં સારવાર બાદ સાજા થનાર કોરોના દર્દીઓની સંખ્યા એક કરોડને પાર

**• અમેરિકામાં મૃત્યુઆંક ૧,૫૩,૦૦૦ અને બ્રાઝિલમાં ૯૦, ૧૮૮ લોકોના મોત નીપજ્યા**

વોશિંગ્ટન : અમેરિકામાં કોરોના ફરી વકર્યો હતો અને તેનું બિહામણું રૂપ ધારણ કર્યુ હતું. ૨૯મીએ બુધવારે દર એક મિનિટે કોરોનાનાં એક દર્દીનું મોત થયું હતું. પરિણામે મૃત્યુઆંક ૧,૫૩,૦૦૦ને પાર થઈને ૧,૫૩,૮૮૮ થયો હતો. કોરોનાનાં કુલ સંક્રમિતોની સંખ્યા ૪૫,૭૦,૧૨૫ થઈ હતી. છેલ્લા ૨૪ કલાકમાં નવા ૬૬,૯૨૧ કેસ નોંધાયા હતા અને ૧૪૮૫નાં મોત થયા હતા.

બ્રાઝિલમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૧,૦૦૦ કેસો નવા નોંધાયા છે તો મરણાંક ૧૨૧૧ થયો છે. બ્રાઝિલમાં કુલ કેસોની સંખ્યા ૨૫,૫૫,૫૧૮ થઈ છે અને કુલ મરણાંક ૯૦, ૧૮૮ થયો છે. ત્યારે બીજી બાજુ કોરોના મહામારીનાં છ મહિના પછી સારવાર બાદ સાજા થનારા દર્દીઓની સંખ્યા ૧ કરોડને પાર કરી ગઈ છે. વિશ્વમાં કોરોનાનાં કુલ દર્દીઓની સંખ્યા ૧,૬૬,૮૭,૮૮૫ થઈ છે જ્યારે ૬,૭૧,૨૧૬ લોકોએ જીવ



ગુમાવ્યો છે. જ્યારે ૧,૦૭,૮૦,૨૮૬ લોકોની તબિયત સારવાર પછી સુધરી છે. ૫૭,૫૮,૦૪૨ કેસ સક્રિય છે. ૨૪ કલાકમાં દુનિયામાં ૨,૧૮, ૩૦૭ કેસ નોંધાયા હતા જ્યારે ૪૨૦૦નાં મોત થયા હતા.

એક અઠવાડિયા અગાઉ બ્રાઝિલનો મરણાંક ૭૮,૭૦૦ હતો. એક અઠવાડિયામાં આશરે ૮૦૦૦ કોરોનાના કેસોનો મરણાંક વધ્યો છે. સામે ૧.૬ મિલિયન લોકો સાજા પણ થયા છે તેમ આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું. ઉત્તર કોરિયામાં દક્ષિણ કોરિયાની સરહદે આવેલા કાઈસોંગ શહેરમાં લોકડાઉન લાદવામાં આવ્યો છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને જણાવ્યું હતું કે દક્ષિણ કોરિયામાંથી એક વ્યક્તિ ઉત્તર કોરિયામાં ઘૂસી આવ્યો છે. જે કોરોનાનો દર્દી છે. આ વ્યક્તિના આગમનને પગલે શુક્રવારથી લોકડાઉન લાદવામાં આવ્યું છે. કોરિયન સેન્ટ્રલ ન્યુસ એજન્સીએ જણાવ્યું હતું કે કોરોનાનો શંકાસ્પદ દર્દી દક્ષિણ કોરિયાથી નાસીને ગયા સપ્તાહે ઉત્તર કોરિયામાં આવ્યો છે. હાલ આ વ્યક્તિ ક્વોરન્ટાઈનમાં છે. જે લોકો છેલ્લા પાંચ દિવસમાં આ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય તેમને પણ ક્વોરન્ટાઈનમાં મુકવામાં આવ્યા છે. કાઈસોંગ લોકડાઉન આ મહામારીમાં ઉત્તર કોરિયા દ્વારા લેવાયેલું પહેલું પગલું છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર જો ઉત્તર કોરિયામાં કોરોના મહામારી ફેલાય તો તેના ગંભીર પરિણામો આવે તેમ છે કેમ કે ત્યાં આરોગ્ય સેવાનું માળખું બિસ્માર છે અને દવાઓ મળતી નથી. ચીન સાથે લાંબી સરહદ ધરાવતાં ઉત્તર કોરિયામાં કોરોનાનો એક પણ કેસ ન હોવાના દાવાને પણ તેઓ સાચો ગણતાં નથી.

## બ્રાઝિલે વિદેશી પ્રવાસીઓ માટે ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરી

બ્રાઝિલમાં કોરોનાનાં કેસમાં સતત વધારો થતો હોવા છતાં વિદેશી પ્રવાસીઓ માટે તેણે ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરી છે. જે લોકો બ્રાઝિલની ટ્રીપ દરમિયાન હેલ્થ વીમો ધરાવતા હશે તેઓ બ્રાઝિલમાં ટ્રાવેલ કરી શકશે. કોરોના સંક્રમણમાં અમેરિકા પછી બ્રાઝિલ બીજો દેશ છે જયાં ૨૫,૫૫,૫૧૮ કેસ નોંધાયા છે અને ૯૦, ૧૮૮ લોકો કોરોનાનાં ખપ્પરમાં હોમાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૦,૮૬૯ કેસ નોંધાયા છે અને ૧૫૫૪ લોકોએ જીવનલીલા સંકેલી છે.

## રશિયા ૧૦-૧૨ ઓગસ્ટે સૌ પહેલાં કોરોના વેક્સિન રજિસ્ટર્ડ કરાવશે

મોસ્કો : કોરોના મહામારીના કારમે સમગ્ર વિશ્વમાં લાખો લોકોને માર્યા ગયા છે અને આર્થિક પ્રવૃત્તિઓ સાવ બંધ જેવી થઈ ગઈ છે. વિશ્વના સુપર પાવર અમેરિકા જેવા દેશથી લઈને પ્રગતિશિલ ભારત સહિતના તમામ દેશોમાં આ જીવલેણ બીમારીએ હોબાળો મચાવ્યો છે. બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર રશિયા ૧૦-૧૨ ઓગસ્ટ સુધીમાં કોરોના વેક્સીનને રજિસ્ટર્ડ કરાવવાની યોજના બનાવી રહ્યું છે. રશિયન નિષ્ણાંતો તેને દુનિયામાં કોરોનાની પહેલી રસી હોવાનું દાવો કરી રહ્યા છે.

## યુએસમાં કોરોનાની વેક્સિનનું ૩૦,૦૦૦ લોકો પર પરિક્ષણ

વોશિંગ્ટન : અમેરિકામાં ૩૦,૦૦૦ લોકોને કોરોનાની વધુ એક વેક્સીન આપવાનું કાર્ય ચાલી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કોરોનાની વેક્સીન માટેનો આ અત્યાર સુધીનો સૌથી મોટો ટેસ્ટ છે. આ ફાઈનલ ટેસ્ટ છે અને તેને વિવિધ સંક્રમિત ઝોનમાં વસતા લોકા પર કરવામાં આવી રહ્યો છે.

આ વેક્સીન અંગે અત્યાર સુધી કોઈ દાવો કરવામાં આવ્યો નથી. જે લોકોને આ વેક્સીન આપવામાં આવી છે તેમના પર આ વેક્સીન અને તેના ડમી ડોઝની શું અસર થશે તે અંગેની માહિતી તેમની ઝીણવટભરી તપાસ કરવામાં આવ્યા પછી જ આપવામાં આવશે. અમેરિકામાં કોરોનાથી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકોને આ વેક્સીન આપવામાં આવી છે. નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ હેલ્થ અને મોડર્ના કંપની દ્વારા સંયુક્તપણે આ વેકસીન તૈયાર કરવામાં આવી છે. આ વેકસીનના બે ડોઝ પછી વૈજ્ઞાનિકો નક્કી કરશે કે જે લોકોને આ વેકસીન આપવામાં આવી છે તેમના પર તેની શું અસર થઈ છે. આ વેકસીન તેના અંતિમ પરિક્ષણમાં છે. અત્યાર સુધી જેટલા પણ પરિક્ષણ કરવામાં આવ્યા છે તેમાં આ વેકસીનના ખૂબ જ સારા પરિણામો જોવા મળ્યા છે. મનુષ્ય પર આ વેકસીનની કોઈ ઘાતક અસર જોવા મળી નથી. ઉલ્લેખનીય છે કે અમેરિકાની સરકાર ઈચ્છે છે કે તેમના દેશમાં કોરોના સામે લડવા માટેની જેટલી પણ વેકસીન વિકસિત કરવામાં આવે તેનું પરિક્ષણ અમેરિકાના લોકો પર જ કરવામાં આવે છે.

## ફ્રાન્સ સરકારની નવી યોજના, ટેસ્ટિંગ થશે તદ્દન મફત

વિશ્વમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે ત્યારે ફ્રાન્સે ટેસ્ટિંગની ઝડપ વધારવા એક મોટો નિર્ણય લીધો છે. ફ્રાન્સના સ્વાસ્થ્ય મંત્રી ઓલિવર વેરને એક અગત્યની જાહેરાત કરી છે. તેમના કહેવા પ્રમાણે હવે કોરોનાનું ટેસ્ટિંગ તદ્દન મફતમાં થશે અને જેમણે પૈસા ચુકવીને ટેસ્ટ કરાવ્યો છે તેમને ટેસ્ટની ફી પાછી આપી દેવામાં આવશે. સરકારના આ પગલાનો ઉદ્દેશ્ય દેશમાં કોરોનાના દર્દીઓને ઓળખીને મહામારી ફેલાતી અટકાવવાનો છે.

## દક્ષિણ આફ્રિકાના દાનવીર ભાઇઓ કોરોનાનો ભોગ બન્યા

દક્ષિણ આફ્રિકાના ભારતીય સમુદાયના વિસ્તાર લેનાસિયા શહેરમાં સમાજ સેવા માટે જાણીતા ભારતીય મૂળના બે દાનવીર ભાઇઓ કોરોનાના ભોગ બન્યા હતા. સાબિરીયા ચિશ્તી સોસાયટીના ચેરમેન અને પ્રમુખ અબ્બાસ સૈયદ અને ઉસ્માન સૈયદ શુક્રવાર અને શનિવારે ગુજરી ગયા હતા.તેમને બાજુ બાજુમાં દફનાવવામાં આવ્યા હતા. અબ્બાસ સૈયદ નાના હતા ત્યારે અજમેર શરીફને મુલાકાત પછી તેમણે માનવ સેવાની શરૂઆત કરી હતી.

## અમેરિકામાં કોરોનાથી દોઢ લાખથી વધુના મોત

ન્યૂયોર્ક : અમેરિકામાં કોરોનાએ અત્યાર સુધીમાં દોઢ લાખથી વધુ લોકોનો ભોગ લીધો હતો. કોરોનાના કેસ પણ આખી દુનિયા કરતાં અમેરિકામાં વધુ થયા હતા. સત્તાવાર આંકડા મુજબ અમેરિકામાં કોરોનાના ૪૫ લાખથી વધુ કેસ નોંધાયા હતા. માત્ર ચાર માસ પછી નવેંબરમાં અમેરિકી પ્રમુખની ચૂંટણી થવાની છે. અત્યારે સંજોગો એવા છે કે હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની અદમ્ય ઇચ્છા હોવા છતાં ફરી ચૂંટાય એવી શક્યતા ઓછી હોવાનું રાજકીય સમીક્ષકો માનતા હતા. મૃત્યુના અને બીમારોના આંકડા જ્હૉન હોપકિન્સ યુનિવર્સિટીએ જાહેર કર્યા હતા. ટીકાકારોની દલીલ એવી હતી કે અમેરિકા વિશ્વની ટોચની મહાસત્તા ગણાતી હોવા છતાં અને અમેરિકી સરકાર સાધન સંપન્ન હોવા છતાં અને વિશ્વની શ્રેષ્ઠ હૉસ્પિટલો અહીં હોવા છતાં આ સ્થિતિ હોય તો વિકાસશીલ દેશોની સ્થિતિ કેવી હોય? વર્લ્ડોમીટરના આંકડા મુજબ અમેરિકામાં કોરોનાથી થયેલા મૃત્યુનો આંકડો દોઢ લાખથી વધી ગયો હતો. ચોવીસ કલાકમાં અમેરિકામાં કોરોનાના પચાસ હજાર કેસ નવા આવ્યા હતા.

## વેક્સિન માટે ૩૭૦૦થી ૪૫૦૦ ચૂકવવા પડશે

અમેરિકામા તેયાર થયેલી કોરોનાની રસી મોંઘા ભાવે મળશે. એક રિપોર્ટ અનુસાર, અમેરિકાની કંપની મોડર્ના પોતાની વેક્સિનના એક ડોઝ માટે ૩૭૦૦થી ૪૫૦૦ રૂપિયા સુધીનો ભાવ વસુલવાની યોજના બનાવી રહી છે. મોડર્ના વેક્સિનનો પ્રસ્તાવિત ભાવ Pfizer અને BioNTechની કોરોના વેક્સિનની સામે લગભગ ૮૦૦ રૂપિયા વધારે છે. મોડર્ના કંપની પોતાની વેક્સિનના બે ડોઝ માટે ૩૭૦૦ થી ૪૫૦૦ રૂપિયા સુધીના ભાવ લઇ શકે છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાની Pfizer ને તેના જર્મન પાર્ટનર Pfizerની રસીને લઇને લગભગ ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની ડીલ થઇ છે. આ પ્રોજેક્ટ હેઠળ ૫ કરોડ લોકોને કોરોના રસી આપવાની યોજના છે. જો કે, લોકોની રસી ત્યારે જ મળશે ત્યારે વેક્સીન તેના છેલ્લા સ્ટેજમા અસરકારક અને સુરક્ષિત સાબિત થાશે. મૉડર્ના અમેરિકા અને બીજા વધુ આવકવાળા દેશો પાસેથી રસી માટે ૩૭૦૦ થી ૪૫૦૦ રૂપિયા સુધીનો ભાવ લઇ શકે છે. કંપનીના પ્રવક્તાએ કહ્યુ કે, વેક્સિનની સપ્લાઇ માટે અમેરિકાની સરકાર સાથે ચર્ચા ચાલી રહી છે.

## મેક્સિકોમાં ચોવીસ કલાકમાં કોરોનાના ૭ હજાર નવા કેસ : ૮૫૪નાં મોત થયા

વોશિંગ્ટન : કોરોનાનો કારમો ભોગ બનેલા અમેરિકામાં છેલ્લાં ૧૧ દિવસમાં ૧૦ હજાર લોકોનાં મોત સાથે કુલ મોતનો આંકડો ૧.૫૨ લાખને પાર પહોંચ્યો છે. ટેક્સાસમાં ચાલુ મહિનામાં જ ૪૦૦૦ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. દુનિયાભરમાં ૧.૬૯ કરોડ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો છે તથા અત્યાર સુધી ૬.૬૪ લાખ લોકો મરણને શરણ થયા છે. મેક્સિકોમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૭ હજાર કરતા વધારે કેસ સામે આવ્યાં છે તથા ૮૫૪ લોકોના મોત થયા હતા. સાઉદી અરબમાં ચુસ્ત નિયમોના પાલનની વચ્ચે હજ શરૂ થઈ છે.ચીનમાં ફરી વાર કોરોનાએ દેખા દીધી છે. ૨૯ જુલાઈએ ચીનમાં કોરોનાના ૧૦૧ કેસ સામે આવ્યા હતા. ઈઝરાયેલમાં પહેલી વાર એક જ દિવસમાં ૨૩૦૮ નવા કેસ સામે આવ્યાં હતા. ઈટાલીમાં કોરોનાના કેસની વધી રહેલી સંખ્યાની વચ્ચે વડાપ્રધાન ગ્યુસેપ કોન્ટેએ દેશમાં ૧૫ ઓક્ટોબર સુધી લોકડાઉન વધારવાની જાહેરાત કરી છે. અને ૩૫ હજાર કરતા વધારે લોકોના મોત થયા છે. અમેરિકી બાયોટેક કંપની મોડેર્નાની કોરોનાની રસીનું વાંદરા પર પરીક્ષણ કરાયું હતું.

## ફ્રાન્સમાં ટેસ્ટ ફ્રી, વિયેતનામમાં ૮૦ હજાર પ્રવાસીઓને નિકાલ કરાયાં

વોશિંગ્ટન : દુનિયાભરમાં કોરોના મહામારી દિનપ્રતિદિન ઘાતક બની રહી છે. કોરોનાને નાથવા દુનિયાભરની સરકારો જાતજાતના ઉપાયો કરી રહી છે. વિયેતનામમાં સોમવારે 3 કેસ સામે આવતાં સરકાર એક મહત્ત્વનો નિર્ણય કરીને દેશમાંથી ૮૦ હજાર પ્રવાસીઓને દેશનિકાલ કરી દીધા હતા. ફ્રાન્સમાં કોરોનાને કાબૂમાં લેવા માટે સરકારે તમામ નાગરિકો માટે કોરોના વાઇરસનો ટેસ્ટ ફ્રી કરી દીધો છે. ફ્રાન્સના આરોગ્યપ્રધાન ઓલિવર વેરને જણાવ્યું કે હવે દેશનો કોઈ પણ નાગરિક મફતમાં કોરોનાનો ટેસ્ટ કરાવી શકશે અને જેમણે પૈસા આપીને કોરોનાનો ટેસ્ટ કરાવ્યો છે તેમને પૈસા પાછા આપવામાં આવશે. તેમણે કહ્યું કે દેશમાં વધી રહેલા કોરોનાના કેસને ધ્યાનમાં લઈને સરકારે આ નિર્ણય કર્યો છે. ફ્રાન્સમાં કોરોનાના ૮૦ હજાર કરતાં વધારે કેસ છે અને અત્યાર સુધી 30 હજાર લોકોનાં મોત થયાં છે તો અમેરિકામાં ટ્રમ્પના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રોબર્ટ ઓબ્રાયન કોરોના પોઝિટિવ થયા છે. વ્હાઈટ હાઉસે આ સમાચાર જાહેર કર્યા હતા અને હવે તેઓ ઘેરથી કામ કરશે.

## સાઉદી સરકારે હજયાત્રામાં વિદેશી યાત્રીઓ પર પ્રતિબંધ લાદ્યો

મક્કા : તમામ ફિરકાના મુસ્લિમો જેને સૌથી વધુ પવિત્ર કાર્ય ગણે છે અને દરેક મુસ્લિમ માટે જીવનમાં એક વાર જે કરવાનું જરૂરી ગણાયું છે એ હજયાત્રાને કોરોનાએ મુશ્કેલ બનાવી હોવાના અહેવાલ મળ્યા હતા. દર વરસે શિયા, સુન્ની, અહમદિયા, બહાઇ, દેવબંદ ઇત્યાદિ ઇસ્લામના તમામ ફિરકાના મુસ્લિમો હજ કરે છે. એક અંદાજ મુજબ વરસે પચીસ લાખ મુસ્લિમો હજ કરતા હોય છે. પરંતુ આ વરસે હજયાત્રા કોરોના વાઇરસના પગલે મુશ્કેલ બની હતી. આ સંદર્ભમાં લેટેસ્ટ માહિતી મુજબ સાઉદી અરેબિયાએ વિદેશી હજયાત્રીઓ પર પ્રતિબંધ લાદ્યો હતો. આમ તો ૧૪ દિવસ ક્વોરન્ટાઇનમાં રહીને બુધવારે નાના નાના જૂથમાં માસ્ક પહેરેલા યાત્રીઓએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવીને હજયાત્રાનો લાભ લીધો હતો. ૧૪૦૦ વર્ષ પહેલાં હજરત મુહમ્મદ પયગંબર (સ.અ.વ.) જે માર્ગે પસાર થયા હતા એ જ માર્ગે હજયાત્રા કરવાની પરંપરા છે. તમામ ફિરકાના મુસ્લિમો પરસ્પરના મતભેદો ભૂલીને મક્કા મદીનામાં સાથે રહે છે અને ઇબાદત કરે છે. આ વખતે હજયાત્રીઓ માટે સાઉદી અરેબિયાએ કડક નિયમો અને પ્રતિબંધો લાદ્યા હતા. માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગ ફરજિયાત હોવાની ઔપચારિક જાહેર કરવામાં આવી હતી.

## અનુસંધાન પાના ૪નું ચાલુ : ભારતીય શિક્ષણ પદ્ધતિમાં

કે માતૃ ભાષામાં ભણાવવામાં આવશે. છઠ્ઠા ધોરણ પછી જ વોકેશનલ એજ્યુકેશનની શરુઆત કરવામાં આવશે. આમ તો નવી શિક્ષણ નીતિ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી અગાઉના ભાજપના ચૂંટણી ઢંઢેરાનો ભાગ છે. પૂર્વ કેબિનેટ સચિવ ટીએસઆર સુબ્રમણ્યમના નેતૃત્ત્વમાં નવી શિક્ષણ નીતિની સમીક્ષા કરવા માટે એક સમિતિની રચના કરાઈ હતી. આ સમિતિએ મે, ૨૦૧૬માં પોતાનો રિપોર્ટ સુપ્રત કર્યો હતો. આ અહેવાલને આધારે મંત્રાલયે 'સમ ઈન્પુટ્સ ફોર ધ ડ્રાફ્ટ નેશનલ એજ્યુકેશન પોલિસી, ૨૦૧૬' તૈયાર કરી હતી. ત્યારબાદ ઈસરોના પૂર્વ વડા કે કસ્તુરીરંજનના નેતૃત્ત્વવાળી પેનલે નવી શિક્ષણ નીતિનો ડ્રાફ્ટ માનવ સંશાધન વિકાસ મંત્રાલયને સુપ્રત કર્યો હતો. ત્યારબાદ આ ડ્રાફ્ટ અંગે દેશના લોકોના મંતવ્ય જાણવા માટે તેમની પાસેથી સૂચનો માગવામાં આવ્યા હતાં. જેના સંદર્ભમાં એચઆરડી મંત્રાલયને બે લાખ સૂચનો મળ્યા હતાં.

નવી શિક્ષણ નીતિ હેઠળ શિક્ષણમાં ૧૦+૨ ફોર્મેટને પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. તેને ૧૦+૨ માંથી ૫+૩+૩+૪ ફોર્મેટમાં પરિવર્તિત કરવામાં આવશે. હવે શાળાના પહેલા પાંચ વર્ષમાં પ્રિ-પ્રાઈમરી સ્કુલના ત્રણ વર્ષ અને ધોરણ-૧ અને ૨ સહિત ફાઉન્ડેશન સ્ટેજમાં સામેલ થશે. બાકીના ૩ વર્ષને ધોરણ ૩ થી ૫ની તૈયારીના તબક્કામાં વિભાજિત કરવામાં આવશે. તે બાદમાં ત્રણ વર્ષ મધ્ય ચરણ (ધોરણ ૬ થી ૮ ) અને માધ્યમિક ચાર વર્ષ (૯ થી ૧૨) હશે. આ નીતિનો ઉદ્દેશ ભારતને ગ્લોબલ નોલેજ સુપરપાવર બનાવવાનો છે. મોદી સરકાર ભારતીયતાના નામે પહેલાં જ જ્યોતિષ, આયુર્વેદ વગેરેના અભ્યાસક્રમો સમાવી ચૂકી છે.

નવી શિક્ષણ નીતિની જાહેરાત બાદ આમ તો મોટો વિવાદ થયો નથી. તે જોતા દેશની આવનારી પેઢીને તેનાથી ફાયદો થાય તેવી આશા રાખી શકાય.

## અનુસંધાન પાના ૪નું ચાલુ : રાજસ્થાન કોંગ્રેસની ભવાઈમાં

હતી. શંકરસિંહે ભાજપનું બોર્ડ પતાવી નાખવાનું નક્કી કર્યું એ વખતે રાજ્યપાલ સરૂપસિંહ હતા. શંકરસિંહની બગાવતના કારણે ભાજપ સરકાર લઘુમતીમાં આવી ગઈ. સરૂપસિંહે ભાજપના મુખ્યમંત્રી સુરેશ મહેતાને વિશ્વાસનો મત લેવા કહ્યું હતુ. વિધાનસભાના સ્પીકર એચ.એલ. પટેલ બીમાર હતા તેથી ડેપ્યુટી સ્પીકર એવા કોંગ્રેસના ચંદુભાઈ ડાભીને સ્પીકરનો ચાર્જ હતો. સુરેશ મહેતા વિશ્વાસનો મત લેવાના હતા ત્યારે વિધાનસભામાં ભારે ધમાલ થયેલી. બેફામ ગાળાગાળી, આક્ષેપો અને છેવટે ધારાસભ્યો મારામારી પર ઊતર્યા હતા.

ડાભીને ગમે તે કારણસર ભાજપ પર હેત ઉભરાયેલું તેથી તેમણે ભાજપની તરફેણ કરી હતી. સુરેશ મહેતા વિપક્ષની ગેરહાજરીમાં વિશ્વાસનો મત જીતી ગયેલા. બીજી બાજુ બહાર નીકળેલા શંકરસિંહના સમર્થક ધારાસભ્યોને બીજા લોકોએ પણ કોંગ્રેસના ધારાસભ્યો સાથે મળીને બેફામ તોડફોડ કરેલી. પત્રકારોને પણ ઝૂડી નાખેલા.

સરૂપસિંહને તો દોડવું તું અને ઢાળ મળ્યો તેથી તેમણે રાજ્યમાં જંગલરાજ થઈ ગયું છે એવો રિપોર્ટ મોકલી આપ્યો હતો. કેન્દ્રમાં એ વખતે ત્રીજા મોરચાની કોંગ્રેસની આંગળિયાત સરકાર હતી. તેથી તેણે કોંગ્રેસના ઈશારે આ બહાને સુરેશ મહેતા સરકારને બરતરફ કરી નાખીને રાષ્ટ્રપતિશાસન લાદી દીધું હતુ. જે બાદ એક મહિના સુધી શકંરસિંહને ભાજપમાં ભેલાણ કરવાનો સમય આપી દેવાયો. શંકરસિંહે તેનો લાભ ઉઠાવીને ભાજપના ૪૬ ધારાસભ્યોને પોતાની તરફ કરી દીધા. મહિના પછી રાજ્યપાલે શંકરસિંહ વાઘેલાને સરકાર રચવા નોંતર્યા અને ગાદી પર બેસાડી દીધા. કલરાજ મિશ્રા પણ આ જ દાવ ખેલી રહ્યા હોય એવી પૂરી શક્યતા છે. મિશ્રા ૧૪મી ઓગષ્ટે વિધાનસભાનું સત્ર બોલાવવા તૈયાર થયા છે.

જો કે, તેને હજી ઘણાં દિવસો છે. તેથી પાયલટને ફાયદો થઈ શકે. ભાજપ પાઈલટને ઉની આંચ આવવા દેવા નથી માગતી. પાઈલટ અને તેના સાથીઓનું ધારાસભ્યપદ જાય નહીં અને સામે પાઈલટને કોંગ્રેસના કેમ્પમાં તોડફોડ કરવાની તક મળે તે રીતની બાજી ગોઠવાઈ રહી છે.


Call us today for all your Real Estate Needs
With Honest Reliable and Courteous Service

3642 Kingston Rd


$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers

1177 Pure Spring Blvd


$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen

25 Heron Park Pl


$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School .

12 Silverwood Circ


$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms

19 Rosebank Dr


$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted

192B Magnolia Ave


$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)


PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com


MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com


JAINIK JARIWALA
Sales Representative
416.206.6115

Designed by Swadesh- Gujarati News Paper

Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116, Toronto, ON. M1H 3B7
Century 21 Titans Realty Inc.
Our Listing Commission As Low As 1%*
Not Intended to Solicit those, currently under agency contract



શ્રી શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી - આણંદ- બોરસદ ગુજરાતવાળા
ઈટોબિકોક- ટોરંટો



શ્રાવણ માસ–શિવ માસ






તારીખ ૨૩-૭-૨૦૨૦ થી ૨૨-૮-૨૦૨૦ સુધી

મહા રૂદ્રાઅભિષેક અને હોમાત્મક લઘુ રુદ્રયજ્ઞ સર્વોમનોકામના પૂર્તિ માટે

શું તમારા દરેક કામમાં કોઈ મુશ્કેલી આવે છે, આપનો ભાગ્યોદય થવામાં વિલંબ થાય છે, શું આપ જે નોકરી કે વ્યવસાય કરો છો તેમા તમારી ઉન્નતિ બરાબર નથી થતી. શું આપના ઘરમાં લક્ષ્મી ટકતી નથી તો વિશિષ્ટ મહારુદ્રા અભિષેક પૂજા કરાવો



કથા, વાસ્તુ, બેબી શાવર, ગૃહ પ્રવેશ, નવચંડી, હોમાત્મક લઘુરુદ્ર, ગણેશ યાગ, ચાંડાલ યોગ, મૂળ નક્ષત્ર, આશ્લેષા, જેષ્ઠા, નક્ષત્રોની શાંતિ અને દરેક પ્રકારના હવન પૂજા વિધિ કરાવનાર જન્માક્ષર જોવડાવવા તથા નવા બનાવવાં માટે મળો



આપની કોઈપણ અંગત સમસ્યાઓનું નિવારણ સાધનાં અનુષ્ઠાનથી કરાવવામાં આવશે. મોબાઈલ, ઈમેલ અથવા રુબરુ મળી શકો છો...

દરેક પ્રકારનાં યંત્રો, ગ્રહોનાં નંગ, શિયાળ સિંગી, ઘોડાની નાળ, ગોમતી ચક્ર, સ્ફટિકમાળા, મુગાની માળા, રુદ્રાક્ષની માળા, વૈજંતી બીજની માળા, હકીકની માળા, તથા દક્ષિણા વતી શંખ, રતનજ્યોત, હથ્થા જોડી તથા દરેક પ્રકારનાં યંત્રો, શ્રી યંત્ર, મેરુપૃષ્ઠ શ્રી યંત્ર, તાંબાનો નાગ, શીશાનો નાગ, ચાંદીનો નાગ. દરેક પ્રકારનાની સમસ્યા પ્રકારની સમસ્યાનાં નિવારણ મૂજબ સાધનાં સામગ્રી પ્રાણપ્રતિષ્ઠિતવાળી મળશે

email : trivedi_ss@yahoo.com
Mobile : 647-770-5984

# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

**Dr. Salim Kapadia** DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.

FREE LASER WHITENING

- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FOR APPOINTMENT PLEASE CALL

**416-321-3268**

Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**

1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9

Hours: Monday-Friday 9:00am-8:00pm

Saturday 9:00am-5:00pm | Sunday as per request

# PANCHVATI SUPERMARKET

www.panchvatisupermarket.ca

સર્વે ભાઈ અને બહેનોને રક્ષાબંધનની શુભકામના

HAPPY

## Raksha Bandhan

રક્ષાબંધન નિમિત્તે રાખડી, મીઠાઈઓ, ગીફ્ટ બોક્સ તેમજ પૂજાની સામગ્રી મળશે તો આજે જ લાભ ઉઠાવો

| MISSISSAUGA | BRAMPTON | SCARBOROUGH | ETOBICOKE | AJAX |
|---|---|---|---|---|
| 169 Dundas St. E, Unit# 1 to 4, Mississauga, ON L5A 1W8 | 8814 The Gore Road, Unit 4-8, Brampton, ON L6P 0B1 | 2141 Ellesmere Road, Behind Scotia Bank Scarborough, ON M1G 3M6 | 3-45 Woodbine Downs Blvd, Etobicoke, ON M9W 6N5 | 18, Harwood Ave. South, Ajax, ON L1S 6N2 |
| Call : 905-232-3955 | Call : 905-794-5372 | Call : 416-439-9393 | Call : 416-213-9394 | Call : 905 426 2499 |